નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ-૨ : જેઠ-અષાઢ

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ વિજયતેતમામ્ ॥

નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૨

જેઠ - અષાઢ માસ

સંકલન - સંપાદન
શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપુર)

ચિત્ર સંકલન
શ્રી ગોવિંદ શંકરલાલ નાગદા (નાથદ્વારા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

Nikunjnayak Shrinathji (Ek Jhanki) - Volume II
by Mrs. Rekhaben Bharatbhai Rajpopat

નિકુંજનાયક શ્રીનાથજી (એક ઝાંખી) - ગ્રંથ : ૨

સંપાદક : શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ
કોપીરાઈટ © : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

મહેસાણા કાર્યાલય

'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

વિજયભાઈ એમ. દેસાઈ
C/o. કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૦૦૮૪ ● ફેક્સ : ૯૫-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ચૈત્ર વદ અગિયારસ, વિ.સં. ૨૦૫૮, તા. ૮ મે, ૨૦૦૨
પ્રત : ૩૦૦૦

દ્વિતીય આવૃત્તિ : વિ.સં.૨૦૬૭
પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય
રૂા.૩૫૦૦/-
(ગ્રંથશ્રેણીના ગ્રંથ ૧ થી ૬ માટે, ભારતમાં પોસ્ટેજ સહિત)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા, ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

❋ ગ્રંથાર્પણ ❋

ભક્તેચ્છાપૂરક શ્રીવલ્લભના
યુગલ ચરણકમલોમાં દીનભાવથી સમર્પણ
જેમણે આ અદ્ભુત સેવામાર્ગ પ્રકટ કરી આજ્ઞા કરી :
'કૃષ્ણ સેવા સદા કાર્યા ।'
એ સેવામાં પ્રભુના રાગ, ભોગ, શૃંગારની કંઈક સમજ આપતા
આ ગ્રંથના સર્જન માટે પ્રેરણા આપી, રતિ, મતિ અને શક્તિ
આપી, એવા શ્રીવલ્લભના યુગલ ચરણકમલોમાં દીનભાવે
દંડવત પ્રણામ કરી આ ગ્રંથ સાનુનય સમર્પિત કરું છું.

આપની કૃપાભિલાષી
રેખાબેન ભરતભાઈ રાજપોપટ

પ્રસ્તાવના

આ ગ્રંથ વિશે કંઈક

આપણા સૌના લાડીલા નિકુંજનાયક પ્રભુ શ્રીગોવર્ધનધરની વિવિધ વસ્ત્ર-શૃંગારમાં અલૌકિક ઝાંખી કરાવતી સચિત્ર ગ્રંથશ્રેણી 'નિકુંજનાયક શ્રીનાથજી - એક ઝાંખી'નો પ્રથમ ગ્રંથ ગયા વર્ષે પ્રકાશિત થયો ત્યારે વૈષ્ણવોએ તેને ખૂબ ઉમળકાથી આવકાર્યો. રૂબરૂમાં, ફોનથી, પત્રોથી એ ગ્રંથ માટે પોતાની અનહદ પ્રસન્નતા વ્યક્ત કરી. ગ્રંથના સંપાદકને, સંકલનકારને, ચિત્રકારને, ટાઈપ સેટીંગ કરનારને, મુદ્રકને, પ્રકાશકને તેમજ ગ્રંથ માટે કાર્ય કરનાર નામી-અનામી સૌને અનેકાનેક ધન્યવાદ આપ્યા. ગ્રંથના વિશેષ પ્રકાશનો માટે મંગલકામના વ્યક્ત કરી.

શ્રીઠાકોરજીની ગૃહ સેવા કરનાર વૈષ્ણવોને તેમની નિત્યની સેવામાં વસ્ત્ર, શૃંગાર, કીર્તન, સામગ્રી વગેરેની સમજ આપતો અને સેવા ન કરનાર વૈષ્ણવોને પણ નિત્ય મનથી ભાવન કરવા માટે ઉપયોગી આ ગ્રંથ સાચા અર્થમાં ઘરનું ઘરેણું સાબિત થયો. એ ગ્રંથમાં ચૈત્ર અને વૈશાખ માસની સેવા-શૃંગારની વિગતો સચિત્ર પ્રકાશિત થઈ હતી. વૈષ્ણવો તરફથી આ ગ્રંથશ્રેણીના બીજા ગ્રંથ માટે સતત માગણી થતી રહી. પ્રથમ ગ્રંથ પ્રકાશિત થયા પછી ૩-૪ માસમાં જ બીજો ગ્રંથ પણ સૌને આપી શકાય તેવી રીતે તેની તૈયારી પણ શરૂ કરી, પરંતુ ગ્રંથકાર્ય એટલું સમય માગી લે તેવું છે કે ઘણી ઈચ્છા હોવા છતાં ઝડપથી કાર્ય થઈ શક્યું નહિ. જો કે એ વાતનો સંતોષ છે કે જેઠ અને અષાઢ માસની વિગતોનો સમાવેશ કરતો આ બીજો ગ્રંથ જેઠ માસ શરૂ થાય તે પહેલાં આપને આપી શકાશે. મનોરથ તો એવો છે કે શ્રાવણ માસ શરૂ થાય તે પહેલાં ત્રીજો ગ્રંથ પણ પ્રકાશિત કરી સૌને મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી પરંતુ બલિયસિ કેવલમ્ ઈશ્વરેચ્છા. શ્રીપ્રભુ આ મનોરથ પાર પાડે તેવી તેમના ચરણોમાં અભ્યર્થના.

જેઠ અને અષાઢ માસના આ ગ્રંથમાં ઉષ્ણકાલીન અને વર્ષાકાલીન એમ બંને પ્રકારની સેવાની વિગતો સમાવિષ્ટ છે. જેઠ માસમાં પ્રભુ સુખાર્થે થતા ફૂલના શૃંગાર, નાવના મનોરથ, ચંદનના વાઘા વગેરેનાં તેમજ વર્ષાકાલમાં હિંડોળાનાં દર્શન આ ગ્રંથમાં થાય છે. તેને અનુરૂપ વસ્ત્ર, પિછવાઈ, શૃંગાર, કીર્તન, સામગ્રી આદિની માહિતી વૈષ્ણવોને ગૃહસેવામાં યત્કિંચિત માર્ગદર્શન આપશે તો આ ગ્રંથ પ્રકાશન માટેનો સૌનો શ્રમ સાર્થક થશે. સેવ્ય પ્રભુના સુખ માટે - તત્સુખ માટે જ આપણી સેવા હોય છે. એ માટે આ ગ્રંથ થોડોક પણ નિમિત્ત બનશે તો એ અમારું મહદ્ ભાગ્ય હશે.

મંદિરોમાં અને ગૃહસેવામાં, શ્રીપ્રભુની સન્મુખમાં અને ઓસરામાં, સવારે શ્રીપ્રભુ જાગે તે પહેલાંથી રાત્રે પોઢે ત્યાં સુધી કીર્તનગાન થાય છે. શ્રીમહાપ્રભુજીનાં, શ્રીગુસાંઈજીનાં, શ્રીયમુનાજીનાં જગાવવાનાં, ક્લેઉનાં, મંગલા સન્મુખનાં, ખંડિતાનાં, અભ્યંગનાં, શૃંગાર ઓસરાનાં, શૃંગારનાં, રાજભોગ આરોગવાનાં, છાકનાં, રાજભોગ સન્મુખનાં, બીડીનાં શીતકાલમાં હિલગનાં, ઉષ્ણકાલમાં ખસખાના, કુંજ, પનઘટ, ચંદન આદિનાં, સંધ્યા સમયે આવનીનાં, શયનભોગનાં, શયન સન્મુખનાં, પોઢવાનાં, આશ્રયનાં વગેરે અનેક પ્રકારનાં પદો નિત્ય ગવાય છે. યાદી કરીએ તો ઘણી લાંબી થાય. નિત્યનાં આ બધાં કીર્તનો માટે સ્વાભાવિક્ રીતે જ ગ્રંથમાં અવકાશ ન રહે તેથી વૈષ્ણવોને કયા દિવસે કયા પ્રકારનાં કીર્તન ગવાય તેનું માર્ગદર્શન મળી રહે તે રીતે મંગલા, શૃંગાર, રાજભોગ અને શયન સન્મુખનાં ચાર પદો ગ્રંથમાં નિત્યનાં લીધાં છે. નિત્ય કીર્તનગાન કરનાર વૈષ્ણવોને આ ચાર પદો ઉપરથી અન્ય સમામાં કયાં કીર્તનો ગાવાં તેનું માર્ગદર્શન મળી રહેશે તેવી આશા છે. કોઈ એવું ન સમજી લે કે દરરોજ માત્ર આ ચાર જ પદો ગવાય છે એટલા માટે આ સ્પષ્ટતા કરી છે.

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી આ ગ્રંથશ્રેણીનું કાર્ય થઈ રહ્યું છે. આ કાર્યમાં સહકાર આપી કાર્યને સરળ બનાવનાર સૌનું ઋણ સ્વીકાર કરી તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. આભારની લાગણી વ્યક્ત કરું છું. જે વૈષ્ણવોએ આ ગ્રંથશ્રેણીના પ્રથમ ગ્રંથનાં દર્શન કરી તેને વધાવી લીધો છે અને નિત્યના ઉપયોગ માટે તેને જરૂરી ગણાવ્યો છે તેમના પ્રત્યે પણ મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. આશા છે આ શ્રેણીના અન્ય ગ્રંથોને પણ આપ સૌ આટલા જ પ્રેમથી આવકારશો અને તેનો ઉપયોગ કરી આપના સેવ્ય પ્રભુના સુખ માટે વિશેષ પ્રયત્નશીલ બનશો.

ગ્રંથમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે મારું ધ્યાન દોરવા તેમજ તે માટે ક્ષમા કરવા સૌને વિનંતી સાથે વિરમું છું.

■ **વસંતબહેન ર. પરીખ**

શ્રીનાથજી - સ્વરૂપ પરિચય

■ **શ્રી રમેશભાઈ પરીખ**

જે નિકુંજનાયક શ્રીગોવર્ધનધરણ પ્રભુનાં દર્શન, સેવા-સ્મરણ વગેરે આપણે નિત્ય કરીએ છીએ તે પ્રભુનાં સ્વરૂપને સારી રીતે સમજીને જો તે કરવામાં આવે તો દર્શન અને સેવા-સ્મરણનો વધુ આનંદ આવે. માટે આવો, પહેલાં આપણે શ્રીનાથજીના સ્વરૂપનો પરિચય મેળવીએ.

૧. સ્વરૂપનો વર્ણ :

વર્ણ શબ્દનો એક અર્થ છે રંગ. કોઈ તમને પૂછે કે શ્રીનાથજીના સ્વરૂપનો રંગ કેવો છે? તો તરત જ તમે કહેશો કે શ્યામ છે. નાથદ્વારામાં જઈ દૂરથી દર્શન કરીએ તો શ્રીજીબાવાના મુખારવિંદનો રંગ શ્યામ લાગે છે. ચિત્રજીમાં પણ સ્વરૂપ શ્યામ રંગનું દેખાય છે. વાસ્તવમાં આ સ્વરૂપ ઘેરા શ્યામ રંગનું નથી. શ્રીનાથજીનું સ્વરૂપ આછી લાલાશ પડતી ઝાંયવાળા ભૂખરા-શ્યામ રંગનું છે. તમે વ્રજમાં ગયાં હશો તો શ્રીગિરિરાજ પર્વતનાં દર્શન કર્યાં હશે. તે યાદ કરો. જેવો રંગ શ્રીગિરિરાજજીનો છે તેવો જ રંગ શ્રીનાથજીનો પણ છે.

તમને પ્રશ્ન થશે કે શ્રીનાથજીનું સ્વરૂપ આવું બે રંગવાળું કેમ છે? તેનો જવાબ એ છે કે આપણા શાસ્ત્રોમાં દરેક રંગનો ભાવ વિચારવામાં આવે છે. રસશાસ્ત્રમાં જુદા જુદા રસ બતાવ્યા છે. મુખ્ય નવ રસ છે. તે બધામાં શ્રેષ્ઠ રસ શૃંગાર રસ કહેવામાં આવ્યો છે. દરેક રસના સ્વરૂપ પ્રમાણે તેના રંગ બન્યા છે. શૃંગાર રસનો રંગ શ્યામ છે.

શ્રીનાથજી વ્રજમાં ગોપીજનો સાથે રાસલીલા કરે છે. તેમાં તેઓ શૃંગારરસનું સાક્ષાત્ સ્વરૂપ છે. આથી તેમના શ્રીઅંગનો રંગ આછો શ્યામ છે.

લાલ રંગને શાસ્ત્રોમાં અનુરાગનો - પ્રેમનો રંગ કહ્યો છે. શ્રીનાથજીને પોતાના ભક્તો ઉપર અનહદ પ્રેમ છે. એવી જ રીતે ભક્તોને પણ શ્રીનાથજી ઉપર અનહદ પ્રેમ છે. શ્રીનાથજી ભક્તોના પ્રેમના લાલ રંગથી રંગયા છે. એક ગુજરાતી કવિએ કહ્યું છે : 'ગમતાંનો કરીએ ગુલાલ.' જ્યારે આનંદનો પ્રસંગ હોય ત્યારે ગુલાલ ઊડે. ગુલાલથી બધું લાલ બની જાય. ભક્તોના આનંદરૂપી ગુલાલથી જાણે શ્રીજીબાવા લાલ વર્ણના ન બની ગયા હોય! આથી તેમના શ્રીઅંગ ઉપર આછો લાલ રંગ પણ ઝળકે છે!

૨. સ્વરૂપની આકૃતિ :

શ્રીનાથજીનું સ્વરૂપ અતિ વિશિષ્ટ પ્રકારનું છે. આવું અન્ય સ્વરૂપ જોવા મળતું નથી. શ્રીનાથજી છે તો કૃષ્ણનું જ સ્વરૂપ. એક રીતે કહીએ તો શ્રીનાથજી જમણો હસ્ત કમર પર ટેકવી, ડાબો હસ્ત નૃત્યની મુદ્રામાં ઊંચો-વાંકો રાખી ઊભા છે. જાણે રાસમાં નૃત્ય ન કરતા હોય! આવી ભાવના શ્રીનાથજીનાં દર્શન કરતાં થાય છે. તેમની મુખ્ય લીલા જ રાસલીલા છે. તેથી શ્રીનાથજી રાસમાં નૃત્ય કરતા હોય એવા સ્વરૂપે સૌને દર્શન આપે છે. પ્રાચીન ચિત્રોમાં શ્રીનાથજીના બંને ચરણના પંજા સીધા નહીં પણ નૃત્યની મુદ્રામાં એકબીજાથી વિરુદ્ધ દિશામાં દર્શાવેલા જોવા મળે છે. તે પણ એમ જ સૂચવે છે કે શ્રીનાથજી ગોપીજનોની મધ્યમાં નૃત્ય કરી રહ્યા છે.

શ્રીનાથજીના સ્વરૂપની બીજી પણ એક ભાવના છે. તેમનો ડાબો શ્રીહસ્ત ઊંચો છે. આપણે કોઈને બોલાવવા હોય ત્યારે હાથ ઊંચો કરી હાથના ઈશારે બોલાવીએ છીએ. તેમ શ્રીનાથજી પણ પોતાના ભક્તોને પોતાને ડાબો શ્રીહસ્ત ઊંચો કરી તેના ઈશારે પોતાની પાસે બોલાવી રહ્યા છે. જાણે કે કહી રહ્યા છે : 'તમે તો હજારો વર્ષોથી મારાથી છૂટા પડી જતા રહ્યા છો. મને તમારા વિના ગમતું નથી. માટે મારી પાસે આવો!'

જે ભક્તો શ્રીનાથજીનો આ ઈશારો સમજી તેમના ચરણોમાં દોડ્યા આવે છે, તે ભક્તોનાં હૃદય શ્રીનાથજી પોતાની જમણા શ્રીહસ્તની મુઠ્ઠીમાં, કિંમતી રત્નની જેમ, મુઠ્ઠી બંધ કરી છુપાવી રાખે છે. મુઠ્ઠી વાળેલો જમણો શ્રીહસ્ત તેમણે પોતાની કેડ ઉપર મૂક્યો છે. તેનો અંગૂઠો જે લોકો તેમના ભક્ત નથી તેમને બતાવે છે. જાણે એમ કહે છે કે હું તો મારા ભક્તોને જ મારી મુઠ્ઠીમાં મારા પ્રાણથી પણ વધારે સારી રીતે સાચવું છું; કારણ કે મને સૌથી વધારે પ્રિય મારા ભક્તો જ છે! બીજાઓને અંગૂઠો બતાવી તેઓ કહે છે કે હું તમારે માટે નથી. હું તમને મળીશ નહિ. આસુરી જીવો મારી પાસે આવી શકતા નથી.

૩. સ્વરૂપ ઉપરના શૃંગાર :

શ્રીનાથજીએ મસ્તક પર લાંબા વાળનો સુંદર, કલાત્મક, ઊંચો અંબોડો બાંધ્યો છે. તેનાં દર્શન કરીને શ્રીમાધવદાસજીએ ગાયું છે : *વાંકે અંબોડે શ્રીનાથજીને સુંદર શ્યામ સ્વરૂપ...* જાપાની સ્ત્રીઓ તેમના માથા ઉપર આવા ઊંચા અંબોડાની કેશભૂષા કરતી હોય છે. શ્રીજીબાવાએ પણ આવો સુંદર અંબોડો બાંધ્યો છે.

શ્રીજીબાવાના શ્રીકંઠમાં ઝીણી માળા છે. જે 'કંઠસરી'ના નામે ઓળખાય છે. કટિ ઉપર તનિયો ધારણ કર્યો છે. તનિયો એટલે લંગોટ. લગભગ ઢીંચણને સ્પર્શ કરતી વનમાળા પણ શ્રીજીબાવાએ ધારણ કરી છે જે તેમના બે હસ્ત પર રહેલી છે.

૪. નિકુંજનાયક શ્રીનાથજી :

આવા શ્રીજીબાવાની પીઠિકા ઉપર ગિરિકંદરા શોભે છે. એમ લાગે છે કે ગિરિકંદરાના દ્વાર ઉપર શ્રીજીબાવા ઊભા છે! તેનું કારણ એ છે કે તેઓ શ્રીગિરિરાજજીની ભીતરમાં રહેલી બારેબાર નિકુંજોના નાયક (સ્વામી) છે. આ નિકુંજોમાં વ્રજભક્તો સાથે તેઓ અહર્નિશ લીલાઓ કરે છે. તે માટે તેઓ નિકુંજના દ્વારે ઊભા રહી, પોતાના ભક્તોને બોલાવે છે.

આ સ્વરૂપ કિશોરલીલાની ભાવનાનું સ્વરૂપ છે. પોતે શ્રીસ્વામિનીજીની નિકુંજના નાયક છે. શ્રીગોવર્ધનના નાથ છે; માટે આપનું નામ શ્રીગોવર્ધનનાથ છે.

૫. શ્રીજીબાવાની પીઠિકા :

શ્રીનાથજીની પીઠિકા ચોખંડી છે. ચારખૂણાવાળી પીઠિકા એટલા માટે છે કે તેમનાં મુખ્ય ચાર સ્વામિનીજીઓ છે. (૧) શ્રીરાધિકાજી (૨) શ્રીચંદ્રાવલીજી (૩) શ્રીકુમારિકાજી (૪) શ્રીયમુનાજી. આ ચાર સ્વામિનીજીના ભાવથી ચાર ખૂણાવાળી ચોખંડી પીઠિકા છે. પીઠિકામાં બિલકુલ અવકાશ નથી. જાણે એક જ વિશાળ શિલાખંડમાંથી પીઠિકા સાથેનું સ્વરૂપ સિદ્ધ ન થયું હોય! તેમાં ય આ સ્વરૂપ કોઈ શિલ્પકારે તો બનાવેલું નથી જ. શ્રીગિરિરાજજીમાંથી સ્વયંભૂ રીતે પ્રગટ થયેલું સ્વરૂપ છે.

આ પીઠિકા ઉપર શ્રીગિરિરાજજીની આકૃતિનાં દર્શન થાય છે. શિલાખંડો એકબીજાની ઉપર રહેલા છે. તેમની વચ્ચે વચ્ચે જુદી જુદી આકૃતિઓનાં ચિહ્નો છે. આ ચિહ્નો કોની કોની આકૃતિનાં છે અને તેમનો ભાવ શું છે તે પણ આપણે જાણવું જોઈએ.

શ્રીજીબાવાના મસ્તક ઉપર કંદરામાં પોપટની આકૃતિ છે. સંસ્કૃતમાં પોપટને શુક કહેવાય છે. તે લીલામાં શુકદેવજીનું સ્વરૂપ છે. તેમને 'લીલાશુક'ના નામથી જાણવામાં આવે છે. આ લીલાશુક હંમેશા શ્રીરાધિકાજીની પાસે રહે છે. શ્રીરાધિકાજીને અતિ પ્રિય છે. તેઓ શ્રીરાધિકાજીનો સંદેશો શ્રીઠાકોરજીને પહોંચાડે છે તેથી શ્રીઠાકોરજીને પણ તે ઘણા પ્રિય છે.

આ લીલાશુક શુકદેવજી સ્વરૂપે પૃથ્વી ઉપર આવ્યા. તેથી જ શ્રીશુકદેવજી ભગવાનના સ્વરૂપને સારી રીતે જાણે છે. તેથી તેમણે ભગવાનની લીલાઓનું ગુણગાન ગાતાં શ્રીમદ્ ભાગવતની કથા કરી. તેમણે પરીક્ષિત રાજાને શ્રીભાગવતનું શ્રવણ કરાવી તેમનો કાલનો ભય દૂર કર્યો. તેમના ઉપદેશથી રાજાનો સંસાર નાશ પામ્યો; અને શ્રીકૃષ્ણમાં પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટ થઈ. તેથી શ્રીજીબાવાના મસ્તક ઉપર શુકનું ચિહ્ન છે.

શુકની જમણી બાજુ પીઠિકાના છેડે એક મુનિનાં દર્શન થાય છે. તે ભગવાનના સાંખ્ય અવતાર શ્રીકપિલદેવજી છે. તેમણે તેમનાં માતા દેવહુતિજીને મોક્ષ અપાવ્યો હતો. તેઓ એવું સૂચવે છે કે કોઈપણ મનુષ્ય પોતાની મૂળ પ્રકૃતિનો ત્યાગ કરીને, જગતમાં કમળની જેમ નિર્લેપ બનીને રહે અને ભક્તિ તથા સાંખ્યનું જ્ઞાન મેળવી, તે પ્રમાણે જીવન જીવે, તો તેને ભગવાનની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

શુકની ડાબી બાજુ પીઠિકાના છેડે બે મુનિ બિરાજે છે. તે નારદ અને નારાયણ છે. નારદ મુનિએ ધ્રુવજી અને પ્રચેતાઓને આત્મ કલ્યાણના માર્ગે વાળ્યા હતા. વળી તેમણે 'પાંચરાત્ર' અને 'ભક્તિસૂત્રો' જેવાં ભક્તિશાસ્ત્રોની રચના કરી છે. તેમણે આપણને શીખવ્યું છે કે સદા પ્રભુનું નામસ્મરણ કરતાં રહેવું. તેનાથી ભગવાન પ્રસન્ન થઈ દર્શન આપશે. નારાયણ પૃથુ રાજા રૂપે જન્મ્યા હતા. તેમણે પૃથ્વીને સુંદર બનાવી હતી. તેઓ મહાન ભગવદ્ ભક્ત પણ હતા.

શ્રીજીબાવાની પીઠિકામાં બંને બાજુ શ્રીગિરિરાજજીના શિલાખંડોની વચ્ચે વિવિધ ચિહ્નો છે. એમાં ઘેટું, સર્પ, સિંહ, નાગ, મોર અને ગાય મુખ્ય છે. એ બધાં વૃંદાવનમાં વસતા પશુ-પક્ષીઓ છે. જેઓ શ્રીનાથજીની લીલાનો સદૈવ અનુભવ કરે છે.

શ્રીનાથજીની જમણી બાજુ કંદરામાં કપિલદેવજીની નીચે ઘેટાનું ચિહ્ન છે. તેને સંસ્કૃતમાં 'મેષ' કહેવામાં આવે છે. કાલચક્રમાં બાર રાશિમાં મેષ રાશિ પ્રથમ છે, તેથી તે કાલચક્રનું સૂચન કરે છે. શ્રીનાથજી કાલના નિયામક છે. બીજી રીતે વિચારીએ તો ઘેટું ગરીબડું પ્રાણી છે. તે ભક્તનું સ્વરૂપ પણ છે. ભક્ત પણ અન્ય ભગવદીયોને અનુસરતો પ્રભુ તરફ આગળ વધે છે; જેમ ઘેટું અન્ય ઘેટાંઓને અનુસરે છે.

જમણી બાજુની કંદરામાં ઘેટાની નીચે ફણા માંડીને બેઠેલા સર્પનું ચિહ્ન છે; જે અશુભ વાસનાઓનું સ્વરૂપ છે. અશુભ વાસનાવાળા આસુરી જીવો અભિમાની તેમજ ભગવાન અને ભક્તોનો દ્વેષ કરનારા હોય છે. તેમનો પણ ઉદ્ધાર કરવાની કૃપા ભગવાન કરે છે.

સૌથી નીચે બે ગાયો છે. ગાયો શ્રીનાથજીને ખૂબ પ્રિય છે; કારણ કે ગાયો ભગવદ્ સુખમાં તત્પર રહેનાર ભક્તો છે. તેથી શ્રીનાથજી સદા ગાયોની સાથે રહે છે.

ડાબી બાજુની કંદરામાં નાગનું મુખ છે. નાગ અહંતા-મમતાનું પ્રતીક છે. ઈન્દ્રિયોની વિષયવાસનાને ઝેરી નાગ સાથે સરખાવી છે. આવા નાગપાશથી શ્રીનાથજી પોતાના ભક્તોનું રક્ષણ કરે છે. તેની નીચે સિંહનું મુખ છે. તે નૃસિંહજીનું સ્વરૂપ છે. નૃસિંહજી સદા અસુરોથી ભક્તોનું રક્ષણ કરનારા છે.

નીચે બે મોર છે. મોર શુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે. તે એમ સૂચવે છે કે શ્રીનાથજીમાં અલૌકિક શૃંગારરસ અને દિવ્ય પ્રેમ છે, જે નિર્દોષ અને વિશુદ્ધ છે. મયુર યુગલ પ્રેમભક્તિનું પ્રતીક છે. અને તે પણ નિષ્કામ પ્રેમભક્તિનું સ્વરૂપ હોવાથી શ્રીનાથજી પોતાના મસ્તકે મોરચંદ્રિકા ધારણ કરે છે.

આ પ્રમાણે શ્રીનાથજીના સ્વરૂપની કંદરામાં જુદી જુદી આકૃતિઓ અંકિત થયેલી છે.

હૌં વારી ઈન વલ્લભિયન પર

પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીમાં રાગ, ભોગ, શૃંગારનો વિનિયોગ પ્રભુ-તત્સુખભાવે પ્રભુની પ્રસન્નતા માટે અતિ સુંદર રીતે કરાયો છે. (રાગ) મંગળાથી રાજભોગ અને ઉત્થાપનથી શયન સુધીની અષ્ટપ્રહર સેવામાં ઋતુ અને સમય અનુસાર કીર્તનો ગવાય છે. (ભોગ) ઋતુ અનુસાર સામગ્રી ધરાવાય છે. (શૃંગાર) ઋતુઅનુસાર તથા ઉત્સવ અનુસાર વાગા-વસ્ત્ર-આભરણ-શ્રીમસ્તક શૃંગાર, પિછવાઈ વગેરે સાજ આવે છે, મનોરથ આદિ થાય છે. ‘‘નયન બેન મન શ્રવણ સબ, જાય રહત પિય પાસ, પ્રાણમાત્ર ઘટ રહત હૈ, ફિર આવનકી આસ’’ - આ ગોપીજનોની ભાવાવસ્થાએ પહોંચવા શ્રીવલ્લભને દૃઢ આશ્રય કરી, સેવ્ય સ્વરૂપમાં જ પ્રેમ-આસક્તિ-વ્યસન અવસ્થા સિદ્ધ થાય, એ માટે હૃદયમાં ભાવ જાગે, મન પ્રભુમાં આકર્ષાય, સ્વરૂપાસક્તિથી સ્વરૂપનિષ્ઠા બને અને એ પછી સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય એવા શુભ મંગળમય આશયથી, પ્રસ્તુત પુસ્તકનું સંકલન-સંપાદન પ.ભ. રેખાબેને અત્યન્ત આનંદપૂર્વક પરિશ્રમ લઈ, પુષ્ટિ-સિદ્ધાંતોને દીનતાથી પચાવી, નિઃસ્વાર્થભાવે, પ્રભુ પ્રસન્નતાના કાર્યમાં વૈષ્ણવોને સહયક થવા કર્યું, એ મહાપ્રભુ શ્રીહરિરાયજીના ‘‘જીવન જો ઐસે બનિ આવૈ’’ - પદમાં વ્યક્ત કરાયેલી ભાવનાની ઝાંખી એમનામાં કરાવે છે. ભવિષ્યમાં ‘‘સચિત્ર શ્રીમદ્‌ભાગવત નવનીત રસમહાસાગર,’’ ‘‘સચિત્ર શ્રીયમુનાષ્ટક’’ અને ‘‘સચિત્ર શ્રીમધુરાષ્ટક’’ પ્રસિદ્ધ કરવાની એમની નેમ છે અને એ માટે સાથ સહકાર આપવા એમણે વૈષ્ણવોને વિનંતી કરી છે. એમની આ સુંદરભાવના, એને ચરિતાર્થ કરવા માટે એમનો અથાક પરિશ્રમ, આ બધા માટે, મહાપ્રભુ શ્રીહરિરાયજીએ પદમાં વ્યક્ત કરેલ ભાવનાને હૃદયમાં ધારણ કરી એટલું જ કહી શકાય - ‘‘હૌં વારી ઈન વલ્લભિયન પર.’’

પ્રસ્તુત પુસ્તકમાં ચૈત્ર અને વૈશાખ માસમાં તિથિવાર, તે તે તિથિએ શ્રીનાથજીને ધરાવાતા વસ્ત્ર-શૃંગાર-અત્તર-સામગ્રી તેમજ જાગવાથી માંડીને પોઢવા સુધીનાં વિવિધ સમયે ગવાતાં કીર્તન આપવામાં આવ્યા છે. ઉપરાંત તિથિવાર તે તે તિથિના શ્રીનાથજીનાં સ્વરૂપદર્શનનાં ચિત્રજી આપવામાં આવ્યાં છે. પરિશિષ્ટ ૧માં મૂલપુરુષ અને કેટલાંક કીર્તનો, પરિશિષ્ટ ૨માં શ્રીમસ્તકના શૃંગાર, પરિશિષ્ટ ૩માં વિશિષ્ટ શબ્દોનો પરિચય, પરિશિષ્ટ ૪માં આરતીઓનો પરિચય અપાયો છે. નિત નવી છબીના દર્શનથી શ્રીજીના સ્વરૂપનો પ્રકાશ કરવાની પ.ભ. રમેશભાઈને દૈવી પ્રેરણા થઈ અને એ પ્રેરણાને સાકાર કરવાનું એમનું સ્વપ્ન અચાનક એમને ગોલોકવાસ થવાથી અપૂર્ણ રહ્યું. એ સ્વપ્નને સાકાર કરવા, લાખો રૂપિયાના ખર્ચનો ભારે બોજ સહર્ષ ઉપાડી શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટે જે સાહસ ખેડ્યું છે, એ શતશઃ ધન્યવાદને પાત્ર છે. વૈષ્ણવોને ૩૬૦ દિવસના શ્રીજીનાં નિતનવીન સ્વરૂપની ઝાંખીનું સુખ મળે એ ભાવનાથી આ કાર્યને નિઃસ્વાર્થ ભાવે આગળ ધપાવવા પ.ભ. વસંતબેન અને પ.ભ. અમિતભાઈ પોતાનો પ્રાણ રેડી રહ્યા છે, એ માટે એમને જેટલા ધન્યવાદ આપીએ ઓછા છે. અંતઃકરણમાંથી સતત તેજ પંક્તિ ગૂંજે છે - ‘‘હૌં વારી ઈન વલ્લભિયન પર.’’ વૈષ્ણવો ઉમળકાભેર આ પુસ્તકના છયે ભાગ ખરીદી શ્રીહરસાનીજી ટ્રસ્ટની પ્રવૃત્તિઓને બિરદાવે એ જ અપેક્ષા.

- શ્રી બિપિન બિહારીદાસ
(‘વૈષ્ણવાણી’ ઓક્ટોબર-૨૦૦૧)



ચાલો તો શ્રીજી જઈએ રે,
શ્રીમુખ સુંદર જોવાને.

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ એકમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પ્રતિપદા ચિત્ર પરિચય ગુજરાતી : જેઠ સુદ એકમ

ગંગા દશહરા પ્રારંભ

વસ્ત્ર : ચંદનિયા (ચંદનના) રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચંદનિયા રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત કઢીને બદલે બુંદીની છાશ, પલાળેલી દાળ, બુંદીના લાડુ, બુંદીનું રાયતું, બુંદીનું શાક વગેરે બુંદીની સામગ્રી ધરાય છે. આપણે યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી જેઠ સુદ દસમ સુધી 'ગંગા દશહરા' કહેવાય છે.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

શ્રીયમુના કે નામ અઘ દૂર ભાજે ।
જિનકે ગુન સુનન કો લાલ ગિરિધરન પિય, આય સન્મુખ તાકે બિરાજે ॥૧॥
તિહિ છિનુ કાજ તાકેજુ સગરે સરે, જાયકે મિલત વ્રજવધૂ સમાજે ।
કૃષ્ણદાસનિ કહે તાહિ અબ કૌન ડર, જાકે ઉપર શ્રીયમુને સી ગાજે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

શ્રીયમુનાજીકો નામ તેઈ જુ લેહે ।
જાકી લગન લાગી નંદલાલ સોં સર્વસ્વ દેકે નિકટ રહે હૈ ॥૧॥
જિનહી સુગમ જાનિ બાત મનમેં જુ આનિ બિના પહેચાનિ કૈસે જુ પૈયે ।
કૃષ્ણદાસ કહે શ્રીયમુને નામ નૌકા ભક્ત ભવ-સિંધુ તે યોંહિજુ તરિયે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ એકમ



આજના શૃંગાર : ગ્વાલ પાગ - મોરશીખા - ધોતી ઉપરણો (રાજા શાહી પટુકો)

સાજ : ચેરાઈ (આછા બદામી) રંગની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી, બે ગુલાબદાની વગેરે ચાંદીનાં ધર્યાં છે. સફેદ મલમલના વસ્ત્રથી કલાત્મક રીતે સજાવેલા માટીના કૂંજામાં પ્રભુ સુખાર્થે શીતલ જલ ધર્યું છે. સન્મુખમાં નીચે ચાંદીનાં ત્રસ્ટીજી ધર્યાં છે. રાજભોગ દર્શન પછી અનોસરમાં સિંહાસનથી શય્યામંદિર સુધી પેંડો (રૂ ભરેલી મલમલની ગાદી) બિછાવવામાં આવે છે.

વસ્ત્ર : ધોતી અને રાજાશાહી પટુકો (ઉપરણો) - બંને વસ્ત્રો આછા બદામી (ચેરાઈ) રંગની મલમલનાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે આછા બદામી રંગની ગ્વાલ પાગ (પગો) ઉપર મોતીની લર, સફેદ રેશમની મોરશીખા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીજીનાં અને સફેદ પુષ્પોનાં બે કલાત્મક થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

બન્યો માઈ પગા શ્યામ સિર નીકો ।
ધોતી ઔર ઉપરેના ઓઢે ઔર ગહેનો મોતીકો ॥૧॥
અંગ અરગજા કમલ હાથમેં લીને મિલ્યો ભાવતો જીકોં ।
નૈન ચકોર ચંદ્રમુખ નિરખત **રસિકપ્રીતમ** સબહીંકો ॥૨॥

શયન (રાગ-બિહાગ)

બૈઠે વ્રજરાજકુંવર પ્યારી સંગ જમુનાતીર
સીતલ બિયાર સખી મંદમંદ આવે ।
અતિ ઉદાર વૈજયંતી શ્યામ અંગ શોભા દેત
અંસ ભુજ મેલ દોઉ વિહસ વિહસ ગાવે ॥૧॥
ઝીનો પટ દીપત દેહ પ્રીતમસોં અતિ સનેહ
ગૌર શ્યામ અભિરામ શોભા કહત ન બનિ આવે ।
સૂરદાસ મદનમોહન મોહનીસે બને દોઉ
હસિ હસિ અંગ અંગ અરગજા લગાવે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ બીજ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ બીજ

વસ્ત્ર : આછા બદામી (ચેરાઈ) રંગનો તનિયો અને આડબંધ ધર્યાં છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : આછા બદામી (ચેરાઈ) રંગની ગ્વાલ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

પ્રાણપતિ વિહરત શ્રીયમુના કૂલે ।
લુબ્ધ મકરંદકે ભ્રમ્રર જયોં બસ ભયે, દેખ રવિ ઉદય માનો કમલ ફૂલે ॥૧॥
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો, સુનત વ્રજવધુ તન સુધિ જુ ભૂલે ।
ચતુર્ભુજદાસ યમુને પ્રેમ સિંધુમે, લાલ ગિરિધરનવર હરખિ ઝુલે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

શરણ પ્રતિપાલ ગોપાલ રતિ-વર્ધિની ।
દેત પતિ-પંથ પિય કંથ સન્મુખ કરત અતુલ કરુણામયી નાથ-અંગઅર્ધિની ॥૧॥
દીનજન જાન રસ પુંજ કુંજેશ્વરી રમત રસરાજ પિયસંગ નિશશરદની ।
ભક્તિદાયક સકલ ભવસિંધુ-તારિણી, કરત વિધ્વંસ જન અખિલ અઘ-મર્દિની ॥૨॥
રહત નંદસુનુ તટ નિકટ નિસદિન સદા, ગોપ ગોપી રમત મધ્ય રસ કંદની ।
કૃષ્ણ તન-વર્ણ ગુણધર્મ શ્રીકૃષ્ણ કે કૃષ્ણ-લીલામયી કૃષ્ણ સુખ કંદની ॥૩॥
પદ્મજા પાય તૂ સંગ હી મુરરિપુ સકલ સામર્થ્યમયી પાપકી ખંડની ।
કૃપારસ પુર વૈકુંઠ-પદકી સિઢી જગત વિખ્યાત શિવ-શેષ શિર મંડની ॥૪॥
પર્યો પદ કમલ તર ઔર સબ છાંડકે દેખ દગ કર દયા હાસ્ય મુખ મંદની ।
ઉભય કર જોર **કૃષ્ણદાસ** વિનતિ કરે કરો અબ કૃપા કલિંદ-ગિરિ-નંદિની ॥૫॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વિતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : જેઠ સુદ બીજ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ બીજ

આજના શૃંગાર : પાગ-કતરો-આડબંધ

સાજ : સફેદ નેટની (જાળીની), મોરની ડિઝાઈનની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શીરપેચ, લૂમ તથા સફેદ પંખનો દોહરો કતરા અને ડાબી બાજુએ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીજી અને શ્વેત પુષ્પનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે. ફૂલનાં બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

સૂર આયો સિર પર છાયા આઈ પાયનતર
પંથી સબ ઝૂક રહે દેખ છાંહ ગહરી ।
ધંધીજન ધંધ છાંડ રહેરી ધૂપન કે લિયે
પશુ-પંછી જીવ જંતુ ચિરિયા ચૂપ રહી રી ।।૧।।
વ્રજ કે સુકુમાર લોગ દે દે કિવાઁર સોયે
ઉપવનકી બ્યાર તામેં સુખ ક્યોં ન લહેરી ।
સૂર અલબેલી ચલ કાહેકો ડરાત હૈ
મહા કી મધરાત જૈસી જેઠ કી દુપહરી ।।૨।।

શયન (રાગ-બિહાગરો)

તેરે સિર કુસુમ વિથિર રહે ભામિની, શોભા દેત માનો નભ ઘન તારે ।
શ્યામ અલક છૂટ રહી વદન પર ચંદ છિપ્યો માનો બાદર કારે ।।૧।।
મોતિનમાલ માનો માન સરોવર કુચચકવા દોઉ ન્યારે ન્યારે ।
ધોંધીકે પ્રભુ તીનલોક વશ કીને તેં વશ કીને આલી નંદદુલારે ।।૨।।

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ ત્રીજ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ ત્રીજ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં આજે ઢેબરની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

શ્રીયમુને તુમસી એક હો જુ તુમ હી ।
કરિ કૃપા દરસ નિસવાસર દીજિયે
તિહારે ગુનગાન કો રહે ઉદ્યમ હી ॥૧॥
તિહારે પાયે તે સકલ નિધિ પાવહી
ચરણ કમલ ચિત્ત ભ્રમર ભ્રમહિ ।
કૃષ્ણદાસનિ કહે કોન યહ તપ કિયો
તિહારે ઢિગ રહત હૈ લતા દ્રુમહી ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

તિહારો દરસ મોહિ ભાવે શ્રીયમુનાજી ।
શ્રીગોકુલ કે નિકટ બહત હો લહરન કી છબિ આવે ॥૧॥
સુખદેની દુખ હરની શ્રીયમુનાજી જો જન પ્રાત ઉઠ ન્હાવે ।
મદનમોહનજુ કી ખરી પિયારી પટરાની જુ કહાવે ॥૨॥
વૃંદાવનમેં રાસ રચ્યો હે મોહન મુરલી બજાવે ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકુ વેદ વિમલ જશ ગાવે ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ ત્રીજ



આજના શૃંગાર : પાગ-મોરશીખા-પિછોડો

સાજ : ચંદનિયા રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનિયા રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનના રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા રેશમની મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેતપુષ્પોનાં અને તુલસીજીનાં બે માળાજી ધર્યાં છે. તેમજ બે માળાજી હમેલની જેમ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં એક મોટાં માળાજી પીઠિકાની ઉપર ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

લાલન પહિરત હૈ નવચંદન ।
વિવિધ સુંગધ મિલાય અરગજા વ્રજયુવતિન મનફંદન ॥૧॥
શીતલ મંદ બહત મલયાનિલ મોહન મનકો રંજન ।
અંગ અંગ છબિ કહા લોં વરનો મનમથ મનકે ગંજન ॥૨॥
આરત ચિત વિલોકત હરિમુખ ચપલ ચલન દગ ખંજન ।
ગોવિંદ પ્રભુપિય સદા બસો જિય ગિરિધર વિરહ નિકંદન ॥૩॥

શયન (રાગ-બિહાગ/અડાનો)

ડગર ચલ ગોવર્ધનકી બાટ ।
ખેલત બીચ મિલેગેં મોહન જહાં ગોધન કે ઠાટ ॥૧॥
ચલરી સખી તોહિ લૈ જાય મિલાઉં સુંદર વદન સરોજ ।
કમલ નયન કે એક રોમ પર વારૌ કોટિ મનોજ ॥૨॥
પાહુની એક અનુપમ આઈ આન ગાંવકી ગ્વાર ।
પરમાનંદ સ્વામી કે ઉપર સર્વસ ડારોં વાર ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ ચોથ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ ચોથ

વસ્ત્ર : ચંદનિયા (અરગજાઈ) રંગનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચંદનિયા રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

પ્રફુલ્લિત વન વિવિધ રંગ ઝલકત યમુના તરંગ
સૌરભ ઘન આમોદિત અતિ સુહાવનો ।
ચિંતામણિ કનક ભૂમિ છબિ અદ્‌ભુત લતા ઝૂમી
શીતલ મંદ અતિ સુંગધ મરુત આવનો ।।૧।।
સારસ હંસ શુક ચકોર ચિત્રિત નૃત્યત સુમોર
કલ કપોતકો કિલાકલ મધુર ગાવનો ।
યુગલ રસિકવર વિહાર **પરમાનંદ** છબિ અપાર
જયતિ ચારુ વૃંદાવન પરમ ભાવનો ।।૨।।

શૃંગાર (રાગ-બિલાવલ)

ઘાટ પર ઠાડે શ્રીમદનગોપાલ ।
કૌન યુક્તિ કર ભરોરી જમુનાજલ પરે હૈ હમારે ખ્યાલ ।।૧।।
ઘોસ બઢ્યો ઘર સાસ રિસે હૈ ચલિ ન સકત એક ચાલ ।
કહા કરો અબ યોં નહિ માનત સુંદર નંદકો લાલ ।।૨।।
કછુક સંકોચ કછુ ચોંપ મિલનકી પરી પ્રેમકી જાલ ।
પરમાનંદ સ્વામી ચિત્ત ચોર્યો બેનુ બજાઈ રસાલ ।।૩।।

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ ચોથ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ચતુર્થી ચિત્ર પરિચય ગુજરાતી : જેઠ સુદ ચોથ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : શ્રીગિરિરાજજીની કંદરામાં બિરાજતા શ્રીગુસાંઈજીના બાળકોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલની ધોતી અને ચંદનીયા રંગનો રાજાશાહી પટુકો - રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનિયા રંગની પાગ ઉપર શીરપેચ તથા મોતીની ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં કલાત્મક માળાજી ધર્યાં છે. તેમજ શ્વેત પુષ્પોનાં અને તુલસીજીનાં માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, જડાવ મોતીનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

કરત જલ કેલિ પિય પ્યારી ભુજ મેલિ ।
છુટત ફૂહારે ભારી ઉજ્જવલ હો દસ બારે અત્તરહી સુંગધિ રેલિ ॥૧॥
નિરખ વ્રજનારી કહા કહૌ છબિ વારી સખા સહત સહેલિ ।
રાધા-ગોવિંદ જલ મધ્ય ક્રીડત ખ્યાલ **વૃંદાવન** સખી સબ ટહેલિ ॥૨॥

ભોગદર્શન (રાગ-સારંગ)

પીત પિછોરી કહાંજુ વિસારી ।
યે તો લાલ ઢિંગન કી ઔઢે હૈ કાહુકી સારી ॥૧॥
હો વારી ઘાટ પિવાવત ગૈયા જહાં ભરત પનિહારી ।
ભીર ભઈ ગૈયા સબ બીડરી મુરલી ભલી જો સંવારી ॥૨॥
હોં લે ભાજ્યો ઔર કાહુકી વે લે ગઈ જુ હમારી ।
પરમાનંદ બલિ બલિ બતિયન પર તૃન તોરત મહતારિ ॥૩॥

શયન (રાગ-બિહાગ)

બૈઠે વૃજરાજ કુંવર પ્યારી સંગ જમુનાતીર, શીતલ બિયાર સખી મંદમદ આવે ।
અતિ ઉદાર વૈજ્યંતી શ્યામ અંગ શોભા દેત, અંસ ભુજ મેલ દોઉ વિહસ વિહસ ગાવે ॥૧॥
ઝીનો પટ દીપત દેહ પ્રીતમ સોં અતિ સનેહ, ગૌર શ્યામ અભિરામ શોભા કહત ન બનિ આવે ।
સૂરદાસ મદનમોહન મોહનીસે બને દોઉ, હસિ હસિ અંગ અંગ અરગજા લગાવે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ પાંચમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ પાંચમ

વસ્ત્ર : સફેદ મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે.

શૃંગાર : ચંદનિયા (ચંદનના) રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

નેનભર દેખ અબ ભાનુ તનયા ।
કેલિ પિયસોં કરે ભ્રમર તબહી પરે
શ્રમજલ ભરત આનંદ મનયા ॥૧॥
ચલત ટેઢિ હોઈ લેત પિયકો મોહિ
ઈન બિના રહત નહીં એક છિનયા ।
રસિક પ્રીતમ રાસ કરત શ્રીયમુના પાસ
માનો નિર્ધનન કી હે જુ ધનયા ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

ઘાટ પર ઠાડે શ્રી મદનગોપાલ
કૌન યુક્તિ કર ભરોરી જમુનાજલ પરે હે હમારે ખ્યાલ ॥૧॥
ધોસ બઢ્યો ઘર સાસ રિસે હૈ ચલિ ન સક્ત એક ચાલ ।
કહા કરો અબ યોં નહિ માનત સુંદર નંદકો લાલ ॥૨॥
કછુક સંકોચ કછુ ચોંપ મિલનકી પરી પ્રેમકી જાલ ।
પરમાનંદ સ્વામી ચિત્ત ચોર્યો બેનુ બજાઈ રસાલ ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ પાંચમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પરદની

સાજ : ગણગૌર ઘાટની નાવ તથા ઘૂમર નૃત્ય કરતા ગોપીજનો, શ્રીઠાકોરજી અને બળદેવજી તથા નંદયશોદાજીના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલની પરદની ધરી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા અને મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા મોતીની ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને કમળનાં માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : ભોગ સંધ્યામાં શ્રીજીની સન્મુખ ડોલતીબારીમાં નિયમનો નાવનો મનોરથ થાય છે. નાવમાં શ્રીમદનમોહનજી બિરાજે છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

કરત જલકેલિ પિય પ્યારી ભુજ મેલિ ।
છુટત ફૂહારે ભારી ઉજ્જવલ હો દસ બારે અત્તરહી સુંગધિ રેલિ ॥૧॥
નિરખ વ્રજનારી કહા કહૌ છબિ વારી સખા સહિત સહેલિ ।
રાધા ગોવિંદ જલ મધ્ય ક્રીડત ખ્યાલ **વૃંદાવન** સખી સબ ટહેલિ ॥૨॥

શયન (રાગ-બિહાગ)

સુંદર જમુના તીર રી મનમોહન ઠાડે ।
જબતે દૃષ્ટિ પરી યા મુખ પૈ તબતે ધરત ન ધીર રી ॥૧॥
મૃગમદ તિલક અલક ઘુઘરારી નાસા મુક્તા કીર રી ।
સૂરદાસ પ્રભુ બેનુ બજાવત થક્યો સરિતા નીર રી ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પંચમી

નાવનો મનોરથ

ગુજરાતી : જેઠ સુદ પાંચમ



નાવનો મનોરથ

નિ.લી.ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીએ ઉદયપુરના મહારાણા ભોપાલસિંહજીની વિનંતીથી વિ.સં. ૨૦૦૫માં જેઠ સુદ પાંચમે નાવનો મનોરથ કર્યો હતો. ડોલતિબારીમાં જળ ભરીને, નાવમાં પ્રભુને પધરાવીને આ સુંદર મનોરથ થયો હતો. તે દિવસથી દર વર્ષે આજના દિવસે નાવનો મનોરથ શ્રીજીબાવા અંગીકાર કરે છે.

કીર્તન : (રાગ-સારંગ)

બૈઠે ઘનશ્યામ સુંદર ખેવત હૈ નાવ ।
આજ સખી મોહન સંગ ખેલવે કો દાવ ॥૧॥
પથિક હમ ખેવટ તુમ લીજૈ ઉતરાઈ ।
બીચ ધાર માંઝ રોકી મિસ હી મિસ ડુલાઈ ॥૨॥
જમુના ગંભીર નીર અતિ તરંગ લોલે ।
ગોપિન પ્રતિ કહન લાગે મીઠે મૃદુ બોલે ॥૩॥
નંદનંદન ડરપત હો રાખહું પદ પાસ ।
યાહી મિસ મિલ્યો ચાહે **પરમાનંદદાસ** ॥૪॥

(રાગ-સારંગ)

શ્યામ જમુના બીચ ખેવત નાવ ।
એક સખી આઈ ઘરતેં કહે મોહુકો બેઠાવ ॥૧॥
બેઠોં કૈસે ઘાટ ઓઘટ હૈ રપટ પરત હૈ પાય ।
હાથ પકર બેઠાય આપ ઢિંગ **રસિકન** રચ્યો ઉપાય ॥૨॥

(રાગ : સારંગ)

યમુનાતીર અહીરન ભીરન મોહન નાવ ચલાવત જાઈ ।
સુંદર મુખ અવલોકિત સબ ત્રિય અંતરંગ માનોં નવનિધિ પાઈ ॥૧॥
સુંદર સુખદ સ્રવત મૃદુબેન પિય સુનત કોઉ ન અઘાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર બિન દેખે કેસેં ધીર રહે મેરી માઈ ॥૨॥

(રાગ : સારંગ)

કાલિન્દી કે ઘાટ મોહન ઠાડોઈ રહત સદા મેરી માઈ ।
એકન નાવ ચઢાવત માઈ એકન લલચાવત માઈ ॥૧॥
સુંદર કર પરસત જબ મોહન કછુ રસ સીંચ સુધા બરસાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન નિહાર હરિ હંસિ હંસિ કંઠ લગાઈ ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ છઠ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ છઠ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યાં છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

હેત કરિ દેત શ્રીજમુને વાસ કુંજે ।
જહાં નિસવાસર રાસ મેં રસિકવર
કહાંલગ બરનિયે પ્રેમ પુંજે ॥૧॥
થક્તિ સરિતા-નીર થક્તિ વ્રજવધૂભીર
કોઉ ન ધરત ધીર મુરલી સુનિજે ।
ચતુર્ભુજદાસ યમુને પંકજ જાનિ
મધુપ કી નાંઈ ચિત લાય ગુંજે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

જયતિ ભાનુતનયા ચરનજુગલ વંદે ।
જયતિ વ્રજરાજનંદ પ્રિયે સર્વદા લેત આનંદ જયોં શરદ ચંદે ॥૧॥
જયતિ સક્લ સુખકારિની કૃષ્ણ મનહારિની, શ્રીગોકુલ નિકટ બહત મંદે ।
જાકે તટ નિકટ હરિ રાસ મંડલ રચ્યો, તહાં નૃત્યત તાતા થેઈ થંદે ॥૨॥
જયતિ કલિંદ ગિરિ નંદિની દેત આનંદિની, ભક્ત કે હરત સબ દુઃખ દ્વંદે ।
ચિત્તમેં ધ્યાનધર મુદિત **વ્રજપતિ** કહે જયતિ જમુને જયતિ નંદનંદે ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ છઠ



આજના શૃંગાર : ટિપારો અને પિછોડો.

સાજ : સફેદ નેટની (જાળીની) શ્રીગોપીજનોનાં જાળીકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : વનમાળા (ચરણારવિંદ) સુધીનો ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ - મોતીની ટિપારાની ટોપી ઉપર વચ્ચે સફેદ રેશમની મોરશીખા તથા બંને બાજુ સફેદ રેશમના દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. તુલસીજીનાં અને શ્વેત પુષ્પોનાં સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ગોવિંદ લાડિલો લડબૌરા ।
અપને રંગ ફિરત ગોકુલ મેં શ્યામ બરન જૈસે ભૌંરા ॥૧॥
કિંકિની કવણિત ચારુ ચલ કુંડલ તન ચંદન કી ખૌરા ।
નૃત્યત ગાવત બસન ફિરાવત હાથ ફૂલન કે ઝોરા ॥૨॥
માથે કનક બરન કો ટિપારો ઓઢે પીત પીછોરા ।
દેખિ સ્વરૂપ ઠગી વ્રજવનિતા જિય ભાવે નહિ ઔરા ॥૩॥
જાકી માયા જગત ભૂલાનો સકલ દેવ સિરમૌરા ।
પરમાનંદદાસ કો ઠાકુર સંગ દિઠૌ ના ગૌરા ॥૪॥

શયન (રાગ-અડાનો)

તેરી ભ્રોંહ કી મરોરન તે લલિત ત્રિભંગી ભયે
અંજન દે ચિતયો ભયેજુ શ્યામ વામ ।
તેરી મુસકાન દેખ દામિની-સી કૌંધ જાત
દિન વ્હે યાચત પ્યારી લેત રાધે આધો નામ ॥૧॥
જ્યોં જ્યોં નચાયો ચાહો તૈસે હરિ નાચત બલ
અબતો મયા કીજે ચલિયે નિકુંજ ધામ ।
નંદદાસ પ્રભુ બોલો તો બુલાય લાઉ
ઉનકો તો કલ્પ બીતે તેરી ઘરી યામ ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ સાતમ



વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી જરીની તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

ભક્ત પ્રતિપાલ જંજાલ ટારે ।
અપને રસરંગમે સંગ રાખત સદા, સર્વદા જો શ્રીયમુને નામ ઉચ્ચારે ॥૧॥
ઈનકી કૃપા અબ કહાઁ લગ બરનિયે, જૈસે રાખત જનની પુત્ર બારે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સંગ વિહરત, ભક્ત કો એક છિનુ ના વિસારે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

કહત શ્રુતિસાર નિરધાર કરીકે ।
ઈન બિના કોન ઐસી કરે હે સખી, હરત દુઃખ દ્વંદ્વ સુખકંદ બરખે ॥૧॥
બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો, તબહી ઈનકી ભુજા વામ ફરકે ।
દોરકર સોરકર જાય પિયસો કહે, અતિહી આનંદ મન મેં જુ હરખે ॥૨॥
નામ નિરમોલ નગ લે કોઉ ના સકે, ભક્ત રાખત હિયેં હાર કરકે ।
રસિક પ્રીતમ જુકી હોત જા પર કૃપા, સોઈ શ્રીયમુનાજીકો રૂપ પરખે ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ સાતમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ સપ્તમી   ચિત્ર પરિચય   ગુજરાતી : જેઠ સુદ સાતમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-આડબંધ

સાજ : આછી બદામી (ચેરાઈ) રંગની મલમલની રૂપેરી જરીના તૂઈલેસવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : આછા બદામી રંગની મલમલનો, રૂપેરી જરીના તૂઈલેસવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. ચેરાઈ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સફેદ મોરપંખની સાદી ચંદ્રિકા ધરી છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીજીનાં અને સફેદ પુષ્પોનાં સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે. તુલસીજીનાં બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે. ગુલાબી કમળનાં માળાજી પીઠિકા ઉપર ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

શીતલ ઉસીર ગૃહ છિરક્યો ગુલાબનીર
પરિમલ પાટીર ઘનસાર બરસત હૈં ।
સેજ સજી પત્રનકી અત્તરસો તર કીની
અરગજા અનૂપ અંગ મોદ દરસત હૈં ॥૧॥
બિંજના બિયાર સીરી છૂટત ફૂહારે નીકે
માનો ઘન ન્હૈની ન્હૈની ફૂહી બરસત હૈં ।
ચતુર બિહારી પ્યારી રસ સોં વિલાસ કરે
જેઠમાસ હેમંત ઋતુ સરસ દરસત હૈં ॥૨॥

શયન (રાગ-ઈમન)

મેરી રી બગરમે આવત છબિસોં કમલ ફિરાવત ।
ઔરનસો બતરાવત મો તન ચિતવત, ચતુર પરોસન દેખ મુસકાવત ॥૧॥
નયન મનુહાર કરત બૈનન સમઝાવત, નેહ જનાવત ભ્રોંહ ચઢાવત ।
નંદદાસ પ્રભુ સોં સ્નેહ લોક લાજ બાઢી, કૈસે કે ધીરજ આવત ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ આઠમ



આજે અભ્યંગ થાય - તીસરો અભ્યંગ

વસ્ત્ર : ચેરાઈ (બદામી અથવા પીચ) રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યાં છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચેરાઈ (બદામી-પીચ) રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ. રોટીની સાથે શિખરનભાત, દહીંભાત, કેરીનો અને ટેટીનો બિલસારુ, આમરસ જેવી સામગ્રી ધરાય છે.

નોંધ : વૈશાખ વદમાં પહેલો અને બીજો અભ્યંગ થાય છે. આજે ત્રીજો અભ્યંગ થાય છે.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

ગુણ અપાર મુખ એક કહાં લો કહિયે ।
તજો સાધન ભજો નામ શ્રીજમુનાજીકો, લાલ ગિરિધરનવર તબહિ પૈયે ॥૧॥
પરમ પુનિત પ્રીતકી રીત સબ જાનકે, દઢ કરિ ચરનકમલ જુ ગહિયે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ, ઐસી નિધિ છાંડ અબ કહાંજુ જૈયે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

ભક્ત કો સુગમ શ્રીયમુને અગમ ઓરે ।
પ્રાતહી નહ઼ાત અઘ જાત તાકે સક્લ, જમ હુ રહત તાહિ હાથ જોરે ॥૧॥
અનુભવી બિના અનુભવ કહા જાનહિ, જાકો પિયા નાહિ ચિત્ત ચોરે ।
પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં, **સુર** કહે કહા ભયો દેહ બોરે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ આઠમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ અષ્ટમી **ચિત્ર પરિચય** ગુજરાતી : જેઠ સુદ આઠમ

આજના શૃંગાર : દુમાલો-મોરશીખા-પીછોડો

સાજ : સફેદ રંગની નેટની (જાળીવાળી) ફૂલવેલની તથા જલમાં હંસ તરતા હોય તેવી જાળીકામની પિછવાઈ ધરી છે. ગાદી, તકીયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનના રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસવાળો પિછોડો ધર્યો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનના રંગના દુમાલા ઉપર શિરપેચ અને ગુલાબી રેશમની મોરશીખા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલક બંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં તથા તુલસીજીનાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી અને ચાંદીના બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : ઉષ્ણકાલમાં પાંચ અભ્યંગ થાય છે. અભ્યંગના દિવસે વિશેષ સુંદર રીતે શૃંગાર થાય છે. આડબંધ, પરદની, ધોતી, પીછોડા અને ફરી પરદની એમ પાંચ શૃંગાર થાય છે. સામગ્રી પણ વિશેષ આરોગે છે. આજે શયનમાં રોટી, શિખરન ભાત, દહીં ભાત, સતુવા, કાચી કેરીનો મુરબ્બો, પાકી કેરીનો બિલસારુ, ખરબુજાનો બિલસારુ, આમરસ વગેરે આરોગે છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આજ અતિ શોભિત હૈ નંદલાલ ।
નવચંદન કો લેપ કિયે તન તા ઉપર મોતિન માલ ॥૧॥
ખાસાકો કટિ બન્યો પિછોરા કુલહ સરસ બની ભાલ ।
કુંદમાલ શ્રીકંઠ બિરાજત બિચ બિચ ફૂલ ગુલાબ ॥૨॥
સારંગ રાગ અલાપત ગાવત મધુર સરસ સૂર તાલ ।
ગોવિંદ પ્રભુકી યા છબિ ઉપર મોહિ રહી વ્રજબાલ ॥૩॥

શયન (રાગ-નાયકી)

પાયન ચંદન લગાઉં ।
બહુત ભાંતિ બિંજના ઢુરાઉં, છિરક ગુલાબજલ નૈન સિરાઉં ॥૧॥
અગર કપુર ઘસિ અંગ લગાઉ મૃગમદ આડ ભાલ બનાઉં ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધરન છબિલે લે લે લાડ લડાઉં ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ નોમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ નોમ

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યાં છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : કેસરી રંગનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ૠતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

ભક્ત પ્રતિપાલ જંજાલ ટારે ।
અપને રસ રંગમે સંગ રાખત સદા, સર્વદા જો શ્રીયમુને નામ ઉચ્ચારે ॥૧॥
ઈનકી કૃપા અબ કહાં લગિ બરનિયે, જૈસે રાખત જનની પુત્ર બારે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સંગ વિહરત, ભક્તકો એક છિનુ ના વિસારે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

ભક્ત કો સુગમ શ્રીયમુને અગમ ઓરે ।
પ્રાતહી નહાત અઘ જાત તાકે સકલ, જમહુ રહત તાહિ હાથ જોરે ॥૧॥
અનુભવી બિના અનુભવ કહા જાનહિ, જાકો પિયા નહીં ચિત્ત ચોરે ।
પ્રેમ કે સિંધુકો મરમ જાન્યો નહીં, **સૂર** કહે કહા ભયો દેહ બોરે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ નોમ



આજના શૃંગાર : પાગ-કતરો-પરદની

સાજ : શ્રીયમુનાજીમાં જલવિહાર કરતા તથા બગીચામાં ફૂલના બંગલામાં બિરાજતા શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને શ્રીગોપીજનોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચેરાઈ (બદામી-પીચ) રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસવાળી પરદની ધરી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર ધર્યો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચેરાઈ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ અને સફેદ પંખનો દોહરો કતરો તથા ડાબી બાજુએ શીશફૂલ ધર્યાં છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીનાં અને શ્વેત પુષ્પોનાં અને તુલસીપાનનાં બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ચલો સખી કુંજ ગોપાલ જહાં ।
તેરી સોં મદનમોહનમેં ચલ લે જાઉં તહાં ॥૧॥
આછે કુસુમ મંદ મલયાનિલ તરુ કદંબ કી છાંહ ।
તહાં નિવાસ કિયો નંદનંદન ચિત્ત તેરે મન માંહ ॥૨॥
એસીરી બાત સુનત વ્રજસુંદરી તોહિ રહ્યો ક્યોં ભાવે ।
પરમાનંદ સ્વામી મન મોહન ભાગ્ય બડે તે પાવે ॥૩॥

શયન (રાગ-અડાનો)

જર જાઓરી લાજ મેરે એસી કૌન કાજ આવે, કમલ નયન નીકે દેખન ન દીને ।
બન તે આવત મારગમેં ભેટ ભઈ, સકુચ રહી ઈન લોગન કે લીને ॥૧॥
કોટિ યતન કર રહી રી નિહારવેકુ, અંચરા કી ઓટ દે દે કોટિ શ્રમ કીને ।
નંદદાસપ્રભુ તા દિન તે મેરે નયના, ઉનહી કે અંગ સંગ રંગરસ ભીને ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ દશમ



''ગંગા દશહરા'' શ્રીયમુનાજીનો ઉત્સવ

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : બદામી (ચેરાઈ કે પીચ) રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : બદામી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં મઠડી, પાયેલાં ખાજા, શીરો, સુંવાળી, શિખરનભાત, દહીંભાત, ઘોળેલો સથવો, સેવના લાડુ, ગુંજા, સેવ, ખીર, છાશવડાં, સખડી, દાળ, આખા મગ, પકોડીની કઢી, વડીનું શાક, રસની બરફી, કેરીના રસનો શીરો, મીસરીનો પનો, ખારું-મીઠું દહીં, તળેલાં બીજ, લીલો મેવો વગેરે સામગ્રી ધરાય છે.

ભોગ સરાવીને બીડાં આરોગાવ્યા પછી સિંહાસન પાસે એક થાળીમાં બરફી, બદામ, પીસ્તા, મીસરી, દ્રાક્ષ, બીજ, શીતલભોગ, સોપારીના ટૂક, ઈલાયચી વગેરે ધરાય છે.

શયન ભોગમાં રોટી, બિલસારુ, રીંગણનું ભરત, મગની છૂટી દાળ, પલાળેલી દાળ, ટેટીનો પનો, કઢી, પાપડ, ચોળા, કેરીના ટૂક, મઠડી, ખાજાં, શીરો, સુંવાળી, સેવના લાડુ, ગુંજા વગેરે ધરાય છે.

આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

નમો દેવી ગંગે નમો માત ગંગે હર સિરસિ નિખિલ મધમલકનંદે ।।ધ્રુવ।।
મધુમથન મૂર્તિવર બિંદુ કર કામકં બહસી બહુવાર સત રંગે ।

(જુઓ પરિશિષ્ટ - ૧)

શૃંગાર (રાગ-બિલાવલ)

આગે આગે ભાજ્યો જાત ભગીરથ કો રથ, પાછે પાછે આવત રંગ ભરી ગંગ ।
ઝલમલાત અતિ ઉજ્જવલ જલ જ્યોતિ અબ નિરખત, માનો સીસ ભર મોતિન મંગ ।।૧।।
જહાં પરે હૈ ભૂપ કબકે ભસ્મ રૂપ ઠોર ઠોર, જાગ ઉઠે હોત સલિલ સંગ ।
નંદદાસ માનો અગ્નિ કે યંત્ર છૂટે, એસે સુર પુર ચલે ધરે દિવ્ય અંગ ।।૨।।

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ સુદ દશમ



આજના શૃંગાર : પાગ-નાગફણીનો કતરો-પિછોડો.

સાજ : ચંદનના રંગની મલમલની, ઉત્સવની કમલના કામવાળી, રૂપેરી જરીની તૂઈલેસવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનના રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણીનો (જમાવ) કતરો, અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીજીનાં અને સફેદ પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે. સફેદ પુષ્પોનાં બે સુંદર માળાજી હમેલ તરીકે પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે શ્રીયમુનાજીનો તથા શ્રીગંગાજીનો ઉત્સવ મનાય છે. શ્રીયમુનાજીએ કૃપા કરી પોતાની બહેન ગંગાજીનું પ્રભુ સાથે શુભ મિલન કરાવ્યું હતું અને જલવિહાર નિમિત્તે ગંગાજીએ પ્રભુ મિલનનો આનંદ લીધો હતો. આજે જેઠ સુદ દશમના દિવસે ગંગાજી પૃથ્વી ઉપર પધાર્યાં અને દશે ઈન્દ્રિયો ઉપર આધિપત્ય મેળવી તેમની પ્રભુ મિલનની ઝંખના શ્રીયમુનાજી દ્વારા પૂર્ણ થઈ માટે આજના દિવસને ગંગા-દશહરા કહેવાય છે. શ્રીયમુનાજી જીવો ઉપર કૃપા કરી, શ્રીગંગાજીને મળ્યાં છે. શ્રીયમુનાજીનો સ્પર્શ થવાથી ગંગાજીના સ્નાન-પાન કરનારનો પણ ઉદ્ધાર થાય છે. શ્રીગંગાજી-યમુનાજીના ભાવથી આજે ચોકમાં જળ ભરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

જાકો વેદ રટત બ્રહ્મા રટત શંભુ રટત શેષ રટત, નારદ સુક વ્યાસ રટત પાવત નહીં પારરી ।
ધ્રુવજન પ્રહ્લાદ રટત કુંતી કે કુંવર રટત, દ્રુપદ સુતા રટત નાથ અનાથન પ્રતિપાલરી ॥૧॥
ગણિકા ગજ ગીધ રટત ગૌતમ કી નાર રટત, રાજનકી રમણી રટત સુતન દે દે પ્યારરી ।
નંદદાસ શ્રીગોપાલ ગિરિવરધર રુપજાલ, યશોદા કો કુંવર લાલ રાધા ઉર હારરી ॥૨॥

શયન (રાગ-કેદારો)

તરુવર છાંહ તીર જમુના કે કીર પઢાવત ડોલે ।
રુપરાસ કોઉ નવલ કિશોરી મોહન કહિ કહિ બોલે ॥૧॥
ઝુકત ઝુકાવત ડાર કદમ્બ કી વેણી શીશ પૈ ભ્રમર કલોલે ।
નાગરિદાસ નેહ રસમાતી વામ મૂંદિ મૂંદિ દગ ખોલે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ એકાદશી **મંગળા દર્શન** ગુજરાતી : જેઠ સુદ અગિયારસ



નિર્જલા એકાદશી

વસ્ત્ર : ચંપાઈ (આછા પીળા) રંગનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચંપાઈ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-રામકલી)**

હરિરિહ મુગ્ધ વધૂ નિકરે વિલાસિની વિલસતિ કેલિપરે ।ધ્રુ।।
ચંદન ચર્ચિત નીલકલેવર પીત-વસન-વનમાલી ।
કેલિ ચલન્મણિ કુંડલ-મંડિત ગંડયુગ-સ્મિત-શાલી ।।૧।।
પીન પયોધર ભાર ભરેણ હરિ પરિરભ્ય સરાગં ।
ગોપવધૂરનુ ગાયતિ કાચિ દુદંચિત-પંચમ રાગમ્ ।।૨।।
કાપિ વિલાસ વિલોલ વિલોચન ખેલન-જનિત-મનોજં ।
ધ્યાયતિ મુગ્ધ-વધૂ-રધિકં મધુસૂદન-વદન-સરોજં ।।૩।।
કાપિ કપોલતલે મિલિતા લપિતું કિમપિ શ્રુતિમૂલે ।
ચારુ ચુચુંબ નિતંબવતી દયિતં પુલકૈરનુકૂલે ।।૪।।
કેલિકલા કુતુકેન ચ કાચિદમું યમુનાજલ કૂલે ।
મંજુલ-વંજુલ-કુંજગતં વિચકર્ષ કરેણ દુકુલે ।।૫।।
કર-તલ-તાલ-તરલ-વલયાવલિ કલિત-કલસ્વન-વંશે ।
રાસ રસે સહ નૃત્યપરા હરિણા યુવતિ પ્રશશંસે ।।૬।।
શ્લિષ્યતિ કામપિ ચુંબતિ કામપિ રમયતિ કામપિ રામાં ।
પશ્યતિ સસ્મિત ચારુ તરામપરામનુ ગચ્છતિ વામાં ।।૭।।
શ્રીજયદેવ ભણિત-મિદમદ્ભુત કેશવકેલિ-રહસ્યમ્ ।
વૃંદાવન વિપિને લલિતં વિતનોતુ શુભાનિ યશસ્યં ।।૮।।

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ એકાદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : જેઠ સુદ અગિયારસ



આજના શૃંગાર : મુકુટ-ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : સફેદ નેટની (જાળીની) લહેરીયાના કામની, ગુલાબી હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની, રૂપેરી જરીના તૂઈલેસવાળી ધોતી અને રાજાશાહી પટુકો ધર્યો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણથી નીચેનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે મોતીનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મોતીનાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. તુલસીજીનાં અને શ્વેત પુષ્પોનાં બે સુંદર, કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી તથા ચાંદીના બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ-રામકલી)**

શ્રીજમુનાજી અધમ ઉદ્ધારની મૈં જાની ।
ગોધન સંગ શ્યામઘનસુંદર લલિત ત્રિભંગી દાની ॥૧॥
ગંગાચરણ પરસ તે પાવન હર સિર ચિકુર સમાની ।
સાત સમુદ્ર ભેદ યમ ભગિની હરિ નખસિખ લપટાની ॥૨॥
રાસ રસિકમણિ નૃત્યપરાયણ પ્રેમ પુંજ ઠકુરાણી ।
આલિંગન ચુંબન રસ વિલસત કૃષ્ણ પુલિન રજધાની ॥૩॥
ગ્રીષ્મઋતુ સુખદેત નાથકુ સંગ રાધિકા રાની ।
ગોવિંદ પ્રભુ રવિતનયા પ્યારી ભક્તિ મુક્તિ કી ખાની ॥૪॥

રાજભોગ (રાગ-સારંગ)

આજ ઠાડે લાલ મુકુટ ધરે ।
વદન લસત મકરાકૃત કુંડલ રતિપતિ મન જુ હરે ॥૧॥
અરુન અધર ઔર ચિબુક ચારુ બન્યો દુલરી મોહન માલ ગરે ।
અતિ સુગંધ ઔર ચંદન ખોર કિયે પહોંચી મોતીન કી લરે ॥૨॥
કર મુરલી કટિ લાલ કાછની કિંકણી નૂપુર શબ્દ કરે ।
ગુન ભરે **કૃષ્ણદાસ** પ્રભુ રાધા નિરખ નેન ઈત ઉત ન ટરે ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

પાગ સોહે લટપટી ગુલાબ કે ફૂલન કુલહભરે ।
ભૃકુટિ વિલાસ હાસ કુંડલ કપોલ ઝાંઈ કોટિક મન્મથ મન હરૈ ॥૧॥
કુંચિત કેશ સુદેશ તિલક રુચિર ભાલ માલ મોતિન કી ભેખ કરે ।
ચર્તુભુજદાસ પ્રભુ ગિરિધર એસી વિધિ ઠાડે મુરલી અધર ધરે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : જેઠ સુદ બારસ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : જેઠ સુદ બારસ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ-ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, પાંદડી, ચંદન વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં કેસરી ઘેબર ધરાય છે. આજથી રોજ ઉત્થાપનમાં આખી કેરી ધરાય છે.

શયનમાં રોટી અને રસ ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-બિભાસ)**

ગોકુલકી પનિહારી પનિયાં ભરન ચલી, બડે બડે નયના તામે શોભ રહ્યો કજરા ।
પહિરે કસુંભી સારી અંગ અંગ છબિ ભારી, ગોરી ગોરી બહિયનમે મોતિન કે ગજરા ॥૧॥
સખી સંગ લિયે જાત હસ હસ બુઝત બાત, તનહુ કી સુધિ ભૂલી શીશ ધરે ગગરા ।
નંદદાસ બલિહારી બિચ મિલે ગિરિધારી, નયન કી સૈનન મેં ભૂલ ગઈ ડગરા ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

જમુનાજલ ઘટ ભરિ ચલી ચંદ્રાવલી નારિ ।
મારગમેં ખેલત મિલે ઘનશ્યામ મુરારિ ॥૧॥
નૈનન-સો નૈના મિલે મન રહ્યો લુભાઈ ।
મોહન મૂરતિ જિય બસી પગ ધર્યો ન જાઈ ॥૨॥
તબકી પ્રીતિ પ્રગટ ભઈ યહ પહિલી ભેંટ ।
પરમાનંદ ઐસે મિલી જૈસેં ગુડમે ચેંટ ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

આવત હી જમુના ભર પાની ।
શ્યામરુપ કાહુકો ઢોટા વાકી ચિતવન મેરી ગૈલ ભૂલાની ॥૧॥
મોહન કહ્યો તુમ કો યા વ્રજમેં હમે નહિ પહિચાની ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ ભક્તિ કૃપા રસભીનો ॥૨॥

વ્રજ : આષાઢ કૃષ્ણ અમાવાસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : જેઠ વદ અમાસ



વ્રજ : આષાઢ કૃષ્ણ અમાવાસ્યા ચિત્ર પરિચય ગુજરાતી : જેઠ વદ અમાસ

આજના શૃંગાર : પાગ-કતરા-આડબંધ

સાજ : પતંગી (રાણી) રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પતંગી (રાણી) રંગની મલમલનો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પતંગી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણી (જમાવ)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે માળાજી તથા શ્વેત પુષ્પોનાં બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે તિલકાયત શ્રી ગિરિધરજી મહારાજનો ઉત્સવ છે. આપશ્રીનું જીવન અત્યંત સાદગીપૂર્ણ હોવાથી આજે સાદાં વસ્ત્ર ધરાય છે. આપશ્રીએ નાથદ્વારામાં શ્રીપ્રભુ અને જનસુખાર્થ ગિરધર સાગર આદિ અનેક સ્થાન નવાં બનાવડાવ્યાં. આપશ્રીના સમયમાં નાથદ્વારા ઉપર મરાઠાઓ વગેરેના આક્રમણોના કારણે આપશ્રીએ ઘસ્યાડમાં નૂતન મંદિર સિદ્ધ કરી વિ. સં. ૧૮૫૯માં ત્યાં શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયજી અને શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવ્યા. ત્યાં ખૂબ ઉત્સાહ, ઉલ્લાસથી શ્રી...ની સેવા, મનોરથો વગેરે થતા રહ્યા. આપશ્રીએ ઘસ્યાડમાં જ લીલા પ્રવેશ કર્યો. આપના લાલજી શ્રીદામોદરજીએ શ્રીજીબાવાને ઘસ્યાડથી વિ.સં. ૧૮૬૪ના મહા વદ સાતમે ફરી પાછા નાથદ્વારામાં પાટ પધરાવ્યા.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ઠીક દુપહરીકી તપનમેં ભલેઈ આયે મેરે ગેહ ।
ભવન બિરાજો બિંજના ઢુરાઉં શ્રમ ઝલકત સબ દેહ ॥૧॥
શ્રમકો નિવારિયે અરગજા ધારિયે જિયતેં ટારિયે ઔર સંદેહ ॥૨॥
ચતુર શિરોમનિ યાહી તેં કહિયત **સૂર** સુફલ કરો નેહ ॥૩॥

શયન (રાગ-અડાનો)

અરી હોં યા મગસે નિકસી આય અચાનક કાન્હકુંવર ઠાડે આપુની પોર ।
દૃષ્ટિસો દૃષ્ટિ મિલી રોમરોમ સીતલ ભઈ તન મેં ઊઠી હૈ કૈંધો કામ રોર ॥૧॥
લાલ પાગ ઝુક રહી ભ્રૌંહન પર શ્યામ ગાત કિયે ચંદન કી ખોર ।
સૂરદાસ પ્રભુ સર્વસ્વ હરકે ચલે મન આવત કૈંધો મિલો રી દૌર ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ એકમ



વ્રજ : આષાઢ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ સુદ એકમ

વસ્ત્ર : પતંગી (રાની) રંગની મલમલનો આડબંધ ધર્યો છે.

શૃંગાર : પતંગી (રાની) રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી ઉષ્ણકાલની સેવા પૂર્ણ થઈને વર્ષાકાલની સેવાનો આરંભ થાય છે. બધા સમામાં મલ્હાર રાગ ગવાય છે. ફૂવારા, ખસના પડદા, જલનો છંટકાવ વગેરે આજે છેલ્લા થાય છે.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આયે માઈ બરખાકે અગવાની ।
દાદુર મોર પપૈયા બોલે કુંજન બગ પાંત ઉડાની ॥૧॥
ધનકી ગરજ સુન સુધિ ન રહી કછુ બદરન દેખ ડરાની ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર લાલ ભયે સુખદાની ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

જો સુખ હોત ગોપાલે ગાયેં ।
સો ન હોત જપ તપ વ્રત સંયમ કોટિક તીરથ ન્હાયે ॥૧॥
ગદ્ ગદ્ ગિરા લોચન જલધારા પ્રેમ પુલક તનુ છાયે ।
તીનલોક સુખ તૃણવત લેખત નંદનંદન ઉર આયે ॥૨॥
દિયે નહી લેત ચાર પદારથ શ્રીહરિચરણ અરુઝાયે ।
સૂરદાસ ગોવિંદ ભજનબીન ચિત્ત નહીં ચલત ચલાયે ॥૩॥

વ્રજ : આપાઢ શુક્લ પ્રતિપદા **રાજભોગ દર્શન** ગુજરાતી : અપાઢ સુદ એકમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલની ધોતી અને રાજાશાહી પટુકો ધર્યાં છે. બંને વસ્ત્રો ઉપર રૂપેરી જરીના તૂઈલેસ મૂકેલાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સફેદ પંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને કમળનાં થાગવાળાં બે માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

ઢાંય ઢાંય નાચત મોર સુન સુન નવઘનકી ઘોર,
બોલત હૈ ચહું ઔર અતિ હી સુહાવને ।
ઘુમડત ઘનઘટા નિહાર આગમ સુખ જાય વિચાર,
ચાતક પિક મુદિત ગાવત દ્રુમન બૈઠે સુહાવને ॥૧॥
નવલ વનમેં પહેરે તન મેં કસુંભી ચીર કનક વરણ,
શ્યામ સુભગ ઓઢે વસન પીત સુહાવને ।
પાવસ ઋતુ કો રંગ બિલાસ દાસ **ચતુર્ભુજ** પ્રભુ કે સંગ,
મોહિત કોટિ અનંગ ગિરિધર પિય અંગ અંગ અતિહી સુહાવને ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

આયો આગમ નરેશ દેશ દેશમે આનંદ ભયો મન્મથ અપની સહાય કુ બુલાયો ।
મોરનકી ટેર સુન કોકિલા કુલાહલ તેસોઈ દાદુર હિલમિલ સુર ગાયો ॥૧॥
ચઢ્યો ઘન મત્ત હાથી પવન મહાવત સાથી અંકુશ બંકુશ દેદે ચપલ ચલાયો ।
દામિની ધ્વજા પતાકા ફરહરાત શોભા બાઢી ગરજ ગરજ ધોં ધોં દમામા બજાયો ॥૨॥
આગે આગે ધાય ધાય બાદર બર્ષત આય બ્યારન કી બહુ કન ઠોર ઠોર છિરકાયો ।
હરી હરી ભૂમિ પર બૂંદન કી શોભા બાઢી વરણ વરણ રંગ બિછોના બિછાયો ॥૩॥
બાંધે હૈ વિરહી ચોર કીની હૈ જતન રોર સંજોગી સાધનસોં મિલ અતિ સચુપાયો ।
નંદદાસ પ્રભુ નંદનંદનકે આજ્ઞાકારી અતિ સુખકારી વ્રજવાસીન મન ભાયો ॥૪॥

વ્રજ : આષાઢ શુક્લ દ્વિતીયા **મંગળા દર્શન** ગુજરાતી : અષાઢ સુદ બીજ



રથયાત્રા

હાંડી - આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : સફેદ મલમલનો, ધોરેવાળો (થોડે થોડે અંતરે સોનેરી જરીની તૂઈ મૂકેલો) અને સોનેરી જરીની તૂઈની કિનારી મૂકેલો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : મંગલભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં બુંદી તથા સેવૈયાના લાડુ આવે.

રાજભોગમાં વિશેષ સામગ્રીમાં ઉપરેટા, શિખરનભાત, દહીંભાત, કઢીને બદલે પકોડીના તીનકુડા, બે શાક, બે પ્રકારનાં ભુજાનાં (ભજીયાં), પાટિયાની સેવ, છાશવડાં, મેવાટી, બધી જાતનાં બીજ, સંધાણાં, મગની છૂટી દાળ, પાપડ અને કચરિયાં ધરાય.

ઉત્સવ ભોગમાં વિશેષ સામગ્રી સેવના લાડુ, બુંદીના લાડુ, ઉપરેટા, પાટિયાની સેવ, મઠડી, શક્કરપારા, ગુંજા, છુટી બુંદી, કાંજી, મેંદાની પૂરી, છાશવડા, કડકડિયા ચણા, શાક, જુદાં જુદાં પ્રકારનાં ભજીયાં, સંધાણાં, તેમજ દૂધઘરમાં પેંડા, બરફી, દૂધ, બાસૂદી, માખણ મીસરી, દૂધપૂરી, ખાટું મીઠું દહીં, બિલસારુ, કોપરાની જલેબી, શિખરનવડી, તળેલો મેવો, બધી જાતના બીજ, ચારોળી અને બીજના લાડુ, અંકુરી, મીસરીનો પનો, કેરી, ચણાની કે મગની દાળ પલાળેલી અથવા મગની અંકુરી,

ઉત્થાપન ભોગમાં અને શયનભોગમાં વઘારેલી ચણાની કે મગની દાળ અને મગની અંકુરી આવે.

આજે દરેક ભોગમાં બુંદીની સામગ્રી આરોગાવાય છે.

ઉત્સવ ભોગ ત્રણ વખત આવે છે. પહેલા ઉત્સવભોગ કરતાં બીજા ઉત્સવભોગમાં બમણી સામગ્રી આવે છે અને ત્રીજા ઉત્સવભોગમાં બાકીની બધી સામગ્રી ધરાય છે. આપણે યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

કુંવર ચલો જુ આગે ગહવરમેં જહાઁ બોલત મધુરે મોર ।
વિકસત વનરાજી કોકિલા કરત રોર ।।૧।।
મધુરે વચન સુનત પ્રીતમ કે લીનો પ્યારી ચિત્તચોર ।
ગોવિંદ બલબલ પિય પ્યારી કી જોર ।।૨।।

વ્રજ : આષાઢ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ બીજ



આજના શૃંગાર : કુલ્હે જોડ-પિછોડો

સાજ : સફેદ મલમલની પિછવાઈ ધરી છે; જેના ઉપર થોડે થોડે અંતરે સોનેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. આ પ્રકારની પિછવાઈને ‘ધોરેવાલી’ પિછવાઈ કહેવાય છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ દોરિયાનો, સોનેરી તૂઈ મૂકેલો ધોરેવાલો પિછોડો ધર્યો છે. ચંદનના રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. આજથી ઠાડું વસ્ત્ર ધરવાની શરૂઆત થાય છે. અષાઢી પૂનમ સુધી કોઈ કોઈ દિવસ ઠાડું વસ્ત્ર ધરાશે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન ભારે શૃંગાર થયો છે. મિલવાઃહીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ પુષ્પોનાં અને પીળાં પુષ્પોનાં સુંદર કલાત્મક બે માળાજી ધર્યાં છે. પીઠિકા ઉપર મોતીનું ચોકઠું ધર્યું છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : સિંહાસન ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી વગેરે જડાવ સુવર્ણનાં ધરાયાં છે. માટીનાં કૂંજામાં શીતલ સુગંધી જલ ભરી, કલાત્મક રીતે વસ્ત્ર લપેટી સન્મુખમાં ચાંદીના પડઘા ઉપર ધરેલું છે. ચાંદીનાં ત્રસ્ટીજી ધર્યાં છે અને સન્મુખમાં ચાંદીનો રથ છે. તકિયાની બાજુમાં બે ગુલાબદાનીમાં ગુલાબજલ ભરી ધરવામાં આવ્યું છે.

આજે બધા સમયમાં મલ્હાર રાગ ગવાય છે. (રાગ બદલીને પણ) શ્રીજીબાવા રથમાં બિરાજતા નથી. રથયાત્રાનાં કીર્તન થતાં નથી. ચાર ભોગનાં દર્શન પણ થતાં નથી. પરંતુ ઉત્સવભોગની સામગ્રી ધરાય છે. ગોપીવલ્લભભોગની સાથે સવા લાખ કેરી અને અન્ય સામગ્રી ધરાય છે. ભાવાત્મક રીતે પ્રભુ વ્રજભક્તોને ઘેર પધારે છે એ ભાવનાથી સન્મુખમાં ચાંદીનો રથ આવે છે.

આજે મધ્યાહ્ન સમયે શ્રીમહાપ્રભુજીએ ગંગાજીની મધ્યધારામાં પ્રવેશ કરી, આસુર વ્યામોહ લીલા કરી, નિત્યલીલામાં પ્રવેશ કરેલો તેથી પ્રભુ શ્વેત વસ્ત્રો ધરે છે અને રથમાં બિરાજતા નથી. ઉત્સવના કારણે કુલ્હે-જોડનો શૃંગાર કરે છે.

કીર્તન : (કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આષાઢ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ ત્રીજ



વ્રજ : આષાઢ શુક્લ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ સુદ ત્રીજ

વસ્ત્ર : મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો સફેદ આડબંધ ધર્યો છે.

શૃંગાર : સફેદ કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં બુંદીના લાડુ, ડબકાની કઢી, મગની છૂટી દાળ તથા ગઈકાલની સામગ્રીમાંથી જે રાખી હોય તે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

સખીરી દેખ શોભા વનકી ।
ઈત મોહન મધુર મુખ મુરલી ઉત ગરજન નવઘન કી ॥૧॥
ઉતહી શ્યામ બાદર સોહત ઈત રાજત શ્યામલ તનકી ।
ઉત બગ પાંતિ હીરાવલી મુક્તા ગિરિધર ગરેં લસન કી ॥૨॥
ઈતહી રુચિર વનમાલ બની ઉર ઉતહી રહેન ઈન્દ્ર ધનુકી ।
ઉત દામિની ચપલા ચમકત ઈત ફરકનિ પીત વસન કી ॥૩॥
ઉત ધુરવા ઈત ધાતુ વિચિત્ર રુચિ સુભગ શ્રીઅંગ લસનકી ।
ઉત બુંદે દ્રુમવેલી સિંચત ઈત પ્રેમ નીર બરખન કી ॥૪॥
અતિ આનંદ નિરખ દોઉ સુખ ગાવત વિહંગ મગનકી ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન રસિકવર કરિ વિનતી વિલસનકી ॥૫॥

શૃંગાર (રાગ-મલ્હાર)

નયો નેહ નયો મેહ નઈ ભૂમિ હરિયારી નવલ દુલ્હે પ્યારો નવલ દુલ્હૈયા ।
નવલ ચાતક મોર કોકિલા કરત રોર નવલ યુગલ ભોર નવલ ઉલ્હૈયા ॥૧॥
નવલ કસૂંભી સારી પહેરે શ્રીરાધાપ્યારી ઓઢનીકે સંગ અંગ સરસ સુલ્હૈયા ।
નંદદાસ બલિહારી છબિપર વારડારી નવલ હી પાગ બની નવલ કુલ્હૈયા ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ ત્રીજ



વ્રજ : આષાઢ શુક્લ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : અષાઢ સુદ ત્રીજ

આજના શૃંગાર : કુલ્હે જોડ-આડબંધ

સાજ : રથયાત્રાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈમાં રથનું ચિત્રકામ એવી રીતે થયું છે કે જાણે શ્રીજીબાવા રથમાં બિરાજ્યા હોય તેવું લાગે છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારવાળો, ધોરેવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ કુલ્હે ઉપર શિરપેચ તથા ત્રણ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : વર્ષમાં એક જ વખત, આજે રથયાત્રાના બીજા દિવસે, શ્રીઠાકોરજીને આડબંધ ઉપર કુલ્હે તથા કુંડલનો શૃંગાર થાય છે. સામાન્ય રીતે આડબંધ સાથે કુલ્હે જોડ કે કુંડલ ધરાતાં નથી.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

આયો આગમ નરેશ દેશ દેશમે આનંદ ભયો મન્મથ અપની સહાય કુ બુલાયો ।
મોરનકી ટેર સુન કોકિલા કુલાહલ તેસોઈ દાદુર હિલમિલ સુર ગાયો ॥૧॥
ચઢ્યો ઘન મત્ત હાથી પવન મહાવત સાથી અંકુશ બંકુશ દેદે ચપલ ચલાયો ।
દામિની ધ્વજા પતાકા ફરહરાત શોભા બાઢી ગરજ ગરજ ધોં ધોં દમામા બજાયો ॥૨॥
આગે આગે ધાય ધાય બાદર બર્ષત આય બ્યારન કી બહુ કન ઠોર ઠોર છિરકાયો ।
હરી હરી ભૂમિ પર બૂંદન કી શોભા બાઢી વરણ વરણ રંગ બિછોના બિછાયો ॥૩॥
બાંધે હે વિરહી ચોર કીની હે જતન રોર સંજોગી સાધનસોં મિલ અતિ સચુપાયો ।
નંદદાસ પ્રભુ નંદનંદનકે આજ્ઞાકારી અતિ સુખકારી વ્રજવાસીન મન ભાયો ॥૪॥

શયન (રાગ-મલ્હાર)

કુંવર ચલોજુ આગે ગહવર મેં જહાં બોલત મધુરે મોર ।
વિકસત વનરાજી કોકિલા કરત રોર ॥૧॥
મધુરે વચન સુનત પ્રીતમ કે લીનો પ્યારી ચિત ચોર ।
ગોવિંદ બલિ બલિ પિય પ્યારી કી જોર ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ ચોથ



વ્રજ : આષાઢ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ સુદ ચોથ

વસ્ત્ર : સફેદ મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : સફેદ રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-સૂહા બિલાવલ)**

નૈન ઉનીદે ભયે રંગ રાતે ।
માનો ગુલાબ કુસુમ પર સજની ભ્રમર ભમત મદમાતે ॥૧॥
પ્રેમ પરાગ પાંખુરી ફૂલદલ પ્રફૂલિત મદનલતા તેં ।
સુભગ સુવાસ વિલાસ વિલોકન પ્રગટ પ્રીતિ કરી તાતે ॥૨॥
તેસે ઈ મંદ મારુત ગજ ભઁવર જમ્હાવરિ મિલિત મુદિત છબિ યાતે ।
સિંચે **સૂરશ્યામ** રસનાગર હિત કર કેલિ કલા તેં ॥૩॥

શૃંગાર (રાગ-સૂહા બિલાવલ)

કૌનકી ઉપરની ઓઢિ આયે સાંચી કહો પિય મોસોં ।
લટપટી પાગ અટપટે પેચન બિન ગુન માલ હિયે અધરન અંજન લાયે ॥૧॥
જાનત જો કોનકે દુરાયે જાત હો છિપત નાહી છિપાયે ।
ઐસી ચતુરાઈ જિન કરો રે મોહન મોસોં કહો અબ કૌન ત્રિયા ભરમાયે ॥૨॥

વ્રજ : આપાઢ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : અપાઢ સુદ ચોથ



આજના શૃંગાર : પાગ-કતરા-પરદની

સાજ : સફેદ મલમલની ફૂલવેલના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા,ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પતંગી (રાણી) રંગની મલમલની પરદની ધરી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પતંગી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સફેદ પંખના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં રંગીન થાગવાળાં બે કલાત્મક સુંદર માળાજી ધર્યાં છે. તેમજ બે માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

તનક પ્યાય દે પાની યાહિ મિસ ગયે વાકે ઘર ।
સમઝ બુઝકે જલ ભર લાઈ પીવન લાગે ઓક ઢીલી કરિ
તબ ગ્વાલિન મંદ મંદ મુસિકાની ॥૧॥
વેહી જલ વૈસે હી ગયો ઓર જલ ભર લાઈ
તબ ગ્વાલિની બોલી મધુરીસી બાની ।
ચતુરબિહારી પ્યારે પ્યાસે હો તો પીજિયે
નાતર સિધારો રાવરે જુ પ્યાસ મૈં જાની ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

આવરી બાવરી ઉજરી પાગમે મેલકે બાંધ્યો મંજુલ ચોટા ।
ચંચલ લોચન ચારુ મનોહર અબહિ ગહિ આન્યો હે ખંજન જોટા ॥૧॥
દેખત રુપ ઠગોરીસી લાગત નયનન સૈન નિમેષ કી ઓટા ।
નંદદાસ રતિરાજ કોટિ વારૌં આજ બન્યો વ્રજરાજ કો ઢોટા ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ પાંચમ



શ્રીદ્વારકાધીશપ્રભુ (કાંકરોલી)નો પાટોત્સવ

ફૂલની કળીનો પ્રથમ શૃંગાર

વસ્ત્ર : ચેરાઈ (બદામી) રંગની મલમલનો, ધોરેવાળો (થોડે થોડે અંતરે રૂપેરી જરીની તૂઈ મૂકેલો) અને રૂપેરી જરીની કિનારી મૂકેલો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પતંગી (રાણી) રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આયો આગમ નરેશ દેશ દેશમે આનંદ ભયો મન્મથ અપની સહાય કુ બુલાયો ।
મોરનકી ટેર સુન કોકિલા કુલાહલ તેસોઈ દાદુર હિલમિલ સુર ગાયો ॥૧॥
ચઢ્યો ઘન મત્ત હાથી પવન મહાવત સાથી અંકુશ બંકુશ દેદે ચપલ ચલાયો ।
દામિની ધ્વજા પતાકા ફરહરાત શોભા બાઢી ગરજ ગરજ ધોં ધોં દમામા બજાયો ॥૨॥
આગે આગે ધાય ધાય બાદર બર્ષત આય બ્યારન કી બહુ કન ઠોર ઠોર છિરકાયો ।
હરી હરી ભૂમિ પર બૂંદન કી શોભા બાઢી વરણ વરણ રંગ બિછોના બિછાયો ॥૩॥
બાંધે હૈ વિરહી ચોર કીની હૈ જતન રોર સંજોગી સાધનસોં મિલ અતિ સચુપાયો ।
નંદદાસ પ્રભુ નંદનંદનકે આજ્ઞાકારી અતિ સુખકારી વ્રજવાસીન મન ભાયો ॥૪॥

શૃંગાર (રાગ-મલ્હાર)

શોભા માઈ અબ દેખન કી બહાર ।
ગોવર્ધન પર્વત કે ઉપર મોરન કી પતવાર ॥૧॥
ઠાડે લાલ પીત પટ ઓઢે મુરલી મધુર રસાલ ।
મોર ચંદ્રિકા માથે સોહે ઔર ગુંજન કે હાર ॥૨॥
ઘન ગરજત ઔર દામિની દમકત ન્હેની ન્હેની પરત ફૂવાર ।
સૂરદાસ પ્રભુ તોઉ ન અઘેહે અંખિયા હોય લખચાર ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ પાંચમ



વ્રજ : આષાઢ શુક્લ પંચમી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ સુદ પાંચમ

આજના શૃંગાર : ફેંટાનો સાજ-સૂથન પટુકા

સાજ : સફેદ મલમલની ધોરેવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈ ઉપર થોડે થોડે અંતરે રૂપેરી તૂઈલેસની કિનારી મૂકેલી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચેરાઈ (પીચ) રંગનાં, ધોરેવાલા સૂથન અને રાજાશાહી પટુકા ધરેલાં છે. બંને વસ્ત્રો ઉપર રૂપેરી જરીનાં તૂઈલેસ મૂકેલાં છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ફેંટાનો સાજ છે. ચેરાઈ રંગના ફેંટા ઉપર શિરપેચ અને સફેદ ચમકની (બાદલાની) મોરશીખા અને કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં રંગબેરંગી કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે તાજબીબીના ભાવથી સૂથન-પટકાનો શૃંગાર થાય છે. શ્રીમસ્તકે ફેંટા અને મોરશીખા ધરાય છે. ફૂલના શૃંગાર પણ સૂથન પટકા અને ફેંટાના થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

ઓઢે લાલ ઉપરૈની ઝીની ।
તન સુખ સેત સુદેશ અંસ પર બહુત અરગજા ભીની ॥૧॥
અતિ સુગંધ સીતલ ઉર ચંદન આદિ યે રચના કીની ।
હરિ ધરી ભ્રુ પર પાગ દુપેચી કોટિ મદન છબી છીની ॥૨॥
સુથન બની હિરમિચી શોભિત ગતિ ગયંદકી લીની ।
પરમાનંદ પ્રભુ ચતુર સિરોમનિ વ્રજવનિતા પ્રેમ રતિ દીની ॥૩॥

શયન (રાગ-મલ્હાર)

ગાવત રસિકરાય વ્રજ નૃપતિ કુંવર ।
તીસરે સુર સંચ બાંધ રત્નજટિત અધોટી સોહત દક્ષિણ કર ॥૧॥
રાગ મલ્હાર અલાપત ચોખી તાનન મન હર્યો ગંધર્વ ખેચર ।
ગોવિંદ પ્રભુ પર કુસુમ બરખત કહત જય જય સકલ કલા ગુણ પ્રવીણ હૈ અતિ સુઘર ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ પંચમી **આરતી દર્શન** ગુજરાતી : અષાઢ સુદ પાંચમ



ફૂલની કળીનો પહેલો શૃંગાર

આજે ભોગ આરતીમાં નિયમનો ફૂલની કળીના સૂથન પટુકા અને ફેંટાનો શૃંગાર થયો છે.

ફૂલના શૃંગારના પદ મલ્હાર રાગમાં ગવાય છે.

કીર્તન : (રાગ-મલ્હાર)

શ્યામ શ્યામા સુભગ ફૂલકે મહલમેં ફૂલ સિંગાર કર અતિ સોહે ।
મુકુટ કાછની ફૂલ, ફૂલકો ચોલના, ફૂલ સૂથન દેખ પ્રિય મન મોહે ।।૧।।
ફૂલ સારી બની ફૂલ કંચુકી તની, ફૂલકે હાર બહુ ફૂલ આછે સોહે ।
ફૂલમેં ફૂલ અતિ ફૂલે બાતેં કરે વ્રજજન ફૂલકે નિરખ જોહે ।।૨।।

(રાગ-કાન્હરો/મલ્હાર)

ફૂલકે ભવન ગિરિધરન નવનાગરી ફૂલ સિંગાર કરિ અતિ હિ રાજે ।
ફૂલનકી પાગ સિર શ્યામકે રાજ હી ફૂલ કી માલ હિય પેં બિરાજે ।।૧।।
ફૂલ સારી બની કંચુકી ફૂલ કી ફૂલ લહેંગા નિરખ કામ લાજે ।
છીતસ્વામી ફૂલ સદન પ્યારી સંગ વિલસી મિલવત અંગ કામ દાજે ।।૨।।

●

શ્રીદ્વારકાધીશપ્રભુની લીલાભાવના

ભ્રૂવલ્લીસંજ્ઞયાદૌ સહચરીનિકરં વર્જયિત્વા સ્વકીયં ।
પશ્ચાદાગત્ય તૂષ્ણીમથ નયનયુગં સ્વપ્રિયાયા નિમીલ્ય ।।
કોસ્મીત્યેતદ્ વચન સકૃત્ વેણુના ભાષમાણઃ ।
પાતુ ક્રીડારસ રસપરિચયરત્ત્વાં ચતુર્બાહુરુચ્ચૈઃ ।।

ભાવાર્થ : આંખની ભ્રમરોના સંકેત વગેરેથી પોતાનાં સખીજનોને ચૂપ રહેવા સૂચવી, પાછળથી ચૂપકીદીથી આવી, પોતાનાં સ્વીમિનીજીનાં બંને નેત્રો મીંચી, વેણુના સ્વરમાં 'હું કોણ છું?' એમ બોલી, જેમણે રસક્રીડાનો અનુભવ કરાવ્યો તે ચતુર્ભુજ પ્રભુ (શ્રીદ્વારકાધીશ) તમારું રક્ષણ કરો.

વ્રજ : આષાઢ શુક્લ પંચમી **શ્રીદ્વારકાધીશજી** ગુજરાતી : અષાઢ સુદ પાંચમ



વ્રજ : આષાઢ શુક્લ પંચમી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ સુદ પાંચમ

પાટોત્સવ : શ્રીદ્વારકાધીશપ્રભુ (કાંકરોલી)

સ્વરૂપભાવના : આ ખૂબ પ્રાચીન સ્વરૂપ છે. બ્રહ્માજીથી લઈ સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગમાં સેવાયેલું છે. કનોજના દિવાન દામોદરદાસ સંભરવાળાએ તેમના ગામના નારાયણ દરજી પાસેથી આ સ્વરૂપ પધરાવી લાવી, શ્રીમહાપ્રભુજી પાસે સેવ્ય કરાવી રાજવૈભવથી સેવા કરી હતી.

આ સ્વરૂપ ઠાડું (ઊભું) શ્યામ સ્વરૂપ છે. શ્યામ રંગ દિવ્ય શૃંગારરસનો રંગ છે. તે એમ સૂચવે છે કે વેદમાં બતાવ્યા પ્રમાણે શ્રીઠાકોરજી 'રસો વૈ સઃ' - રસાત્મક આનંદ સ્વરૂપ છે.

તેમના ચાર શ્રીહસ્ત છે. બે હસ્ત ઊંચા ખભા તરફ છે. બે હસ્ત નીચા ઢીંચણ તરફ છે. જમણા નીચેના શ્રીહસ્તમાં પદ્મનું ચિહ્ન છે. તેનો એક ભાવ એવો છે કે આ શ્રીહસ્ત તેઓ જેના મસ્તકે ધરે તેના પર ચૌદ લોકનો ભાર પડે. તે આયુધરૂપ છે. પુષ્ટિલીલામાં પદ્મનું ચિહ્ન શ્રીસ્વામિનીજીની હથેળીનો ભાવ છે. શ્રીઠાકોરજીએ આંખમિચોલી લીલા કરી ત્યારે શ્રીસ્વામિનીજી તેમની હથેળી વડે નેત્ર ઉપર દબાવેલો હસ્ત છોડાવે છે.

બીજા જમણા ઉપરના હસ્તમાં ગદાનું આયુધ છે. તે કૌમુદિકી ગદા છે. આ ગદા દ્વારા શ્રીઠાકોરજી ભક્તોની સામે છૂટતાં અસ્ત્રોના તેજને હણે છે. પુષ્ટિલીલામાં એવો ભાવ છે કે આંખ મિચોલી વખતે પ્રભુની ચતુર્ભુજ થવાની અદ્‌ભુત લીલા જોઈ શ્રીસ્વામિનીજીએ પોતાના ગદા જેવા આકારના શ્રીહસ્તથી શ્રીઠાકોરજીના શ્રીહસ્તને પકડ્યો છે.

ત્રીજા ઉપરના ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. તે સુદર્શન ચક્ર છે. શ્રીપ્રભુ જેને મુક્તિ આપવા ચાહે તેને આ ચક્રથી મારે છે. પુષ્ટિલીલામાં તે શ્રીસ્વામિનીજીના કંકણની છાપ છે.

ચોથા નીચેના ડાબા શ્રીહસ્તમાં શંખનું આયુધ છે. તેનું નામ પાંચજન્ય શંખ છે. તેના નાદથી પ્રભુ અસુરોના ગર્વનો નાશ કરે છે. પુષ્ટિલીલામાં તે સ્વામિનીજીની ગ્રીવા (ડોક)નો સ્પર્શ શ્રીઠાકોરજીને થયો છે તે ભાવ છે.

આ સ્વરૂપની પીઠિકા ચોખંડી છે; કારણ કે તેમના શ્રીઅંગમાં ચારે આયુધ સ્વરૂપાત્મક રૂપે છે. વળી આ સ્વરૂપ શ્રીસ્વામિની ભાવથી સ્ત્રીરૂપ છે. અન્ય ત્રણ સ્વામિનીઓના ભાવાત્મક વિશિષ્ટ સ્વરૂપ હોવાથી આપની પીઠિકા ચોખંડી છે. પીઠિકામાં ડાબી બાજુ ઉપર ચતુર્ભુજ સ્વરૂપ છે તે મથુરામાં વસુદેવ-દેવકીજીને દર્શન આપનાર સ્વરૂપ છે. જમણી બાજુ ઉપર જે ચતુર્ભુજ સ્વરૂપ છે તે પદ્માસનધારી સૃષ્ટિકર્તા નારાયણનું સ્વરૂપ છે. નીચે બંને બાજુ બે બે સ્વરૂપ મળી કુલ ચાર સ્વરૂપ છે તે ચાર પાર્ષદ સુનંદન, નંદ, પ્રબલ, અર્હણ છે. બીજો ભાવ ચાર વેદનો છે. ત્રીજો ભાવ ચાર વ્યૂહનો છે. પુષ્ટિભાવે ચાર સ્વામિનીજીઓ છે.

શ્રીમસ્તકે કિરીટ ધર્યો છે. તે મોરમુકુટનું જ સ્વરૂપ છે. કટિ પર મલ્લકાછ છે. તે કામદેવને જીતવા માટે નટવત્ વિહારલીલાના ભાવથી છે. યજ્ઞોપવિત છે તે વેદની શ્રૃતિઓનો અંગીકાર સૂચવે છે. શ્રીકંઠમાં હાંસ છે. તે સ્વામિનીજીને સન્મુખથી આપેલ આલિંગનનો ભાવ સૂચવે છે. વનમાલા દ્વારા વ્રજભક્તોનો અંગીકાર છે. ચરણમાં નૂપુર, પાયલ, અને હસ્તમાં કડાં છે. તે શ્રીયુગલ સ્વરૂપના ભાવથી છે. કિરીટ પાછળનું તેજવલય સૂચવે છે કે અસંખ્ય સૂર્યનાં તેજ આપની પાસે ઝાંખા છે.

લીલા ભાવના : એક દિવસ પ્રભુએ નિકુંજમાં પાછળથી આવી, શ્રીસ્વામિનીજીનાં નેત્રો ઉપર બંને હથેળી દબાવી નેત્રો મીંચી દીધાં. પછી બીજા બે શ્રીહસ્ત પ્રગટ કરી, તે બે શ્રીહસ્તથી વેણુ બજાવી પૂછ્યું : 'હું કોણ છું?' ચતુર શ્રીસ્વામિનીજી સમજી ગયાં. આ આંખમિચૌલીલીલા અને હિંડોળાલીલાનું આ સ્વરૂપ છે.

નામભાવના : દ્વાર = દરવાજો, ક = જળ, અધીશ = સ્વામી એટલે કે દ્વારકાધીશ = જળ સ્વરૂપ શ્રીયમુનાજીની નિકુંજના દ્વારના સ્વામી.

આજે આ સ્વરૂપ કાંકરોલીમાં તૃતીય ગૃહાધીશ પૂ.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીના માથે બિરાજે છે.

વ્રજ : આષાઢ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ છઠ



તિલકાયત શ્રીગોવિન્દલાલજી મહારાજ ગાદી બિરાજ્યાનો ઉત્સવ

કસુંબા છઠ - ષષ્ઠી પડંગુ - શ્રીલક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ

દેહલી - વંદનમાલ

વસ્ત્ર : કસુંબી (લાલ) રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચેરાઈ (બદામી) રંગનો ફેંટો, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે વિશેષ સામગ્રીમાં મનોહર, બુંદી, જલેબી, શાક, ભુજાનાં, બુંદીની છાશ, તળેલાં બીજ, સંધાણાં, છાશવડા, દહીંભાત, શિખરનભાત વગેરે ઉત્સવની સામગ્રી રાજભોગમાં આવે છે.

સંધ્યાભોગમાં માખણવડાં, મેંદાની પૂરી, રીંગણનાં ભુજાનાં, કેરીનો બિલસારુ, રીંગણનું ભરત, લુચાઈ પૂરી, ભરતનાં ગુંજા ધરાય છે. આપણે યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી આરોગાવીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આઈ જૂ શ્યામ જલદ ઘટા ઓલ્હર ચહૂદિશતેં ઘનઘોર ।
દંપતિ અતિ રસ રંગ ભરે બાંહ જોટી ફિરત કુસુમ બીનત કાલિંદીતટા ॥૧॥
ન્હેની ન્હેની બુંદન બરખન લાગ્યો તેસીય ચમકત બીજુ છટા ।
ગોવિંદ પ્રભુ પિય પ્યારી ઉઠિ ચલિ ઓઢેં લાલપટ દોરલિયો જાય બંસીબટા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

લાલ ભાઈ બાંધે કસુંભી પાગ ।
કસુંભી છડી હાથમેં લીયે ભીંજ રહે અનુરાગ ॥૧॥
કસુંભોઈ કટિ બન્યો હૈ પિછોરા કસુંભી ઉપરેના ।
કસુંભી વાત કહત રાધાસો કસુંભે બને દોઉ નયના ॥૨॥
હરિત ભૂમિ યમુના તટ ઠાડે ગાવત રાગ મલ્હાર ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબીલો શ્યામઘટા અનુહાર ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ છઠ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : વર્ષાઋતુના આગમનની વધાઈ આપતા, ડોક ઊંચી કરી ટહૂકા કરી રહેલા મત્ત મયૂરના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલરંગની મલમલનો (કસુંબલ રંગનો) પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કસુંબલ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે. પીઠિકા ઉપર શ્વેત ફૂલનાં રંગીન થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી ઘેરા રંગનાં વસ્ત્રો ધરવાની શરૂઆત થાય છે. આજે ભક્ત ઈચ્છાપૂરક શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીને વિપ્રયોગાનુભવમાંથી મુક્ત કરી, દર્શન આપી, તેમની સેવા ફરી અંગીકાર કરી હતી તેથી અનુરાગ સ્વરૂપ લાલ રંગનાં વસ્ત્રો ધરાય છે. આપશ્રીના યશપ્રસાર હેતુથી ઠાડું વસ્ત્ર સફેદ ધરાય છે. ચંદ્ર સરોવરના વિપ્રયોગ અનુભવ પછી આજે સેવામાં શ્રીગુસાંઈજીનો પુનઃપ્રવેશ થયો. કૃષ્ણદાસજીએ ‘પરમકૃપાળ શ્રીવલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દે માથે’ ગાયું અને આપશ્રીએ કૃષ્ણદાસને સનાથ કર્યા.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર/સારંગ)**

શ્રીવલ્લભ નંદન રૂપ અનૂપ સરુપ કહ્યો નહિ જાઈ ।
પ્રગટ પરમાનંદ ગોકુલ બસત હે સબ જગતકે સુખદાઈ ॥૧॥
ભક્તિ મુક્તિ દેત સબનકો નિજજનકો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખમેં સુખદ એક રસના કહાં લો વરનૌ **ગોવિંદ** બલિ જાઈ ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

કુંજ મહલ કે આંગન મધ્ય પીયપ્યારી બાંહ જોટી ફિરત રંગ સો રગમગે ।
અરુણ વસન ધરે મોતિન કી માલા ગરે ચ્હોંટે શરીર ચીર નીર સોં સગવગે ॥૧॥
છૂટે વાર ભીંજન લાગે લલિત કપોલનસો કુંડલ કિરણ નગ ભૂષણ જગમગે ।
નાગરીદાસ ઘન બરખત પાની તામેં રુપકે જહાજ માનોં ડોલત ડગમગે ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ સાતમ



વ્રજ : આષાઢ શુક્લ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ સુદ સાતમ

વસ્ત્ર : કસુંબી (લાલ) રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : કસુંબી (લાલ) રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

લાલ ઔર લલના જુ બાંહ જોટી ઉઠે પ્રાત પવન લગત કમલ લપટાત ।
યહ અચરજ મોહે કહત ન બનિ આવે દોઉન કો પ્રતિબિંબ દેખ દગ ન સમાત ॥૧॥
બાગે બીર બનઠન સોંધેહી અરગજે એસે ભીજે મધુકર તીન પે ઉડ્યો ન જાત ।
સૂરદાસ મદન મોહન પિય પ્યારી પર વારત તનમન દેખત નહિ અઘાત ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

દેખ સખી ઠાડે નંદકિશોર ।
શ્રીગોવર્ધન પરવત કે ઉપર તેસેઈ નાચત મોર ॥૧॥
લાલ પાગ સિર સુભગ લાલ કે લાલ લકુટિયા હાથ ।
લાલ રતન સિરપેચ બીરાજત મોતિન કી લર માથ ॥૨॥
લાલન કે આભૂષણ અંગ અંગ પીત વસન ફરહરાત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબીલો શ્યામ સલોને ગાત ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ સપ્તમી રાજભોગ દર્શન ગુજરાતી : અષાઢ સુદ સાતમ



વ્રજ : આષાઢ શુક્લ સપ્તમી   ગુજરાતી : અષાઢ સુદ સાતમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-આડબંધ

સાજ : સફેદ નેટની (જાળીની) ટહૂકા કરતા મોરની ડિઝાઈનવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમરસુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ રંગની ગોળ પાગ ઉપર શીરપેચ, લૂમ તથા ચંપાઈ રંગની પંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં, સુંદર કલાત્મક બે માળાજી ધર્યાં છે તેમજ સફેદ અને પીળાં માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

કુંવર ચલોજુ આગે ગહવરમેં જહાં બોલત મધુરે મોર ।
વિકસત વનરાજી કોકિલા કરત રોર ॥૧॥
મધુરે વચન સુનત પ્રીતમ કે લીનો પ્યારી ચિત્તચોર ।
ગોવિંદ બલબલ પિય પ્યારી કી જોર ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

પ્યારી કે ગાવત કોકિલા મુખ મૂંદ રહે પીય કે ગાવત ખગ નૈના મૂંદ રહે સબ ।
નાગરી કે રસ ગિરિધરન રસિકવર મુરલી મલ્હાર રાગ અલાપ્યો મધુરે જબ ॥૧॥
દંપતિ તાન સુનત લલિતાદિક વારત હૈ તનમન ફેરત હૈ અંચલ તબ ।
ચતુર્ભુજ પ્રભુ કો નિરખ સુખ દંપતી કહેત કહાધોં કીજે રહિરી ભવન અબ ॥૨॥

વ્રજ : આપાઢ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : અપાઢ સુદ આઠમ



વ્રજ : આષાઢ શુક્લ અષ્ટમી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ સુદ આઠમ

ફૂલની કળીનો બીજો શૃંગાર

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : સફેદ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે શયનભોગમાં રસરોટલી, ટેટીનો પનો, બીલસારુ, વડીનું શાક, કઢી, પાપડ, સાદો ભાત અને મગની છૂટી દાળ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તેસીયે શ્યામઘન મુરલી બજાઈ તૈસેહી ઉઠે ઝુક ધુરવા ॥૧॥
બડી બડી બુંદન વર્ષન લાગ્યો પવન ચલત અતિ ઝુરવા ।
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલન કો નિસ જાગત ભયો ભુરવા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

મદન મોહન બન દેખત અખારો રંગ ।
સુલપ સચગતિ વરુહા નૃત્ય કરે કોકિલા કુહુકુહુ તાન તરંગ ॥૧॥
ઉઘટત શબ્દ પપૈયા પીઉ પીઉ કરે મધુવ્રત ગુંજ માનો સરસ ઉપંગ ।
ગોવિંદ પ્રભુ રીઝે સકલ સભા સહિત જલધર સુઘર બજાવત મૃદંગ ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ આઠમ



આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : આસમાની રંગની નેટની પિછવાઈ ધરી છે. જેમાં નિકુંજમાં બિરાજતા શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીની કંદરામાં બિરાજતા શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી અંકિત થયેલાં છે. ગાદી, તકિયા તેમજ ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો મલ્લકાછ અને પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ચંદનીયા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્ય (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ ધરાયો છે. ગુલાબી રંગના ટિપારાની ટોપી ઉપર વચ્ચે ચમકની મોરશીખા તથા બંને બાજુ દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે નિયમનો ફૂલની કળીનો બીજો શૃંગાર થાય છે. સવારે ધરાયેલાં વસ્ત્ર-શૃંગાર પ્રમાણે જ કળીનાં વસ્ત્ર શૃંગાર ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

વૃંદાવન કનકભૂમિ નૃત્યત વ્રજ નૃપતિકુંવર ।
ઉઘટત શબ્દ સુમુખી રસિક ગ્રગ્રતતતત તા થેઈ થેઈ ગતિ લેત સુઘર ॥૧॥
લાલ કાછ કટિ કિંકિણી પગ નૂપુર રુનઝુનત બીચ બીચ મુરલી ધરત અધર ।
ગોવિંદ પ્રભુ કે જુ મુદિત સંગી સખા કરત પ્રશંસા પ્રેમભર ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

એસે માઈ ચહું દિશ તેં ઘન ઘોરેં ।
માનોં મત્ત મદન કે હાથી બલકર બંધન તોરેં ॥૧॥
શ્યામ અંગ પર ચુવત ગંડમદ બરખત થોરે થોરેં ।
ધાવત પવન મહાવત લિયે મુરત ન અંકુશ મોરેં ॥૨॥
બગ પંગતિ માનો દંત ડાઢનતેં અવધિ સરોવર ફોરેં ।
વનચલ જલ ઉમગિ નયન મધ્ય કુચ કંચુકી બંદ તોરે ॥૩॥
તબ તિહિં સમે આન એરાવત વ્રજપતિસોં કરજોરેં ।
અબ સુન **સૂરશ્યામ** બિન યહગતિ ગરજત ગાત જૈસેં કોરેં ॥૪॥

વ્રજ : આષાઢ શુક્લ અષ્ટમી

આરતી દર્શન

ગુજરાતી : અષાઢ સુદ આઠમ



ફૂલની કળીનો બીજો શૃંગાર

આજે ભોગ આરતીમાં નિયમના ફૂલની કળીના શૃંગાર થયા છે. સવારે થયેલા મલ્લકાછ-ટિપારાના શૃંગાર પ્રમાણે જ સર્વ શૃંગાર અને વસ્ત્ર ફૂલની કળીનાં ધરાયાં છે. છે ને અદ્‌ભુત લાવણ્ય યુક્ત પ્રભુનાં અદ્‌ભુત શૃંગાર! ફૂલની કળીનો મલ્લકાછ અને પટુકા ધરાયા છે. ઠાડું વસ્ત્ર સવારે ધરાયેલું જ રહ્યું છે તેમજ પિછવાઈ પણ બદલાઈ નથી. આભૂષણોનાં સ્થાને સર્વ આભૂષણો કળીનાં ધરાયા છે. ટિપારાની ટોપી, મોરશીખા, કતરા તેમજ કુંડળ પણ કળીનાં ધરાયાં છે.

કીર્તન : ભોગ (રાગ-મલ્હાર)

ફૂલનસો બેની ગુહી ફૂલન કી અંગિયા ફૂલન કી સારી માનો ફૂલી ફૂલવારી ।
ફૂલન કી દુલરી હમેલ હાર ફૂલનકે ફૂલન કી ચોલી ચારુ ઓર ગજરારી ॥૧॥
ફૂલન કે તરોના કુંડલ ફૂલન કે ફૂલન કી કિંકિણી સરસ સંવારી ।
ફૂલ મહલ મેં ફૂલીસી રાધાપ્યારી ફૂલે **નંદદાસ** જાય બલિહારી ॥૨॥

(રાગ-મલ્હાર)

દેખો રી મોહન પનઘટ પર ઠાડો હૈ નવનિકુંજ તૈસીયે શરદ સુહાઈ રાત ।
ફૂલકો ટિપારો બન્યો ફૂલનકો મલ્લકાછ ફૂલનકે હાર ઉર ફૂલે ફૂલે કરત બાત ॥૧॥
ફૂલનકો ઉપરૈના ફૂલન પચરંગ આન-આન ભાંતિ ફૂલકે કુંડલ છબિ અતિ હી સુહાત ।
ફૂલનકી બેની સિર ફૂલન કે બાજુબંદ ફૂલે ફૂલે **કૃષ્ણદાસ** યહ છબી કહી ન જાત ॥૨॥

(રાગ-મલ્હાર)

બૈઠે ફૂલમહલમેં દોઉ રાધા ઔર ગિરિધારી ।
ફૂલનકે હાર સિંગાર ફૂલનકે ફૂલ ટિપારો ધારી ॥૧॥
ફૂલનકી સેજ ગેંદુવા તકીયા ફૂલનકી પિછવારી ।
ફૂલે ગાવત વેણુ બજાવત રાગ રંગ ભયો ભારી ॥૨॥
ફૂલે મધુપ કોકિલા કૂજત વહત પવન સુખકારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલ પર તન મન ધન સબ વારી ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ નોમ



વ્રજ : આષાઢ શુક્લ નવમી ## ચિત્ર પરિચય **ગુજરાતી : અષાઢ સુદ નોમ**

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-સૂહા બિલાવલ/મલ્હાર)**

આયે સુરત રંગ રસમાતે ।
માનૌ વિશ્રામ નિમિત પિય પાયે શ્રમિત ભયે હો તાતે ।।૧।।
ડગમગાત પગ ધરત પરત મગ ઊઠચલે બેગિ તહાં તેં ।
માનૌ ગજ મત્ત ચરન ચંકારિ કરિ ગહિ આનત તિહિ ઠાંતે ।।૨।।
ઉર નખ છત કંકન છત પાછે શોભિત હૈ પહિરાતે ।
મદન સુભટ કે બાન લાગ માનૌ નિકસિ ગયે ઇહિ ઘાતેં ।।૩।।
સાંચે કરત આપને બોલનિ ટરત ન મરજાદા તેં ।
સૂરશ્યામ કહિ ગયે આઈ હૈ પગ ધારે તિહિ નાતેં ।।૪।।

શૃંગાર (રાગ-સૂહા બિલાવલ/મલ્હાર)

નૈંન ઉનીદે ભયે રંગ રાતે ।
માનોં હોં સુરંગ સુમન પર સજની ભ્રમર ભ્રમ્રત મદમાતે ।।૧।।
પ્રેમ પરાગ પાંખુરી ફલદલ પ્રફૂલિત મદન લતાતેં ।
સુભગ સુવાસ બિસાલ વિલોકન પ્રકટ પ્રીતિ કર તાતે ।।૨।।
તૈસેઈ મંદ મારુત ગજ ભાંવર મુદિત ખુલત છબિ યાતે ।
સિંચે **સૂરશ્યામ** રસનાગર હિત કર કેલિ કલા તે ।।૩।।

વ્રજ : આષાઢ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ નોમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : ચંદનીયા રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનીયા રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગની પાગ ઉપર શિરપેચ, મોતીની ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે તેમજ બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, મોતીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ/મલ્હાર)**

સેવક કી સુખ રાસ સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસન હી પ્રસન્ન હોત મન પુરુષોત્તમ અવતાર ॥૧॥
સુદૃષ્ટિ ચિતે સિદ્ધાંત બતાયો લીલા જગ વિસ્તાર ।
યહ તજિ અન્ય જ્ઞાન કો ધ્યાવત ભૂલ્યો કુમતિ વિચાર ॥૨॥
છીતસ્વામી ઉદ્ધરે પતિત શ્રીવિઠ્ઠલ કૃપા ઉદાર ।
ઈનકે કહે ગહી ભુજ દૃઢ કરિ ગિરિધર નંદ દુલાર ॥૩॥

શયન (રાગ-સોરઠ/મલ્હાર)

અરી હોં યા મગ નિકસી આય અચાનક કાન્હ કુંવર ઠાડે આપુની પોર ।
દૃષ્ટિ સોં દૃષ્ટિ મિલી રોમ રોમ સીતલ ભઈ તનમેં ઉઠી હૈ કૈંધો કામ રોર ॥૧॥
લાલ પાગ ઝુક રહી ભ્રોંહન પર શ્યામ ગાત કિયે ચંદન કી ખોર ।
સૂરદાસ પ્રભુ સર્વસ્વ હરકે ચલે મન આવત કૈધોં મિલોરી દૌર ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ દસમ



રીંગણ દશમી

વસ્ત્ર : ચંદનીયા (ચંદનના) રંગની મલમલનો, રૂપેરી તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : ચંદનીયા રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : રીંગણની પૂરી, રીંગણનો ભાત, રીંગણનું ભરત, રીંગણની કઢી, લપેટનાં રીંગણ, આખા રીંગણ, રીંગણનાં ચક્તાં વગેરે ધરાય છે. ઉપરાંત જલેબી, પાપડ, કચરીયાં, મગની દાળ, ચણાના અને તુવેરના લીલવા ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : ચાતુર્માસમાં પ્રભુને રીંગણ ધરાતાં નથી પરંતુ ભગવાન જગદીશની આજ્ઞાથી શ્રીજીબાવાને ચાતુર્માસમાં પણ રીંગણ ધરાય છે; બીજા ઘરોમાં ચાતુર્માસમાં રીંગણ ધરાતાં ન હોવાથી આજે રીંગણની વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવાય છે.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આયે માઈ વરષા કે અગવાની ।
દાદુર મોર પપૈયા બોલે કુંજન બગ પાંત ઉડાની ॥૧॥
ઘનકી ગરજ સુન સુધિ ન રહી કછુ બદરન દેખ ડરાની ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર લાલ ભયે સુખદાની ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

મુરલી તોઉ ગોપાલે ભાવે ।
સુનિરી સખી યદ્યપિ નંદલાલે નાનાભાંત નચાવે ॥૧॥
રાખત એક પાંય ઠાડે કર અતિ અધિકાર જનાવત ।
કોમલ અંગ શ્યામ સુંદર કો કટિ ટેઢો વ્હે આવત ॥૨॥
જાન અધિક આધીન કનોડે ગિરિધર નાર બનાવત ।
આપુન પોઢી અધર શય્યાપર કરપલ્લવ લપટાવત ॥૩॥
ભ્રકુટી નિકટ નયન નાસાપુટ અતિ સે કોપ કંપાવત ।
સૂર પ્રસન્ન જાન એકોછિન અધર પર સીસ ડુલાવત ॥૪॥

વ્રજ : આષાઢ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ દસમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : કેસરી રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણોચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કેસરી મલમલના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા ધોતી અને રાજાશાહી પટુકો ધર્યાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગુલાબી પંખની ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે તેમજ શ્વેત પુષ્પોનાં અને કમલના માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, મોતીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

જો સુખ હોત ગોપાલે ગાયે ।
સો ન હોત જપ તપ વ્રત સંયમ કોટિક તીરથ ન્હાયે ॥૧॥
ગદગદ ગિરા લોચન જલધારા પ્રેમ પુલક તનુ છાયે ।
તીનલોક સુખ તૃણવત લેખત નંદનંદન ઉર આયે ॥૨॥
દિયે નહિ લેત ચાર પદારથ શ્રીહરિ ચરણ અરુઝાયે ।
સૂરદાસ ગોવિંદ ભજન બિન ચિત્ત નહીં ચલત ચલાયે ॥૩॥

શયન (રાગ-મલ્હાર)

સખીરી વ્રજકો વસવો નીકો ।
વછરા ગાય ચરાવત વન મેં કાન્હ સબન કો ટીકો ॥૧॥
વૃંદાવન મેં હોત કુલાહલ ગરજત સૂર મુરલી કો ।
ઠાડે લાલ કદંબકી છૈયા માગત દાન દહીંકો ॥૨॥
ઉપજત હૈ અતિ પ્રીત ઉર અંતર ગાવત જસ હરિજીકો ।
સૂરદાસ પ્રભુ મિલે હૈ ગિરિધર યહ જીવન સબ હી કો ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ અગિયારસ



વ્રજ : આષાઢ શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : અષાઢ સુદ અગિયારસ

દેવપોઢી એકાદશી - ચાતુર્માસ પ્રારંભ

ફૂલની કળીનો ત્રીજો શૃંગાર

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, મેઘશ્યામ રંગની મલમલની બોર્ડરવાળો (હાંસિયાવાળો) અને રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તૈસીયે શ્યામ ઘન મુરલી બજાઈ તેસેહી ઉઠે ઝુક ધુરવા ॥૧॥
બડી બડી બુંદન વર્ષન લાગ્યો પવન ચલત અતિ ઝુરવા ।
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો નિશ જાગત ભયો ભૂરવા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

અરી ઈન મોરન કી ભાંત દેખ નાચત ગોપાલા ।
મિલવત ગતિ ભેદનીકે મોહન નટ શાલા ॥૧॥
ગરજત ઘન મંદ મદ દામિની દરશાવે ।
રમક ઝમક બુંદ પરે રાગ મલ્હાર ગાવે ॥૨॥
ચાતક પિક સઘન કુંજ વાર વાર કૂજે ।
વૃંદાવન કુસુમલતા ચરણ કમલ પૂજે ॥૩॥
સુરનર મુનિ કામધેનુ કૌતુક સબે આવેં ।
વારફેર ભક્તિ ઉચિત **પરમાનંદ** પાવેં ॥૪॥

વ્રજ : આષાઢ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ અગિયારસ



વ્રજ : આષાઢ શુક્લ એકાદશી ગુજરાતી : અષાઢ સુદ અગિયારસ

આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : કપાસી (સફેદ) રંગની મલમલની, ઘેરા ગુલાબી રંગના હાંસિયાવાળી તેમજ રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનું સૂથન, પીળા અને મેઘશ્યામ રંગની કાછની અને રાસપટુકો ધર્યાં છે. સર્વ વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા તથા મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે મોતીનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

માઈરી શ્યામઘન તન દામિની દમકત પીતાંબર ફરહરે ।
મુક્તા માલ બગજાલ કહી ન પરત છબી વિશાલ માનિનીકી અરહરે ॥૧॥
મોર મુકુટ ઈન્દ્રધનુષ્યસો સુભગ સોહત મોહત માનિની દ્યુત થરહરે ।
કૃષ્ણજીવન પ્રભુ પુરંદર કી શોભા નિધાન મુરલિકા કી ઘોર ઘરહરે ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

જો સુખ હોત ગોપાલે ગાયે ।
સો ન હોત જપ તપ વ્રત સંયમ કોટિક તીરથ ન્હાયે ॥૧॥
ગદ્‌ગદ્ ગિરા લોચન જલધારા પ્રેમ પુલક તનુ છાયે ।
તીન લોક સુખ તૃણવત લેખત નંદનંદન ઉર આયે ॥૨॥
દિયે નહી લેત ચાર પદારથ શ્રીહરિચરણ અરુઝાયે ।
સૂરદાસ ગોવિંદ ભજનબિન ચિત નહી ચલત ચલાયે ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ એકાદશી

આરતી દર્શન

ગુજરાતી : અષાઢ સુદ અગિયારસ



ફૂલની કળીનો ત્રીજો શૃંગાર

આજે ભોગઆરતીમાં ફૂલની કળીનો નિયમનો ત્રીજો શૃંગાર થયો છે. સવારે ધરેલા મુકુટ - કાછનીના શૃંગાર પ્રમાણે જ ફૂલની કળીનાં સર્વ વસ્ત્રો અને શૃંગાર કલાત્મક ગૂંથણી દ્વારા સિદ્ધ કરીને ધરવામાં આવ્યાં છે. પીછવાઈ અને પીઠિકા ઉપરનું ચોકઠું પણ કળીનું સિદ્ધ થયેલ છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાનીનું (ચીકનનું) ધરાયું છે. શ્વેત મોગરા અને તુલસીજીનાં માળાજી ધરાયાં છે.

કીર્તન : (રાગ-સારંગ/મલ્હાર)

ફૂલનકો મુકુટ બન્યો ફૂલનકો પિછોરા તન શોભિત અતિ પ્યારો વર ફૂલન કો શૃંગાર ।
કંઠફૂલ વાગો ફેંટા ફૂલ ગાદી ગેંદુવા ફૂલ હંસ બૈઠે હૈ શ્યામા શ્યામ શોભા કો નહીં પાર ॥૧॥
ફૂલનકે આભૂષણ વસન બિરાજત ફૂલનકે ફોંદા ફૂલ ઉર હાર ।
નંદદાસ પ્રભુ ફૂલે નિરખત સુધિ ભૂલે શુકદેવ નારદ સારદ રટત બાર બાર ॥૨॥

(રાગ-કાન્હરો/મલ્હાર)

ફૂલનકો મુકુટ કટિ કાછની જુ ફૂલનકી ફૂલન ઈજાર પર ફૂલ પટકા જુ સાજ ।
ફૂલ સ્રવન કુંડલ હાર ફૂલનકે ફૂલી અધર મુરલી સપ્તસૂરસોં ગાજ ॥૧॥
બાજુબંદ ફૂલનકે કર કંકણ ફૂલન કે ફૂલન કી પહોંચી પાય પેંજની રહી બાજ ।
દાસ કુંભનનાથ ગોવર્ધનધર નિરખ ફૂલી ફૂલી અંખિયાં અદ્‌ભુત બને આજ ॥૨॥

(રાગ-સારંગ/મલ્હાર)

મુકુટ કી છાંહ મનોહર કિયે ।
સઘન કુંજતેં નિકસી સાંવરો સંગ રાધિકા લિયે ॥૧॥
ફૂલન કે હાર સિંગાર ફૂલન ખૌર ચંદન કિયે ।
પરમાનંદદાસકો ઠાકુર ગ્વાલ બાલ સંગ લિયે ॥૨॥

(રાગ-સારંગ/મલ્હાર)

ફૂલમહલમેં બૈઠે માધો સંગ વૃષભાન દુલારી ।
ફૂલન કે હાર સિંગાર સબ ફૂલન કે ફૂલ મુકુટ સિર ધારી ॥૧॥
ફૂલ સિંગાસન ફૂલ ગેંદુવા ફૂલન બની હૈ તિવારી ।
ફૂલે ગાવત બેનુ બજાવત રાગ રંગ રસભારી ॥૨॥
ફૂલે મધુપ કોકિલા કૂજત ફૂલે પવન સુખકારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરકો નિરખત અખિયાં ટરત ન ટારી ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ બારસ



વ્રજ : આષાઢ શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ સુદ બારસ

વસ્ત્ર : આછા પીળા અને મેઘશ્યામ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આયે માઈ બરખાકે અગવાની ।
દાદૂર મોર પપૈયા બોલે કુંજન બગ પાંત ઉડાની ॥૧॥
ઘનકી ગરજ સુન સુધિ ન રહી કછુ બદરન દેખ ડરાની ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર લાલ ભયે સુખદાની ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

જો સુખ હોત ગોપાલે ગાયે ।
સો ન હોત જપ તપ વ્રત સંયમ કોટિક તીરથ ન્હાયે ॥૧॥
ગદ્‌ ગદ્‌ ગિરા લોચન જલધારા પ્રેમ પુલક તનુ છાયે ।
તીન લોક સુખ તૃણવત લેખત નંદનંદન ઉર આયે ॥૨॥
દિયે નહી લેત ચાર પદારથ શ્રીહરિ ચરણ અરૂઝાયે ।
સૂરદાસ ગોવિંદ ભજન બિન ચિત નહી ચલત ચલાયે ॥૩॥

વ્રજ : આષાઢ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ બારસ



આજના શૃંગાર : પાગ-કતરા-આડબંધ

સાજ : કપાસી (સફેદ) રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનીયા રંગની મલમલનો આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા તથા મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા મોતીનો દોહરો કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. તુલસીજીનાં લીલાં અને શ્વેત પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

મહેલ આયે લાલ તનકી તપત ગઈ ।
નયનન મગ ઝારું પલકન પન ડારું કર રાખોં ઉરમાલ ॥૧॥
મુખ દેખે સુખ હોત સખીરી પ્રેમ પ્રીતિ પ્રતિપાલ ।
સૂરશ્યામ પ્રભુ વેગ દરસ દિયો નિરખ ભઈ હોં નિહાલ ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

આયો પાવસદલ સાજ ગાજ મદનનરેશ પ્રબલ જાન પ્રીતમ અકેલે નવ કુંજસદન ।
પવન વાજિ ગજ બદરા મતવારે કારે ભારે ઓવત ડરપાવત બગપાંતિ રદન ॥૧॥
ધૂરવા ધૂંકારે મોર પિક કિલકારે બુંદન બાનન એસૈ કરે કદન ।
વ્રજજન પ્રભુ ગિરિવરધરકી સહાયકરિ રાધે જોવત પંથ પલ ન ત્યાગ તેરોઈ વદન ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ તેરસ



વસ્ત્ર : ચંદનીયા (ચંદનના) રંગનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : ચંદનના રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તૈસીયે શ્યામ ઘન મુરલી બજાઈ તેસેહી ઉઠે ઝુક ધુરવા ॥૧॥
બડી બડી બુંદન વર્ષન લાગ્યો પવન ચલત અતિ ઝુરવા ।
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલન કો નિશ જાગત ભયો ભુરવા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

મુરલી તોઉ ગોપાલ ભાવે ।
સુનિરી સખી યદ્યપિ નંદલાલે નાના ભાંત નચાવે ॥૧॥
રાખત એક પાંય ઠાડેકર અતિ અધિકાર જમાવત ।
કોમલ અંગ શ્યામ સુંદર કો કટિ ટેઢો વ્હૈ આવત ॥૨॥
જાન અધિક આધીન કનોડે ગિરિધર નાર બનાવત ।
આપુન પોઢી અધર શય્યા પર કર પલ્લવ લપટાવત ॥૩॥
ભ્રકુટી નિકટ નયન નાસાપુટ અતિ સે કોપ કંપાવત ।
સૂર પ્રસન્ન જાન એકો છિન અધર પર સીસ ડુલાવત ॥૪॥

વ્રજ : આષાઢ શુક્લ ત્રયોદશી રાજભોગ દર્શન ગુજરાતી : અષાઢ સુદ તેરસ



વ્રજ : આષાઢ શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ સુદ તેરસ

આજના શૃંગાર : પાગ-કતરા-આડબંધ

સાજ : કપાસી (સફેદ) રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કપાસી રંગનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા નાગફણીનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે અને શ્વેત પુષ્પોનાં બે માળાજી હમેલની જેમ ધર્યાં છે. આડબંધનો ઉષ્ણકાલીન શૃંગાર આજે છેલ્લો થાય છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

હોં ઈન મોરનકી બલિહારી ।
જિનકી સુભગ ચંદ્રિકા માથે ધરત ગોવર્ધનધારી ॥૧॥
બલિહારી યા વંશ કુલ સજની બંસી સી સુકુમારી ।
સુંદર કર સોહે મોહન કે નેક હૂ હોત ન ન્યારી ॥૨॥
બલિહારી ગુંજાકી જાત પર મહાભાગ્ય કી સારી ।
સદા હૃદય રહત શ્યામ કે છિન હૂ ટરત ન ટારી ॥૩॥
બલિહારી વ્રજભૂમિ મનોહર કુંજનકી અનુહારી ।
સૂરદાસ પ્રભુ નંગે પાયન અનુદિન ગૈયા ચારી ॥૪॥

શયન (રાગ-મલ્હાર)

દેખો કૈસી નીકી ઋતુ આઈ, બદરા ઓલ્હર આયે દામિની કોંધત નીકી લિયે પુરવાઈ ।
ઠોર ઠોર હરિયારી કુંજન સઘનતાઈ મોર સોર કરે જેસે ઘન ઘહેરાઈ ॥૧॥
મન મોહન મન મોહની ક્રીડા વિનોદ દંપતી પસ્પર અતિ સુખદાઈ ।
ધોંધીકે પ્રભુ કી યહલીલા મોપેં બરનત બરની ન જાઈ ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ ચતુર્દશી **મંગળા દર્શન** ગુજરાતી : અષાઢ સુદ ચૌદસ



વસ્ત્ર : કપાસી (સફેદ) રંગનો મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો આડબંધ ધર્યો છે.

શૃંગાર : સફેદ છોરવાળી પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આયે માઈ વરષાકે અગવાની ।
દાદુર મોર પપૈયા બોલે કુંજન બગ પાંત ઉડાની ॥૧॥
ઘનકી ગરજ સુનિ સુધિ ન રહી કછુ બદરન દેખ ડરાની ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર લાલ ભયે સુખદાની ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

ગોવર્ધન પરવત કે ઉપર પરમ મુદિત બોલત હૈ મોર ।
અતિ આવેશ હોત સબહી કે મન ઠાંય ઠાંય નાચત મોર ધ્વનિ સુન
મુરલી કી મંદ સ્વર કલઘોર ॥૧॥
શ્રીઅંગ જલદ ઘટા સુહાઈ વસન દામિની
ઈન્દ્ર ધનુ વનમાલ મોતિન હાર ઝલકડોર ।
કુંભનદાસ પ્રભુ પ્રેમ નીર બરખત નિત નિરંતર અંતર
ગિરિવરધરન લાલ નવલ નંદ કિશોર ॥૨॥

વ્રજ : આષાઢ શુક્લ ચતુર્દશી **રાજભોગ દર્શન** ગુજરાતી : અષાઢ સુદ ચૌદસ



આજના શૃંગાર : પાગ-કતરા-પરદની

સાજ : કપાસી (સફેદ) રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલની પરદની ધરી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ અને મોરપંખનો દોહરો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે કલાત્મક થાગવાળાં માળાજી ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી હમેલ તરીકે ધર્યાં છે અને પીઠિકા ઉપર શ્વેત પુષ્પોનાં મોટાં માળાજી ધર્યાં છે. આજે ઉષ્ણકાલનો પરદનીનો શૃંગાર છેલ્લો થયો છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

અંગ અંગ ઘન કાંતિ મોતીમાલ બગપાંત ઈન્દ્ર ધનુષ વનમાલા શોભા છીન છીન હૈ ।
દામિની કી દમકન પીતાંબર કી ચમકન મુરલી કી ઘોર મોર નાચે રેન દિન હૈ ॥૧॥
વૃંદાવન ચદરી જરી રે પંછી દીજે કહા રી ચહુ ન દીજે તો ઝંકો ન ગિન હૈ ।
ધરની તે ચંદ્રિકા લીની સિરધારી ગિરિધારી હંસે બોલે મોર તેરી મેરે રિન હૈ ॥૨॥

શયન (રાગ-મલ્હાર)

સખીરી દેખ શોભા વનકી ।
ઈત મોહન મધુર મુખ મુરલી ઉત ગરજન નવઘનકી ॥૧॥
ઉત શ્યામ બાદર સોહત ઈત રાજત સામલ તનકી ।
ઉત બગપાંતિ હીરાવલી મુક્તા ગિરિધર ગરે લસન કી ॥૨॥
ઈતહી રુચિર વનમાલ બની ઉર ઉતહી રહેન ઈન્દ્ર ધનુકી ।
ઉત દામિની ચપલા ચમકત ઈત ફરકનિ પીત વસન કી ॥૩॥
ઉત ધૂરવા ઈત ધાતુ વિચિત્ર રુચિ સુભગ શ્રીઅંગ લસન કી ।
ઉત બુંદે દ્રુમવેલી સીંચન ઈત પ્રેમનીર બરખન કી ॥૪॥
અતિ આનંદ નિરખ દોઉ સુખ ગાવત વિહંગ ગગન કી ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન રસિકવર કરિ વિનંતિ વિલસન કી ॥૫॥

વ્રજ : આષાઢ શુક્લ ચતુર્દશી **આરતી દર્શન** ગુજરાતી : અષાઢ સુદ ચૌદસ



ભોગ આરતીના શૃંગાર

આજે ભોગ આરતીનાં દર્શનમાં લીલા રંગની, ફૂલપત્તાંની વનમાળા શ્રીઅંગ ઉપર અને પીઠિકા ઉપર ધરાય છે. પીઠિકા ઉપર ધરાયેલી માળાને ગોવર્ધનમાળા કહેવાય છે. છેલ્લી ઉષ્ણકાલીન સેવા તથા આરતી થયા બાદ શૃંગારની સાથે આ વનમાળા અને ગોવર્ધનમાળા વડી થઈ જાય છે.

વિપિનહારી પ્રભુ નવીન વર્ષારંભ સમયે વ્રજના દ્વાદશ વન અને ચોવીસ ઉપવનમાં નવપલ્લવિત પલ્લવની વનમાળા ધરે છે જેમાં સર્વ પ્રકારનાં પાન અને ફૂલ આવે છે. ગોવર્ધન પર્વતની ચારે દિશામાં ૧૩૨ વન છે તેમાંથી ૯૬ વન સુગંધી પુષ્પોવાળાં છે. આ વનોમાં ખીલેલાં પુષ્પોની અને પત્તાંની ગોવર્ધનમાળા ધરીને આપ બિરાજે છે તે ભાવથી વર્ષમાં એક જ દિવસ આજે ગોવર્ધનમાળા ધરાય છે.

કીર્તન : **ભોગદર્શન (રાગ-મલ્હાર)**

દેખો માઈ ઈત ઘન ઉત નંદલાલ ।
ઉત બાદર મરક્ત ગરજત ચહું દિશતેં મુરલી મધુર આલ ।।૧।।
ઉત રાજત ઘન કઈહૂકો ઈત રાજત બનમાલ ।
ઉત દામિની ચમકત ચહુઁ દિશતેં ઈત પીત વસન ગોપાલ ।।૨।।
ઉત ધુરવા ઈત ચિત્ર કિયે હરિ બરખત અમૃતધાર ।
ઉત બગ પાંતિ ઊડત બાદરમેં ઉત મુક્તાફલ હાર ।।૩।।
ઈત કોકિલા કોલાહલ કુંજત બાજત કિંકિણી જાલ ।
ગોવિંદ પ્રભુ કી બાનિક નિરખત મોહિ રહી વ્રજબાલ ।।૪।।

આરતી દર્શન (રાગ-મલ્હાર)

અદ્‌ભુત કૌતુક દેખ સખીરી વૃંદાવન નભ હોડ પરી રી ।
ઉત ઘન ઉદિત સોહત સૌદામિની ઈત હી રાધિકા મુદિત હરી રી ।।૧।।
ઉત બગપાંતિ સુહાત સુ સુંદર વામ વિશાલ દ્વે દિશા ખરી રી ।
ઉત ઘન ગરજે ઈત મુરલી ધુનિ વે જલધર યે અમૃત ભરી રી ।।૨।।
ઉત ઈન્દ્ર ધનુષ ઈતે વનમાલા અતિ વિચિત્ર હરી કંઠ ધરી રી ।
સૂરદાસ પ્રભુ કુંવરી રાધિકા ઘન કી શોભા દૂર કરી રી ।।૩।।

વ્રજ : આષાઢ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ સુદ પૂનમ



વ્યાસ પૂર્ણિમા-કચોરી પૂનમ-ગુરુ પૂર્ણિમા

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગની ચૂંદડીનો, રૂપેરી તૂઈ લેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કપાસી (સફેદ) રંગની છોરવાળી પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં કચોરીની સામગ્રી ખાસ ધરાય છે. ઉપરાંત ચારોળીના લાડુ, છોંકેલું દહીં, છાશવડા, વિવિધ પ્રકારના બીજ, બિલસારુ, ઝીણી સેવ, સંધાના, પાપડ, પકોડીની કઢી તથા મગની છૂટી દાળ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

સખીરી મોય બુંદ અચાનક લાગી ।
સોવત હુતી મદન મદમાતી ઘન ગરજ્યો તબ જાગી ।।૧।।
દાદુર મોર પપૈયા બોલે કોયલ શબ્દ સુહાગી ।
કુંભનદાસ લાલ ગિરિધરસોં જાય મિલી બડભાગી ।।૨।।

શૃંગાર (રાગ-મલ્હાર)

અરી ઈન મોરન કી ભાંત દેખ નાચત ગોપાલા ।
મિલવત ગતિ ભેદનીકે મોહન નટશાલા ।।૧।।
ગરજત ઘન મંદમદ દામિની દરશાવે ।
રમક ઝમક બુંદ પરે રાગ મલ્હાર ગાવે ।।૨।।
ચાતક પિક સઘન કુંજ વારવાર કૂજે ।
વૃંદાવન કુસુમ લતા ચરણ કમલ પૂજે ।।૩।।
સુરનર મુનિ કામધેનુ કૌતુક સબ આવે ।
વારફેર ભક્તિ ઉચિત **પરમાનંદ** પાવે ।।૪।।

વ્રજ : આષાઢ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ સુદ પૂનમ



વ્રજ : આષાઢ શુક્લ પૂર્ણિમા **ચિત્ર પરિચય** ગુજરાતી : અષાઢ સુદ પૂનમ

આજના શૃંગાર : મુકુટ-કાછની-રાસપટુકો

સાજ : વર્ષાઋતુના આગમનની, વીજળીના ચમકારાની, વનમાં ગ્વાલબાલ ગાયો સાથે ઊભા છે તેવા ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે- ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનું સૂથન, લાલ અને મેઘશ્યામ રંગની એકધારી ચૂંદડીની કાછની તથા લાલ રંગની એકધારી ચૂંદડીનો રાસપટુકો ધર્યો છે. કાછની ઉપર સોનેરી તથા રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. સૂથન તથા રાસપટુકા ઉપર રૂપેરી જરીની તૂઈલેસની કિનારી છે ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે. આજથી દરરોજ ઠાડું વસ્ત્ર ધરાશે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે મોતીનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ અને મોતીની ચોટી ધર્યાં છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. પીળાં ફૂલોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ મોતીનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

શ્રીવૃંદાવન ભુવિ કુન્દાદિક યુત મંદાનિલ રુચિરે ।।ધ્રુ।।
પુલિનોદિત નવનલિનોદર મિલ દલિનોદિત રસગાને ।
કર્ણાદિક પુટ ચરણાંબુજ ધ્વનિ ચારુ હરિણાક્ષી વલિતે ।।૧।।
નિજ રસમયતા પ્રકટન પરિતઃ પ્રકટિત રાસ વિહારે ।
ગિરિ ધારણ રતિ હારણ કારણ મમરતિરસ્તુ સહારે ।।૨।।

શયન (રાગ-મલ્હાર)

લાલ મેરી સુરંગ ચૂનરી ભીંજે ।
લેહુ બચાય આપ પિય મોકોં બૂંદ પરે રંગ છીજે ।।૧।।
બરખત મેહ રહે નહીં નેક હું કહા ઉપાય અબ કીજે ।
હમ તુમ કુંજ ભવનમેં ચલિયે માન સબે સુખ લીજે ।।૨।।
ઐસો સમયો બહોર ન વ્હે હૈ મેરો કહ્યો પતી જે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબીલો નિરખ નિરખ મુખ જીજે ।।૩।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ એકમ



હિંડોળા પ્રારંભ

દેહલી-વંદનમાલ, આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદીના લાડુ અને ઉત્સવની સામગ્રી ધરાય છે. ઉત્સવભોગ હિંડોળામાં આવે છે. તેમાં સક્કરપારા, ફીકા ખાજા, સંધાણા, દૂધ, બધી જાતનાં બીજ, ફળ, લૂણ, મરી અને બુરાની કટોરી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીઠાકોરજી જાગે તે પહેલાં સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી વગેરે સર્વ સાજ ચાંદીનો વડો થઈ જાય છે અને સોનાનો આવે છે. માત્ર બે ગુલાબદાની, માટીના ઝારીજીનો પડઘો અને ત્રસ્ટીજી ચાંદીના આવે છે.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આઈ જુ શ્યામ જલદ ઘટા ઓલ્હર ચહું દિશતેં ઘનઘોરે ।
દંપતિ અતિ રસ રંગ ભરે બાંહ જોટી ફિરત કુસુમ બીનત કાલિંદી તટા ।।૧।।
ન્હેની ન્હેની બુંદન બરખન લાગ્યો તેસીય ચમકત બીજુ છટા ।
ગોવિંદ પ્રભુ પિય પ્યારી ઉઠિ ચલે ઓઢે લાલ પટ દોર લિયો જાયે બંસી બટા ।।૨।।

શૃંગાર (રાગ-મલ્હાર)

ગરજ ગરજ રિમઝિમ રિમઝિમ બુંદન લાગ્યો બરસન ઘન પ્રીતમ પ્યારી રાજે રંગ મહેલ ।
બોલત ચાતક મોર દામિની દમક આવે ઝુમ ઝુમ બાદર અવની પરસન ।।૧।।
તેસોઈ હરિયારો સાવન મનભાવન ઈન્દ્રવધૂ ઠોર ઠોર આનંદ ઉપજાવન ।
પિયવિહારી પ્રિયાસંગ ગાવત મલ્હાર રાગ લલિત લતા લાગી સુન સુન સરસાવન ।।૨।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ એકમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી અને તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે. સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી જડાવ સોનાનાં ધર્યાં છે. બે ગુલાબદાની, માટીનાં ઝારીજીનો પડઘો અને ત્રસ્ટીજી ચાંદીના ધર્યાં છે. સુવર્ણનાં રત્નજડિત ચરણચોકી ઉપર લીલી મખમલ મઢેલી છે. આજથી ચરણચોકી ઉપર સફેદી આવતી નથી.

વસ્ત્ર : લાલ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે. આજની સેવા શ્રીલલિતાજી અને શ્રીચંદ્રાવલીજીના ભાવની હોવાથી લાલ અનુરાગના રંગના વસ્ત્ર ધરાયાં છે અને શ્રીસ્વામિનીજીના ભાવથી પીળું ઠાડું વસ્ત્ર ધરાયું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. રંગબેરંગી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી શ્રાવણ વદ બીજ સુધીના ૩૨ દિવસ પ્રભુ હિંડોળે ઝૂલે છે. ચાર યૂથાધિપતિઓના ભાવથી આઠ-આઠ દિવસ એમ બત્રીસ દિવસ ઝૂલે છે. વ્રજમાં ચાર જગ્યાએ હિંડોળા થાય છે. નંદાલયમાં, નિકુંજમાં, શ્રીગિરિરાજજી ઉપર તથા શ્રીયમુના પુલિન ઉપર. સોળ દિવસ શ્રીઠાકોરજીના અને સોળ દિવસ શ્રીસ્વામિનીજીના એમ યુગલસ્વરૂપની ભાવનાથી પણ ૩૨ દિવસ ઝૂલે છે.

આ દિવસોમાં નિત્ય નવીન રંગીન સાજ આવે છે. સોનાના જડાઉ પંખા, બંટા વગેરે આવે છે. ડોલતીબારીમાં પહેલા દિવસે ચાંદીનો હિંડોળો ખડો થાય છે. આ હિંડોળો ૩૨ દિવસ રહે છે. તેના ઉપર જ નિત્ય નવા કલાત્મક ફૂલપાનના હિંડોળા બને છે. હિંડોળાની નીચે આસન બિછાવાય છે. ઉત્થાપન પછી શંખ, ઝાલર, ઘંટાનાદ સાથે શ્રીઠાકોરજી હિંડોળે પધારે છે.

નાથદ્વારામાં હિંડોળામાં શ્રીમદનમોહનજી અને શ્રીબાલકૃષ્ણજી ઝૂલે છે. શ્રીમદનમોહનજી નિત્ય વેણુ ધરતા નથી કારણ કે શ્રીવેણુ દ્વારા કામદેવને પણ તેઓ મોહિત કરી શકે છે. પરંતુ હિંડોળાના ૩૨ દિવસ વેણુ દ્વારા સૌનાં મન મોહિત કરવાના ભાવથી શ્રીમદનમોહનજી હિંડોળામાં વેણુજી ધરે છે. શ્રીમદનમોહનજી કિશોરભાવથી અને શ્રીબાલકૃષ્ણજી બાલભાવથી ઝૂલે છે. શ્રીબાલકૃષ્ણજી દરરોજ ઝૂલતા નથી.

હિંડોળાની લીલા કિશોરભાવની લીલા છે. હિંડોળે કોઈપણ સ્વરૂપે ઝૂલે પરંતુ કિશોરભાવની લીલા હોવાથી શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીમદનમોહનજી અને શ્રીગોવર્ધનનાથજી એમ ચાર કિશોરભાવના સ્વરૂપોને સંબોધીને જ કીર્તન ગવાય છે.

રાજભોગ અને શયનના કીર્તન માટે જુઓ પરિશિષ્ટ

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ એકમ



ચાંદીના હિંડોળા

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શ્રીમસ્તકના શૃંગાર શ્રીનાથજી જેવા ધર્યા છે. આજે હિંડોળાનું અધિવાસન થાય ત્યારે ગવાતું કીર્તન પરિશિષ્ટમાં આપ્યું છે. અધિવાસન સમયે તે કીર્તન ગવાય છે. હિંડોળાના પ્રથમ દિવસે ગોવિંદસ્વામીના નીચે લખેલાં ચાર કીર્તન ગવાય છે.

કીર્તન : **હિંડોળા (રાગ-મલ્હાર)**

તેસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ તેસીયે વીરવધૂ ચલત સુહાઈ માઈ ।
તેસેઈ કોકિલા કલ કુહૂકુહૂ કૂજત તેસેઈ નાચત મોર નિરખત નયના સુખદાઈ ॥૧॥
તેસી નવરંગ નવરંગ બની જોરી તેસેઈ ગાવત રાગમલ્હાર તાન મન ભાઈ ।
ગોવિંદપ્રભુ સુરંગ હિંડોરે ઝૂલે ફૂલેં આછે રંગભરે ચહું દિશતે ઘટા જુરિ આઈ ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝુલત સુરંગ હિંડોરે રાધામોહન ।
વરણ વરણ ચૂનરી પેહેરેં વ્રજવધુ ચહૂં ઓરે ॥૧॥
રાગ મલ્હાર અલાપત સપ્ત સુરન તીન ગ્રામ જોરે ।
મદનમોહનજુ કી યા છબિ ઉપર **ગોવિંદ** બલ તૃણ તોરે ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

રંગ મચ્યો સિંઘદ્વાર હિંડોરે વ ઝૂલના ।
ગૌર શ્યામ તન નીલપીત પટ, ઘન દામિની હેમ બિરાજત,
નિરખ નિરખ વ્રજજન મન ફૂલના ॥૧॥
ઉર પર વનમાલ સોહે ઈન્દ્રધનુષ્ય માનો ઉદિત ભયો
મોતિનહાર બગપંગતિ સમતૂલના ।
બરસત નવરુપ વારિ ઘોખ અવનિ રત્ન ખચિત
ગોવિંદ પ્રભુ નિરખ કોટિ મદન ભૂલના ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝૂલન આઈ વ્રજનારી ગિરિધરનલાલજુ કે સુરંગ હિંડોરના ।
સુભગ કંચન તન પહેરે કસુંભી સારી ગાવત પરસ્પર હસ મૃદુ બોલના ॥૧॥
ઈત નંદલાલ રસિકવર સુંદર ઉત વૃષભાનસુતા છબિ સૌહના ।
રમકત રંગ રહ્યો પિયપ્યારી **ગોવિંદ** બલબલ રતિપતિ જોહના ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ બીજ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ વદ બીજ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આજ મેં દેખે કુંવર કન્હાઈ ।
પ્રાતસમે નિકસે ગાયનસંગ શ્યામ ઘટા જુરિ આઈ ॥૧॥
પીત વસન પહેરે તન સુંદર કસુંભી પાગ સુહાઈ ।
મુક્તામાલ રુરત ઉર ઉપર મુરલી મધુર બજાઈ ॥૨॥
કહા કહોં અંગ અંગકી શોભા મોપેં વરની ન જાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર દેખે તેં ક્યોંહું કલ ન પરાઈ ॥૩॥

શૃંગાર (રાગ-મલ્હાર)

શોભા માઈ અબ દેખન કી બહાર ।
ગોવર્ધન પર્વત કે ઉપર મોરનકી પતવાર ॥૧॥
ઠાડે લાલ પીતપટ ઓઢે મુરલી મધુર રસાલ ।
મોર ચંદ્રિકા માથે સોહે ઔર ગુંજન કે હાર ॥૨॥
ઘન ગરજત ઔર દામિની દમકત ન્હેની ન્હેની પરત ફૂહાર ।
સૂરદાસ પ્રભુ તોઉ ન અઘેહેં અખિયાં હોય લખ ચાર ॥૩॥

રાજભોગ (રાગ-મલ્હાર)

ચલ સખી દેખન નંદ કિશોર ।
શ્રીરાધાજુ સંગ લીયે બિહરત રુચિર કુંજ ઘન સોર ॥૧॥
ઉમગી ઘટા ચહું દિશતેં બરખત હૈ ઘનઘોર ।
તૈસી લહલહાતસોં દામન પવન નચત અતિ જોર ॥૨॥
પીત વસન વનમાલ શ્યામ કે સારી સુરંગ તનગોર ।
જુગ જુગ કેલિ કરો **પરમાનંદ** નૈન સિરાવત મોર ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : અષાઢ વદ બીજ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : પીળા રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે. ચરણચોકીની ગાદી ઉપર લીલી મખમલ મઢેલી છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર ધર્યો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, પન્નાની લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે. આજના શૃંગાર શ્રીચંદ્રાવલીજીની આડીથી થાય છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : સમસ્ત પુષ્ટિમાર્ગીય મંદિરો કરતાં નાથદ્વારામાં હિંડોળાની કેટલીક વિશેષતાઓ છે. (૧) સર્વ મંદિરોમાં શ્રીઠાકોરજી હિંડોળામાં સિંહાસન ઉપર બિરાજે છે. જ્યારે નાથદ્વારામાં શ્રીઠાકોરજી ચોકી ઉપર બિરાજે છે. તેનું કારણ એ છે કે સર્વ મંદિરોમાં નંદાલયની ભાવનાથી શ્રીઠાકોરજી શ્રીયશોદાજીની ગોદમાં બિરાજી ઝૂલે છે. જ્યારે શ્રીગોવર્ધનધર પ્રભુ શ્રીનાથજી નિકુંજનાયક, ગોલોકનાથ છે. ચારે બાજુ વ્રજલલનાઓ ઝૂલાવે છે અને દર્શન કરે છે તે ભાવથી અહીં ચોકી આવે છે. (૨) નાથદ્વારામાં ભોગ સમયે હિંડોળામાં બિરાજી પ્રભુ ઝૂલે છે જ્યારે બીજા ઘરોમાં સંધ્યાર્તિ પછી ઝૂલે છે. તેનું કારણ એ છે કે પ્રભુ ગાયો ચરાવીને ઘેર પધારે પછી ઘૈયાં આરોગાવી વ્રજરાણી યશોદાજી પ્રભુને ઝૂલાવે છે, જ્યારે કિશોરભાવથી અહીં શ્રીઠાકોરજી વ્રજની કુંજ નિકુંજમાં હિંડોળે ઝૂલી પછી ઘેર પધારે છે તેથી અહીં ભોગમાં ઝૂલે છે.

કીર્તન : **શયન (રાગ-મલ્હાર)**

વૃંદાવન ઝૂલત ગિરિવરધારી ।
સાવન માસ સરસ ઘન બરસત તૈસીય ભૂમિ હરિયારી ॥૧॥
ફૂલે કુસુમ સુભગ જમુના તટ પવન બહત સુખકારી ।
નિરખિ નિરખિ સુખ દેત ઝોટિકા શ્રીવૃષભાન દુલારી ॥૨॥
દાદુર મોર પપૈયા કોયલ શબ્દ કરત મનુહારી ।
ગાવત રાગ મલ્હાર ભામિની પહેરે ઝુમક સારી ॥૩॥
બાજત તાલ મૃદંગ બાંસુરી નાચત દે કર તારી ।
મદનમોહન રાધાવર ઉપર **ગોવિંદ** તન મન વારી ॥૪॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ બીજ



ચાંદીના હિંડોળા

આજે ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. તેમને શ્રીનાથજી જેવાં જ વસ્ત્ર શૃંગાર ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદીમાં બિરાજે છે.

કીર્તન : **હિંડોળા (રાગ-મલ્હાર)**

હિંડોરે માઈ ઝુલન કે દિન આયે ।
ગરજત ગગન દામિની કોંધત રાગ મલ્હાર જમાયે ॥૧॥
કંચન ખંભ સુઢાર બનાયે બિચ બિચ હીરા લાયે ।
ડાંડી ચાર સુદેશ સુહાઈ ચૌકી હેમ જરાયે ॥૨॥
નાના વિધ કે કુસુમ મનોહર મોતિન ઝૂમક છાયે ।
મધુર મધુર ધ્વનિ વેણુ બજાવત દાદૂર મોર જિવાયે ॥૩॥
રમકન ઝમકન પિયપ્યારી કી કિંકિણી શબ્દ સુહાયે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરનલાલ સંગ માનિની મંગલ ગાયે ॥૪॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝુલે માઈ જુગલકિશોર હિંડોરે ।
અતિ આનંદ ભરે સબ ગાવત લેત પ્રિયા ચિત્ત ચોરે ॥૧॥
કંચન મણીકે ખંભ બનાયે મોતિન ઝૂમક લોરેં ।
મંદ મંદ બૂંદે અતિ બરખત શ્યામ ઘટા ઘન ઘોરેં ॥૨॥
પીત વસન દામિનિ છબી લાગત બોલન લાગે મોરેં ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ચિતવત રાધા ઓરેં ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

નટવર ઝૂલત સુરંગ હિંડોરે ।
ધરત ચરન પટુલી પર મોહન કરજુ પરસ્પર જોરેં ॥૧॥
પીત વસન વનમાલ વિરાજત સારી સુરંગ હી બોરેં ।
સજલ શ્યામ ઘન કનક બરન તન માનિની માનહી તોરે ॥૨॥
જોરી અવિચલ સદા વિરાજત કુંડલ વરજુ હિલોરેં ।
કુંભનદાસ પ્રભુ ગિરિધર રાધા પ્રીતિ નિવાહત ઓરેં ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ત્રીજ



વસ્ત્ર : બૈંગની (જાંબલી) રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

ગરજ ગરજ રિમઝિમ રિમઝિમ બુંદન લાગ્યો બરસન ઘન પ્રીતમ પ્યારી રાજે રંગ મહેલ ।
બોલત ચાતક મોર દામિની દમક આવે ઝુમઝુમ બાદર અવની પરસન ॥૧॥
તેસોઈ હરિયારો સાવન મનભાવન ઈન્દ્રવધૂ ઠોર ઠોર આનંદ ઉપજાવન ।
પિયવિહારી પ્રિયાસંગ ગાવત મલ્હાર રાગ લલિત લતા લાગી સુન સુન સરસાવન ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

દેખો માઈ સુંદરતાકો બાગ ।
હરી વ્રજભૂમિ હરી દ્રુમ વેલી હરી ગિરિધર સિર પાગ ॥૧॥
હરે હરે મોર હરી હરી શુક સેના ભીંજ રહે અનુરાગ ।
રાજત હરી મન હરણ રાધિકા નિરખ દાસ બડભાગ ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ ત્રીજ



આજના શૃંગાર : કુલ્હે-ઘેરો-પિછોડો

સાજ : બેંગની (જાંબલી) રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે. ચરણચોકી ઉપર લીલી મખમલ મઢેલી છે.

વસ્ત્ર : બેંગની (જાંબલી) રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક, તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે બેંગની રંગની કુલ્હે ઉપર શિરપેચ તથા સોનેરી ચમકનો ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. તુલસીજીનાં લીલાં અને બીજાં પીળાં પુષ્પોનાં સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : બાર મહિનામાં આજે જ જાંબલી (નીલા) રંગની કુલ્હે ધરાય છે. તેનું કારણ એ છે કે આજનો ઉત્સવ શ્રીયમુનાજીની આડીનો ઉત્સવ છે. શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીની આડીથી આજે આ પ્રકારનાં જાંબલી (નીલા) રંગનાં વસ્ત્ર-કુલ્હે ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

તેસીય હરિત ભૂમિ તેસીય બૂઢન શોભા તેસોઈ ઈન્દ્રકો ધનુષ મેહસોં ।
તેસીયે ઘુમડ ઘટા વરષત બૂંદન તેસેઈ નાચત મોર નેહસોં ॥૧॥
વૃંદાવન સઘનકુંજ ગિરિગહવર વિહરત શ્યામ શ્યામા સોહેં દામિની સમ દેહસોં ।
છીતસ્વામી ગુનનિધાન ગોવર્ધનધારી લાલ મધ્ય તહાં ગાન કરત લાલ તાન ગેહસોં ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

ઝૂલત તેરે નયન હિંડોરે ।
શ્રવણ ખંભ ભ્રૂ ભઈ મયાર દૃષ્ટિ કરણ ડાંડી ચહું ઓરેં ॥૧॥
પટુલી અધર કપોલ સિંહાસન બૈઠે યુગલ રૂપ રતિ જોરેં ।
કચ ઘન આડ દામિની દમકત માનો ઈન્દ્ર ધનુષ અનુહોરેં ॥૨॥
દૂર દેખત અલકાવલિ અલિકુલ લેત સુગંધન પવન ઝકોરેં ।
બરુણી ચમર ઢુરત ચહું દિસતેં લરલટકન ફૂન્દના ચિતચોરેં ॥૩॥
થકિત ભયે મંડલ યુવતીન કે યુગ તાટંક લાજ મુખ મોરેં ।
રસિક પ્રીતમ રસ ભાવ ઝૂલાવત રીઝ રીઝ ડારત તૃણ તોરેં ॥૪॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ તૃતીયા

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ત્રીજ



ચાંદીના હિંડોળા

આજે ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજી જેવાં જ વસ્ત્ર શૃંગાર ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદીમાં બિરાજે છે.

કીર્તન : **હિંડોળા (રાગ-ઈમન)**

સેન કામકી લાયો સો સાવન આયો ।
ચલ સખી ઝૂલિયે સુરત હિંડોરે કીજે શ્યામ મનભાયો ॥૧॥
હાવભાવકે ખંભ મનોહર કચ ઘન ગગન સુહાયો ।
કામનૃપતિ વૃષભાન નંદિની રસિકરાય વર પાયો ॥૨॥

હિંડોળા (રાગ-ઈમન)

સોહત વન આયોરી સાંવન હરિયારો ।
હરિત ભૂમિ પર ઈન્દ્રવધૂસી રાધિકા સબ સખિયનસંગ લીને, પહેરે કસુંભી સારી કંચન તન ॥૧॥
રંગભર સુરંગ હિંડોરે ઝુલત નવનાગરી નાગર માનોં રંગરવે ચલ્યો હૈ એડી અંગુરિન ।
સૂરદાસ મદન મોહન પિયકે ગુણગાવત યે સુખ અતિ આનંદ મગન મન ॥૨॥

હિંડોળા (રાગ-ઈમન)

માઈ ઝૂલત હેં રંગ હિંડોરેં શોભા તનશ્યામ ગોરે
નીલ પીત પટ ઘન દામિની કે ભોરેં ।
ગોપીજન ચહૂં ઓરે ઝુલવત થોરેં થોરેં
પવન ગમન આવે સોંધેકી ઝકોરે ॥૧॥
શોભા સિંધુ મનમોરેં નયનસોં નયના જોરેં ।
સૂરદાસ મદનમોહન ચિત ચોર્યો
મુરલી કી ઘોર સુનિ સુરવધૂ શીશ ઢોરેં ॥૨॥

હિંડોળા (રાગ-ઈમન)

રમકઝમક ઝૂલનમેં ઠમક મેહ આયો નહિ સુરઝત વાતનતેં ।
નવપલ્લવ સંકુલિત ફૂલફલ વરનવરન દ્રુમલતાન તર
ઠાડે ભયે ભયો હે બચાવ પાતન તેં ॥૧॥
મંદમદ ઝુલવત ખંભન લગિ ઓઢેં અંબર નિજ ગાતન તેં ।
કૃષ્ણદાસ ગિરિધારી દોઉ ભીજયો વાગો સારી, ભ્રમરનકી ભીર ભારી
ટારી ન ટરત ક્યોંહું પ્રકટી છબીલી છટા નિજ ગાતનતેં ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ચોથ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ વદ ચોથ

શ્રીગોકુલનાથજીનો તથા શ્રીગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ

વસ્ત્ર : લીલા રંગની મલમલનો, સોનેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : બૈંગની રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આજ મેં દેખે કુંવર કન્હાઈ ।
પ્રાતસમે નિકસે ગાયનસંગ શ્યામ ઘટા જૂરિ આઈ ।।૧।।
પીતવસન પહેરે તન સુંદર કસુંભી પાગ સુહાઈ ।
મુક્તામાલ રુરત ઉર ઉપર મુરલી મધુર બજાઈ ।।૨।।
કહા કહો અંગ અંગકી શોભા મોપે વરણી ન જાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર દેખે તે ક્યોં હુ ક્લ ન પરાઈ ।।૩।।

શૃંગાર (રાગ-મલ્હાર)

દેખ સખી ઠાડે નંદકિશોર ।
શ્રીગોવર્ધન પર્વત કે ઉપર તેસેઈ નાચત મોર ।।૧।।
લાલ પાગ સિર સુભગ લાલકે લાલ લકુટિયા હાથ ।
લાલ રતન સિરપેચ બિરાજત મોતિન કી લર માથ ।।૨।।
લાલન કે આભૂષણ અંગ અંગ પીત વસન ફહરાત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબિલો શ્યામ સલોને ગાત ।।૩।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ ચોથ



આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : લીલા રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે. ચરણચોકી ઉપર લીલી મખમલ મઢેલી છે.

વસ્ત્ર : લીલા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક, તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણી (જમાવ)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર શ્રીલલિતાજીના ભાવનો તેમજ શ્રીગોકુલચંદ્રમાજીની આડીનો થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

વ્રજપર નીકી આજઘટા ।
નેન્હી નેન્હી બુંદ સુહાવની લાગત ચમકત બીજછટા ॥૧॥
ગરજત ગગન મૃદંગ બજાવત નાચત મોર નટા ।
તૈસેઈ સૂર ગાવત ચાતક પિક પ્રગટ્યો હૈ મદન ભટા ॥૨॥
સબ મિલિ ભેટ દેત નંદલાલ હિ બૈઠે ઊંચી અટા ।
કુંભનદાસ ગિરિધરન લાલ સિર કસુંભી પીત પટા ॥૩॥

શયન (રાગ-ઈમન)

લાલન તો હોં ઝૂલો જો તુમ હોલે હોલે ઝૂલાવો ।
ડરપત હો ઘનશ્યામ મનોહર અપને કંઠ લગાવો ॥૧॥
હોં ઉતરોં તુમ ઝૂલો મેરે મોહન જૈસે જેસે ગાઉં તૈસે તૈસે ગાવો ।
રસિક પ્રીતમ પિય યહી વિનતી તનકી તપત બુઝાવો ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી

શ્રીગોકુલનાથજી

ગુજરાતી : અષાઢ વદ ચોથ



શ્રીગોકુલજનજીવનમૂર્તિઃ શ્રીગોકુલાધીશઃ ।
સ્વીયત્વાંગીકરણે મામપિ દીનં નિવેશયતુ ॥

ભાવાર્થ : શ્રીગોકુલવાસીઓના જીવન સ્વરૂપ, શ્રીગોકુલના સ્વામી શ્રીગોકુલનાથજી પોતાનો જાણી મારા દીનનો સ્વીકાર કરો. આપની સેવામાં મને રાખો.

શ્રીમહાપ્રભુજીને પોતાના સસરા શ્રીવેણુભટ્ટજી પાસેથી આ સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. ત્યારથી આ સ્વરૂપની સેવા શ્રીમહાપ્રભુજીના વંશમાં જ થતી આવી છે. હાલ શ્રીગોકુલનાથજી ગોકુલમાં બિરાજે છે અને ચતુર્થ ગૃહના પૂ. શ્રીઆચાર્યચરણો તેમની સેવા કરે છે.

નામ લીલા : ગો એટલે ગાયો, ઈંદ્રિયો, રસ અને પૃથ્વી. આ ચારેયના નાથ એટલે સ્વામી. શ્રીકૃષ્ણ ગાયોના સ્વામી છે. ઈંદ્રિયોવાળા શરીરને ધારણ કરનાર ભક્તોના સ્વામી છે. અલૌકિક આનંદરસના પણ સ્વામી છે. પૃથ્વી સહિત સર્વ લોકના સ્વામી છે. વ્રજના રાજા અને ગોકુલના સ્વામી છે એટલે આ સ્વરૂપનું નામ શ્રીગોકુલનાથજી છે.

લીલાભાવના : ઈંદ્રના કોપથી સમસ્ત વ્રજવાસીઓને બચાવવા શ્રીકૃષ્ણે શ્રીગોવર્ધન પર્વત ધારણ કર્યો. જમણા હસ્તની ટચલી આંગળીના નખથી સહેજ ઊંચે શ્રી ગિરિરાજજીને સ્થિર કર્યા. ડાબા શ્રીહસ્તમાં શંખ ધારણ કરી વરસાદનું બધું જળ શોષી લીધું. બીજા બે શ્રીહસ્ત પ્રગટ કરી શ્રીગિરિરાજજીની છત્રછાયામાં ઊભેલા વ્રજવાસીઓને સુખનું દાન કરવા વેણુવાદન કર્યું. આમ શ્રીકૃષ્ણ ચતુર્ભુજ બન્યા. તેમની ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી ઊભાં રહી ચમ્મર ઢોળવા લાગ્યાં. આમ બે સ્વામિનીજીઓ સાથે ચતુર્ભુજ સ્વરૂપે શ્રીગિરિરાજજીની છત્રછાયામાં ઊભેલા શ્રીઠાકોરજીની આ અદ્‌ભુત લીલાનું સ્વરૂપ છે. તેમની બંને બાજુ બે સ્વામિનીજીઓ બિરાજે છે.

સ્વરૂપભાવના : શ્રીગોકુલનાથજી પ્રભુનાં ચરણારવિંદ નીચે કમળ છે. ખુલ્લા કમળ ઉપર તેઓ ઊભા છે. કમળ એટલે વ્રજ. કમળ સૂચવે છે કે આપ સદા વ્રજમાં બિરાજમાન છે. તેમનું સ્વરૂપ ઘણું નાનું અને ગૌર છે. જમણા શ્રીહસ્તથી શ્રીગિરિરાજધારણ કર્યો છે. ડાબા શ્રીહસ્તમાં શંખ છે. બે શ્રીહસ્તથી વેણુ વગાડે છે. નેત્રો ચરણારવિંદ તરફ ઢળેલાં છે. ડાબી બાજુ શ્રીરાધિકાજી બિરાજે છે. જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. શ્રીરાધિકાજીના એક શ્રીહસ્તમાં ચમ્મર છે અને બીજા શ્રીહસ્તમાં વીણા છે. શ્રીચંદ્રાવલીજીના એક શ્રીહસ્તમાં ચમ્મર અને બીજા શ્રીહસ્તમાં છડી છે.

શ્રીગુસાંઈજીના ચતુર્થ પુત્ર, માલાતિલકના રક્ષણહાર શ્રીગોકુલેશપ્રભુએ આ સ્વરૂપને બિરાજવા ગોકુલમાં ઘણું મોટું, સુંદર, ભવ્ય મંદિર બંધાવ્યું હતું. તેમાં આપશ્રી શ્રીગોકુલનાથજીની સેવા કરતા હતા. ત્યારથી આજ સુધી આ સ્વરૂપ ગોકુલમાં જ બિરાજે છે.

એક કર શંખ, એક ગિરિ ધરે, જુગલ સ્વામિનીજી સાથ
દોઉ કર બંસી બાજત હૈ, ગોરે શ્રીગોકુલનાથ

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી

શ્રીગોકુલચંદ્રમાજી

ગુજરાતી : અષાઢ વદ ચોથ



શ્યામ વર્ણ ભુજ જુગલ હૈ, મોહન વેણુ સુરંગ ।
શ્રીમદ્ ગોકુલચંદ્રમા નીરખું અંગ ત્રિભંગ ॥

મહાવનનાં એકા ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાંથી ચાર સ્વરૂપો પ્રાપ્ત થયાં હતાં તેમાં એક સ્વરૂપ આ શ્રીગોકુલચંદ્રમાજીનું હતું. એકા ક્ષત્રાણી ચારે સ્વરૂપો પધરાવીને શ્રીમહાપ્રભુજી પાસે ગયાં. શ્રીમહાપ્રભુજીએ ત્યાં બેઠેલા વૈષ્ણવોની વિનંતીથી તેમને સેવા માટે આ ચારે ય સ્વરૂપો પધરાવી આપ્યાં. તેમાં આ શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ નારાયણદાસ બ્રહ્મચારીને પધરાવી આપ્યું. તેમણે જીવનભર આ સ્વરૂપની સેવા કરી. તેમને કોઈ સંતાન ન હોવાથી આ સ્વરૂપ શ્રીગુસાંઈજીને ઘેર પાછું પધાર્યું. શ્રીગુસાંઈજીએ તેમના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીને પધરાવી આપ્યું. ત્યારથી આજ સુધી પંચમ ગૃહના પૂ. શ્રી આચાર્યચરણો દ્વારા તેમની સેવા થાય છે. આજે આ સ્વરૂપ કામવનમાં બિરાજે છે.

લીલાભાવના : શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ રાસલીલાનું સ્વરૂપ છે. તેમણે ગોપીજનોને આપેલાં વચન પ્રમાણે શરદપૂનમની રાત્રે વેણુનાદ કરી વ્રજમાં વસતાં ગોપીજનોને રાસ રમવા બોલાવ્યા હતા. રાસ માટે ભક્તોને બોલાવવાની વેણુનાદની તેમની લીલા છે. તેઓ સદા રાસ રમવા માટે તત્પર હોય છે. તેથી જ તેમની સેવા પ્રણાલિકામાં શયનનાં દર્શનમાં શયન આરતીનો છેલ્લો આંટો ફરતો હોય ત્યાં જ ટેરો લેવાય છે. તત્કાલ શ્રીઠાકોરજી પોઢી જાય છે; કારણ કે રાસમંડળમાં પધારવામાં શ્રીઠાકોરજી વિલંબ સહન કરી શકતા નથી.

તેમની સેવા નારાયણદાસ બ્રહ્મચારીએ કરી છે. તેઓ પરણેલા ન હતા. તેથી નારાયણદાસ પ્રત્યેનો પોતાનો પ્રેમ દર્શાવવા શ્રીગોકુલચંદ્રમાજી પ્રભુ કદાપિ સહેરાનો શૃંગાર ધરતા નથી. (સહેરાનો શૃંગાર લગ્નનો શૃંગાર છે.)

સ્વરૂપભાવના : શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ શ્યામ વર્ણનું, અતિ કોમળ સ્વરૂપ છે. શ્યામ વર્ણ અલૌકિક શૃંગાર રસનો વર્ણ છે. તેથી આ સ્વરૂપ સાક્ષાત સંયોગ શૃંગાર રસનું સ્વરૂપ છે.

આ સ્વરૂપ લલિત ત્રિભંગી છે. તેમના ચરણારવિંદ કટિ અને મસ્તક સ્હેજ નમેલાં છે, માટે તેમને ત્રિભંગી કહેવાય છે. બે હસ્તથી વેણુનાદ કરી રહ્યા છે. એક ચરણારવિંદ પૃથ્વી ઉપર ધરેલો છે. બીજો ચરણારવિંદ પૃથ્વી ઉપર ધરેલા ચરણ ઉપર ટેકવેલો છે. બે ચરણારવિંદ આંટીમાં રહેલા છે. દૃષ્ટિ ચરણારવિંદ તરફ છે.

ચંદ્રને સંસ્કૃતમાં ઈન્દુ કહેવાય છે તેથી શ્રીગોકુલચંદ્રમાજીને સંસ્કૃતમાં 'શ્રીગોકુલેન્દુ' કહેવાય છે. વૈષ્ણવો ભક્તિભાવથી તેમને 'ચંદબાવા' ના નામે પણ ઓળખે છે. પ્રાચીન સમયથી ભગવદીયો એવું કહે છે કે શ્રીમદ્ ગોકુલમાં શ્રાવણ સુદ ૧૧ની મધ્યરાત્રિએ પ્રગટ થઈ શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા કરી તે સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીનું છે.

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્થી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ચોથ



ચાંદીના હિંડોળા

આજે ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચાંદીના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજી જેવાં જ વસ્ત્ર શૃંગાર ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદીમાં બિરાજે છે.

ભોગ : **હિંડોળા (રાગ-સોરઠ)**

આજ દોઉ ઝૂલે રંગ હિંડોરે ।
માનો ઘનદામિની બનઠન બૈઠે ગૌર શ્યામ સમતોલે ॥૧॥
ચહૂં ઔર સહચરી ઝૂલાવે ઝોટા દેત અનુકૂલે ।
ઈચ્છારામ ગિરિધરન લાડિલી દેખ દેખ છબિ ફૂલે ॥૨॥

હિંડોળા (રાગ-ઈમન)

સોહત વન આયોરી સાવન હરિયારો ।
હરિત ભૂમિ પર ઈંદ્રવધૂસી રાધિકા સબ સખિયન સંગ લીને પહેરે કસુંભી સારી કંચન તન ॥૧॥
રંગભર સુરંગ હિંડોરે ઝુલત નવનાગરી નાગર માનો રંગરવે ચલ્યો હૈ એડી અંગુરિન ।
સૂરદાસ મદનમોહન પિયકે ગુણ ગાવત યે સુખ અતિ આનંદ મગનમન ॥૨॥

હિંડોળા (રાગ-કલ્યાણ)

રમક ઝમક ઝૂલે ઝૂલાવે યુવતી રાધા પ્યારીકો હિંડોરેં ।
તૈસીયે કસુંભી સારી પહેરે તેસેહી વરણ વરણ ચહૂં દિશા ઘનઘોરેં ॥૧॥
યાહીતેં દૂર દૂર જાત દામિની હોય સંકેત તહાં શ્યામ દેખત દ્યુતિ ગાત ગોરેં ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝ બસ ભયે ડારત હૈ તૃણતોરેં ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

પ્યારો પ્યારી ઝૂલે કદમકી ડારિયાં ।
ઘન જુ ગરજે દામિની દમકે ચહૂં દિશ ગોપકુમારિયાં ॥૧॥
ગૌર શ્યામ મુખચંદ પરસ્પર રહત નિહાર નિહારિયાં ।
પુરુષોત્તમ પ્રભુકી છબિ નિરખત છબિ પર બલહારિયાં ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ પાંચમ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ વદ પાંચમ

વસ્ત્ર : લીલા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લીલા રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તેસીયે શ્યામ ઘન મુરલી બજાઈ તેસે હી ઉઠે ઝુક ધુરવા ॥૧॥
બડી બડી બુંદન બરખન લાગ્યો પવન ચલત અતિ ઝુરવા ।
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલન કો નિશ જાગત ભયો ભુરવા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

રહી ફવિ શ્યામ છબીલી પાગ ।
તાપર કુલ્હે શ્યામ શિર શોભિત મોરચંદ છબિ લાગ ॥૧॥
શ્યામ અંગ પર નીલવસન છબિ કિંકિણી શબ્દ સુહાગ ।
શ્યામ હિ રંગ રંગી રંગ શ્યામા શ્યામ રંગ અનુરાગ ॥૨॥
યહ જોરી અવિચલ શ્રીવૃંદાવન શ્યામ રંગ બડભાગ ।
સૂરશ્યામ શ્યામા છબિ નિરખત પ્રેમસિંધુ રસ પાગ ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ પાંચમ



આજના શૃંગાર : ફેંટાનો સાજ-સૂથન પટુકા

સાજ : કેસરી તથા સફેદ રંગની લહેરિયાની, ધોરેવાલી, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે અને ચરણચોકી ઉપર લીલી મખમલ મઢેલી છે.

વસ્ત્ર : કેસરી અને સફેદ લહેરિયાના, ધોરેવાલા સૂથન અને રાજાશાહી પટુકો ધર્યાં છે. બંને વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. મોતી, પીરોજા તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી તથા સફેદ લહેરિયાના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા તથા દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા ચંદ્રાવલીજીની પ્રિય સખી ચંદ્રિકાજીની છે. આજનો શૃંગાર ઐચ્છિક છે પરંતુ ગમે તે દિવસે ચોક્કસ થાય છે ખરો. આ શૃંગાર તાજબીબીની આડીથી થાય છે. જ્યારે પણ સૂથન પટુકા ધરાય ત્યારે ફેંટો કે દુમાલો ધરાય છે અને ધોરેવાલા વસ્ત્રો આવે છે. લોલકબંદી કે ઝૂમખાંના કર્ણફૂલ ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

ગોવર્ધન પરવત કે ઉપર પરમ મુદિત બોલત હૈ મોર ।
અતિ આવેશ હોત સબ હીકે મન, ઠાંય ઠાંય નાચત મોર
ધ્વનિ સુન મુરલી કી મંદસ્વર ક્લઘોર ।।૧।।
શ્રીઅંગ જલદ ઘટા સુહાઈ વસન દામિની ઈન્દ્ર ધનુ
વનમાલ મોતિનહાર ઝલક ડોર ।
કુંભનદાસ પ્રભુ પ્રેમ નીર બરખત નિત નિરંતર અન્તર
ગિરિવરધરનલાલ નવલ નંદ કિશોર ।।૨।।

શયન (રાગ-કલ્યાણ)

ઝૂલત શ્યામ પ્રિયાસંગ રંગ હિંડોરના ।
વરણ વરણ અંબર તન પહેરે વ્રજયુવતીજન ગાવત કલ ગીતન ચિત ચોરના ।।૧।।
તેસીયે ઋતુ સાવન મન ભાવન હરિયારી ભૂમિ મંદ મંદ ગરજત ઘનઘોરના ।
તેસેઈ પિક ચાતક વન બોલત આનંદ ભર કેકી કીર કુલાહલ કો ઓરના ।।૨।।
સહચરી ચહૂં ઓરતે ઝુલવત અતિ આનંદ ભર પટતર દ્યુતિ દામિની ઘનઘોરના ।
પિયવિહારી લાલ લલિત દંપતી અતિ આનંદ ભર પ્રેમ વિવશ જાનત ન નિશ ભોરના ।।૨।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પંચમી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ પાંચમ



ચંદનના લીલા પાન તથા ફળ-ફૂલનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચંદનનાં લીલાં પાન તથા ફળ-ફૂલના હિંડોળે ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજી જેવાં જ વસ્ત્ર અને શ્રીમસ્તકનાં શૃંગાર ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદમાં બિરાજે છે.

ભોગ : **હિંડોળા (રાગ-માલવ)**

ઝૂલત સુભગ હિંડોરે ગિરિધર ગોવર્ધન પર્વત કે ઉપર ।
દૂહું ઓર ઝૂલવત ગાવત ત્રિય વરણ વરણ પહેરેં તન અંબર ॥૧॥
તેસીયે દામિની દમકત છિનછિન તેસઈ ઘન વરસત હૈ ધર ।
તિહિં અવસર રમકત પિય કે સંગ લાગ રહી વૃષભાનસુતા ગર ॥૨॥
ચટકીલો ચીરા હીરાકો લટકન લટક રહ્યો ભ્રૂવ ઉપર ।
શ્રીરઘુવીર પ્રભુકી લીલા લખિ મોહે બ્રહ્મા સુરપતિ હર ॥૩॥

હિંડોળા (રાગ-માલવ)

ઝૂલત લાલ ગોવર્ધનધારી શોભા વરની ન જાઈ ।
વામભાગ વૃષભાન નંદિની નવસત અંગ બનાઈ ॥૧॥
અતિ સુકુમાર નારિ ડરપત હૈ મોહન ઉરહિ લગાઈ ।
નીલપીત પટ ફરહરાત હેં ઘનદામિન દુરજાઈ ॥૨॥
માનોં તરુણ તમાલ મલ્લિકા અંગ અંગ અરુઝાઈ ।
ગૌર શ્યામ છબિ મરકત મણિપર કનકવેલિ લપટાઈ ॥૩॥
સુરત સુધા વિલસત દોઉ જન સબ સહચરી સુખ પાવે ।
ચતુર્ભુજપ્રભુ લાલ ગિરિધર યશ સુરનર મુનિ મિલ ગાવે ॥૪॥

હિંડોળા (રાગ-માલવ)

ઝૂલત હૈ રાધા સુંદર વર સાંવન સરસ હિંડોરેં ।
દૂહું ઔર રમકત બાઢ્યો રંગ વ્રજયુવતી તૃણતોરેં ॥૧॥
વરણ વરણ પહેરે તન અંબર પ્રેમ વિવશ દગ જોરેં ।
કિલકત હસત સબે રસ લંપટ કામત્રિયા ચિત્તચોરેં ॥૨॥
તિહિ અવસર બર્ષત રસબૂંદે ચહૂંદિશા ઘનઘોરેં ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝે અતિ દેત પીત પટ છોરેં ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ છઠ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ વદ છઠ

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી તથા સફેદ રંગના લહેરીયાનો ફેંટો, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

તુમ દેખો માઈ સુંદરતાકો રૂપ ।
મન બુદ્ધિ દેદે ચિતે રહી હો કમલ નયન કો રૂપ ॥૧॥
કુંચિત કેશ સુદેશ અલિગણ વદન જો સહજ સરોજ ।
મકર કુંડલ કિરન કી છબિ દુરત ફિરત મનોજ ॥૨॥
અરુણ અધર કપોલ નાસિકા સૌભગ ઈષદહાસ ।
દશનનકી દ્યુતિ જલજ નવશશિ ભ્રુકુટિ મદન વિલાસ ॥૩॥
અંગ અંગ અનંગ જીત્યો રુચિર ઉર વનમાલ ।
શોભા **સૂર** હૃદય પરિપૂરણ સબ સુખ દેત ગોપાલ ॥૪॥

શૃંગાર (રાગ-મલ્હાર)

હમારે માઈ શ્યામાજુ કો રાજ ।
જાકે આધીન સદાહી સાંવરો યા વ્રજકો શિરતાજ ॥૧॥
યહ જોરી અવિચલ શ્રીવૃંદાવન નહીં ઔરન સો કાજ ।
શ્રીવિઠ્ઠલ વિપિન વિહારીન કે સંગ જ્યોં જલધર સંગ ગાજ ॥૨॥

રાજભોગ દર્શન

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ષષ્ઠી

ગુજરાતી : અષાઢ વદ છઠ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ ષષ્ઠી　　ચિત્ર પરિચય　　ગુજરાતી : અષાઢ વદ છઠ

આજના શૃંગાર : સહેરો-પિછોડો-રાજાશાહી પટુકો

સાજ : સંકેતવનમાં વિવાહના ભાવની, લગ્નમંડપના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. શ્રીઠાકોરજીની સાથે શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજીનાં સહેરાનાં શૃંગારમાં દર્શન થાય છે. સખીજનો મંગલ ગીતો ગાય છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો પિછોડો અને રાજાશાહી પટુકો ધર્યો છે. પટુકાને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પીરોજા તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગના દુમાલા ઉપર સહેરો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ અને જમણી બાજુ મોતી અને પીરોજાની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સહેરો ધરાયો છે. હવે નવરાત્રિ સુધી સહેરાનો શૃંગાર થતો નથી. આજે સખીજનોએ સંકેતવનમાં પ્રિયા-પ્રીતમને સહેરાનો શૃંગાર ધરાવી ઝૂલાવ્યા છે તે ભાવથી આ શૃંગાર ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

દેખો માઈ સાવન દૂલ્હે આયો ।
શીશ સહેરો સરસ ગજમુક્તા હીરા બહુત જરાયો ।।૧।।
લાલ પિછોરા સોહે સુંદર સોવત મદન જગાયો ।
તેસીયે વૃષભાન નંદિની લલિતા મંગલ ગાયો ।।૨।।
દાદૂર મોર પપૈયા બોલે બદરા બરાતી આયો ।
સૂરદાસ પ્રભુ તિહારે દરસકોં દામિનિ હરખ દિખાયો ।।૩।।

શયન (રાગ-કેદાર)

એરી હિંડોરે વિહંસ વિહંસ કામિની ઝૂલે રમક રમક ।
તેસીયે કસુંભી સારી પહેરે તેસીયે કંઠમાલ તેસીયે લાલ કંચુકી બની ખમક ખમક ।।૧।।
અલક તિલક મધ્ય બેંદી જરાયકી ઉઠે હીરાન છબિ દમક દમક ।
સુઘરરાય પ્રભુ દંપતી કો સુખ નિરખ ગયો હે મદન તહાં તમક તમક ।।૨।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ષષ્ઠી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ છઠ



ફૂલ-પાનનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચંદનનાં લીલાં પાન તથા ફૂલથી સજાવેલા, લહેરિયાની ભાત પાડેલા કલાત્મક હિંડોળે ઝૂલે છે. શ્રીમદનમોહનજીને શ્રીનાથજી જેવાં જ વસ્ત્ર અને શ્રીમસ્તકનાં શૃંગાર ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદમાં બિરાજે છે.

ભોગ : **હિંડોળા (રાગ-મલ્હાર)**

શ્યામાજુ દુલહનિ દૂલ્હે રસિકવર રમકિ રમકિ દોઉ ઝૂલત રસ ભર ।
ગોપી સબ ચહૂં ઓર ઝોટા દેત હસિ હસિ શોભા દેખ સુર મુનિ થક્તિ ચહલ પર ॥૧॥
વૃષભાન નંદિનીકો ઝૂલત વ્યાપ્યો હૈં ડર તિહિં છિનુ ઉર લાય લજાય નૈના ઢર ।
દેખકે ગઈ મટક સહેરો ગયો લટક ઉર ઝપટે મોતી છૂટી કલીસી જો લર ॥૨॥
લલિતા નિખારવેકોં વેકો ગહિ કર રાખ્યો ઝોટા તરલ ભયે વાર ભૂખન ઝર ।
તન મન ધન વારોં પલ ન વિસારોં લાલ ઐસી શોભા દેખ **સૂરદાસ** કે દગન અર ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

દૂલ્હે દુલહનિ સુરંગ હિંડોરે ઝૂલે પ્રથમ સમાગમ અહો ગઠજોરેં ।
ચરણખંભ ભુજ કરિ મયાર ડાંડીચાર કમલ કર રમક હુલસે દોઉ ઓરેં ॥૧॥
સુભગ સેજ પટુલી સુખ બાઢ્યો મરુવા વેલન પ્રાચી ઓરેં ।
નંદદાસ પ્રભુ રસ બરખત જહાં દામિની કી અનુહોરેં ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝૂલત દૂલ્હે દુલહનિ સુરંગ હિંડોરે ગાંઠ જોર ।
રતન જટીત કો શીશ સહેરો અરુ ચંદનકી ખોર ॥૧॥
મંગલ ગાવત સબ વ્રજવનિતા કરત પરસ્પર રોર ।
રસિકદાસ પ્રભુકો મુખ નિરખત ડારત હૈં તૃન તોર ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

યહ સુખ સાવનમેં બનિ આવે દૂલ્હે દુલહનિ સંગ ઝૂલાવે ।
નંદભવન રોપ્યો સુરંગ હિંડોરો ગોપવધૂ મિલ મંગલ ગાવેં ॥૧॥
નંદલાલકો રાધાજૂપેં હરિજૂપેં રાધાજી કો નામ લિવાવેં ।
જસુમતિસું પરમાનંદ તિહિં છિન વારફેર ન્યોછાવર પાવેં ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ સાતમ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ વદ સાતમ

વસ્ત્ર : શ્યામ રંગની મલમલનો, સોનેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગનો દુમાલો, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

શ્યામ દેખ નાચત મુદિત વન મોર ।
તા ઉપર આનંદ ઉમગ ભર સુનત મુરલી કલઘોર ॥૧॥
ચહૂં દિશતેં કોકિલા કૂંજત ઔર દાદુરકી રોર ।
ગોવિંદપ્રભુ સખા સંગ લિયે વિહરત બલ મોહનકી જોર ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

સખીરી વ્રજકો વસવો નીકો ।
વછરા ગાય ચરાવત વનમેં કાન્હ સબન કો ટીકો ॥૧॥
વૃંદાવનમેં હોત કુલાહલ ગરજત સૂર મુરલીકો ।
ઠાડે લાલ કદંબકી છૈયાં માગત દાન દહીંકો ॥૨॥
ઉપજત હૈ અતિ પ્રીતિ ઉર અંતર ગાવત જસ હરિજુકો ।
સૂરદાસ પ્રભુ મિલેહે ગિરિધર યહ જીવન સબહીકો ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ સાતમ



આજના શૃંગાર : ગ્વાલપાગ (પગો)-ચંદ્રિકા-પિછોડો

સાજ : શ્યામ રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : શ્યામ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભૂષણો ધર્યાં છે. શ્રીમસ્તકે શ્યામ રંગની ગ્વાલપાગ (પગા) ઉપર મોતીની લૂમ તથા સોનેરી ચમકની (જમાવની) ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર - શ્યામ પગા અને શ્યામ પિછોડાનો - શ્રીયમુનાજીની પ્રિય સખી શ્યામાજીના ભાવથી થાય છે; કારણ કે આજે તેમની આડીની સેવા છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

કારે કારે બદરા દેસ દેસ તે ઉલરે શ્યામ બરન સબ રુખ ભયો ।
મનો હો મદન મિલ્યો મદન મોહન સોં કરત ઓટ મહા સઘન તિમિર કે બાસન નનરો ॥૧॥
મોરન કી સોર અતિ પિક કો પપૈયા કૂહૂકાત નુપૂર ધૂન અલસે ધૂનતયો ।
ધોંધી કે પ્રભુ બોલી ચલી તહાં જહાં પાતન કી સેજ કરી પાતન છયો ॥૨॥

શયન (રાગ-કલ્યાણ)

દેખો માઈ શ્યામ હિંડોરે ઝૂલે ।
નિરખ નિરખ મન મોહન મુખછબિ વ્રજજન મન અતિફૂલે ॥૧॥
શ્યામ ખંભ બહુ ભાંતિ બનાયે ડાંડી શ્યામ મન ભાઈ ।
પટુલી શ્યામ બિરાજત તામેં હીરા લાલ જરાઈ ॥૨॥
શ્યામ રંગ વ્રજરાજ લાડીલો અરુ ચન્દ્રાવલી ગોરી ।
નવ વ્રજવધૂ ચહૂ દિસનિ ઠાડી માનો પ્રેમરંગ બોરી ॥૩॥
તામેં રાગ મલ્હાર મધુર સૂર નવલ જુવતિજન ગાવે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલસોં નવલ નેહ ઉપજાવે ॥૪॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ સપ્તમી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ સાતમ



સુરમા સિતારાના હિંડોળા

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી મેઘશ્યામ મખમલ ઉપર રૂપેરી સુરમા સિતારાના ભરતકામવાળા અને આભલા જડેલા કલાત્મક હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શ્રીમસ્તકનાં શૃંગાર શ્રીનાથજી જેવાં જ ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-સોરઠ)

ઝૂલત સાંવરે સંગ ગોરી ।
અમિત રૂપ ગુણ સહજ માધુરી શોભા સિંધુ ઝકોરી ॥૧॥
ઈત સિર મોરમુકુટ કી લટકન ઉત બેંદી છબી રોરી ।
કુંડલ લોલ કપોલન ઝલકત ઉતહી બની કચડોરી ॥૨॥
ઈત ઉત વેસરિ કે મુક્તાસોં ચોંપ બઢી અતિ જોરી ।
રસિક પ્રીતમ વલ્લભ કટાક્ષછબિ હાવભાવ ચિત્તચોરી ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

કારે બાદર ઓલ્હર આયે તા મધ્ય ઝૂલત સુરંગ હિંડોરેં ।
તેસીયે દામિની દમકદમક ધૂરવા પરેં ચહૂં ઓરેં ॥૧॥
હરી હરી ભૂમિ સુહાવની લાગત તૈસેઈ ચાતક પિક કરત રોરેં ।
મદનમોહન બલબલ ગિરિધરપિય હંસ ઊઠ જાત મન્મથ મોરે ॥૨॥

હિંડોળા (રાગ-બિહાગ)

અરીયે ઝૂલત દોઉ લાલન ગિરિવરધારી વ્રજજન મન હારી સંગ રાધિકા પ્યારી ।
ગાવત ઊંચે સ્વર ભારી કિંકિણી નૂપુર ધ્વની ઉપજત ન્યારી ન્યારી ॥૧॥
ઝોટા દેત લલિતારી ત્રિવિધ વહે મલયારી યહ સુખ કહત ન આવે રમકત રંગ રહ્યો ભારી ।
મંદ મંદ ઘન ગરજેરી શ્રવનનકો સુખકારી યે દોઉ યુગલ રસિક ઈન પર **ગોવિંદ** બલ બલિહારી ॥૨॥

હિંડોળા (રાગ-કલ્યાણ)

ઝૂલત શ્યામ પ્રિયાસંગ રંગ હિંડોરના ।
વરણ વરણ અંબર તન પહેરે વ્રજયુવતીજન ગાવત કલ ગીતન ચિત ચોરના ॥૧॥
તેસીયે ઋતુ સાવન મન ભાવન હરિયારી ભૂમિ મંદમદ ગરજત ઘનઘોરના ।
એસેઈ પિક ચાતક વન બોલત અતિ આનંદ ભર કેકી કીર કુલાહલ કો ઓરના ॥૨॥
સહચરી ચહૂં ઔરતેં ઝુલવત અતિ આનંદભર પટતર દ્યુતિ દામિની ઘન ઘોરના ।
પિય બિહારી લાલ લલિત દંપતી આનંદભર પ્રેમવિવશ જાનત ન નિશ ભોરના ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ આઠમ



આજથી જન્માષ્ટમીની વધાઈ બેસે

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : શ્યામ રંગની ગ્વાલ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સક્કરપારાની સામગ્રી આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-દેવગંધાર)**

નંદમહર કે આજ વધાઈ ।
જસુમતિ ઉદર નવલ વિધુ પ્રગટ્યો સકલ કલા સુખદાઈ ॥૧॥
નાચત સબ મિલિ કરત કુલાહલ આનંદ મંગલ ગાઈ ।
વ્રજજન દેત વિવિધ પટ ભૂષન ફૂલે અંગ ન સમાઈ ॥૨॥
આંગન મૌતિન ચૌક પુરાવત બંદનવાર બંધાઈ ।
નિરખિ હરખિ **ગોવિંદ** મગન મન બહોત ન્યૌછવરિ પાઈ ॥૩॥

શૃંગાર (રાગ-દેવગંધાર)

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની,
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની. (૧)

(અપૂર્ણ... જુઓ પરિશિષ્ટ)

રાજભોગ (રાગ-આસાવરી)

ધન્ય યશોદા ભાગ તિહારો જિન ઐસો સુત જાયો હો ।
જાકે દરસ પરસ સુખ ઉપજત કુલકો તિમિર નસાયો હો ॥૧॥
વિપ્ર સુજન ચારન બંદીજન સબૈ નંદગૃહ આયે હો ।
નૌતન સુભગ હરદ દૂબ દધિ હરષિત સીસ બરસાયે હો ॥૨॥
ગર્ગ નિરુપ કીયે શુભ લક્ષન અવગત હૈ અવિનાશી ।
સૂરદાસ પ્રભુકો યશ સુનિકૈ આનંદે વ્રજવાસી ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ આઠમ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ અષ્ટમી   ચિત્ર પરિચય   ગુજરાતી : અષાઢ વદ આઠમ

આજના શૃંગાર : કુલ્હે-જોડ-પિછોડો

સાજ : લાલ રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી, ઉત્સવની કમલના કામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર શિરપેચ અને પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ધરી છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, જડાવ સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે એક મહિના પહેલાં જન્માષ્ટમીના ઉત્સવની વધાઈ બેસે છે. જન્માષ્ટમીનો આગમનો શૃંગાર આજે થયો છે.

જન્માષ્ટમી-નંદમહોત્સવની વધાઈ એક માસ પહેલાથી શા માટે બેસે છે તે પણ જાણી લઈએ. આ ઉત્સવ મહોત્સવ હોવાથી યશોદાજી અને રોહિણીજી અને બંનેના ભાવથી ૧૫-૧૫ દિવસની તેમજ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી - શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજી - બંનેની આડીથી ૧૫-૧૫ દિવસની વધાઈ બેસે છે. આમ વધાઈ વાત્સલ્ય ભાવથી અને મધુર ભાવ બંને ભાવથી બેસે છે.

તેમાં પણ ચાર યૂથાધિપતિના ભાવથી ચાર વધાઈ બેસે છે. ૧ માસની ઝાંઝની વધાઈ જે શ્રીયમુનાજીના ભાવની છે અને આજથી બેસે છે. બીજી વધાઈ નોબતની જે શ્રીચંદ્રાવલીજીના ભાવની છે અને બાર દિવસની છે. ત્રીજી માદલની (એક વાજીંત્ર) વધાઈ શ્રીસ્વામિનીજીના ભાવની છે અને આઠ દિવસની છે તેમજ ચોથી ગીતો ગાવાવાળાં ગોપીજનોની છે જે કુમારિકાજીના ભાવની છે અને આઠ દિવસની છે. નોબતની વધાઈ પવિત્રા બારસથી તેમજ માદલ અને ગીતો ગાવાવાળાં ગોપીજનોની વધાઈ રક્ષાબંધનના દિવસથી બેસે છે.

કીર્તન : **શયન (રાગ-કાન્હરો)**

યહ ધન ધર્મ હી તે પાયો ।
નીકે રાખિ યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમે બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધન તે ગોકુલ સુખ લહિયત સગરે કાજ સવારે ।
સો ધન બારબાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અષ્ટમી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ આઠમ



સોનેરી હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી સોનેરી રંગના, રંગબેરંગી કાચથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શ્રીમસ્તકનાં શૃંગાર શ્રીજીબાવાનાં જેવાં જ ધર્યાં છે. શ્રીબાલકૃષ્ણજી ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-મલ્હાર)

તેસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ તેસીયે વીરવધૂ ચલત સુહાઈ માઈ ।
તેસેઈ કોકિલા કલકુહુકુહુ કૂજત તેસેઈ નાચત મોર નિરખત નયના સુખદાઈ ॥૧॥
તેસીય નવરંગ નવરંગ બની જોરી, તેસેઈ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઈ ।
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝુલે ફૂલે આછે રંગભરે ચહૂં દિશતેં ઘટા જુરિ આઈ ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝૂલત સુરંગ હિંડોરે રાધા મોહન ।
વરણ વરણ ચૂનરી પેહેરેં વ્રજવધુ ચહૂંઓરેં ॥૧॥
રાગ મલ્હાર અલાપત સપ્ત સૂરન તીનગ્રામ જોરે ।
મદનમોહનજુ કી યા છબિ ઉપર **ગોવિંદ** બલ તૃણ તોરે ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝૂલન આઈ વ્રજનારિ ગિરિધરન લાલજુ કે સુરંગ હિંડોરના ।
સુભગ કંચન તન પહેરે કસુંભી સારી ગાવત પરસ્પર હસ મૃદુ બોલના ॥૧॥
ઈત નંદલાલ રસિકવર સુંદર ઉત વૃષભાનસુતા છબિ સોહના ।
રમકત રંગ રહ્યો પિયપ્યારી **ગોવિંદ** બલબલ રતિપતિ જોહના ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

રંગ મચ્યો સિંઘદ્વાર હિંડોરે વ ઝૂલના ।
ગૌર શ્યામ તન નીલ પીત પટ ઘનદામિની હેમ બિરાજત નિરખ નિરખ વ્રજજન મનફૂલના ॥૧॥
ઉરપર વનમાલ સોહે ઈન્દ્ર ધનુષ માનો ઉદિત ભયો મોતિન હાર બગપંગતિ સમતૂલના ।
બરસત નવરુપવારિ ઘોખ અવનિ રત્ન ખચિત **ગોવિંદ** પ્રભુ નિરખ કોટિ મદન ભૂલના ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ નોમ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : અષાઢ વદ નોમ

વસ્ત્ર : ગુલાબી અને સફેદ રંગના લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંપાઈ રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

બોલે માઈ ગોવર્ધન પર મુરવા ।
તેસીયે શ્યામઘન મુરલી બજાઈ તેસેહી ઊઠે ઝુક ધુરવા ॥૧॥
બડી બડી બુંદન બરખન લાગ્યો પવન ચલત અતિ ઝુરવા ।
સૂરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો નિશ જાગત ભયો ભુરવા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

લહરિયા મેરો ભીંજેગો વહ દેખો આવત હે મેહ ।
સુરંગ રંગ રંગ્યો હે સાંવરે અબહી ઘટેગો નેહ ॥૧॥
સઘન કુંજમે ચલો હો સાંવરે ઓટ પીતપટ દેહ ।
ગોવિંદ પ્રભુ પિય હંસકે સખીસોં બાઢ્યો અધિક સનેહ ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ નોમ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ નવમી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ વદ નોમ

આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : પચરંગી લહેરિયાની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : પંચરંગી લહેરિયાનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પચરંગી લહેરિયાની પાગ ઉપર ત્રણ કલગીવાળો શિરપેચ અને નાગફણીનો કતરા ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી, લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને સફેદ પુષ્પોનાં સુંદર, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : લહેરિયાની પિછવાઈ, પચરંગી લહેરિયાના વસ્ત્ર-પાગ અને પિછોડો તથા ત્રણ કલગીવાળા શિરપેચ ઉપર નાગફણીના કતરાનો શૃંગાર બાર મહિનામાં ફક્ત આજના દિવસે જ થાય છે. આજની સેવા શ્રીચંદ્રાવલીજીની આડીની છે. આજનાં વસ્ત્રો શ્રીવિઠ્ઠલનાથજીના ઘરેથી આવે છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

ગહર ગહર ગાજેં બદરા સમૂહ સાજેં છહર છહર મેહ બરખે સુઘરિયાં ।
કહર કહર કરેં પવન અરુ પાની અતિ મહર મહર કરેં ભૂતલ મહરિયાં ॥૧॥
ફહર ફહર કરે પ્યારેકો પીતાંબર લહેર લહેર કરે પ્યારી કો લહરિયાં ।
કૃષ્ણદાસ યહ સુખ દેખવે કો ગાવત મલ્હાર રાગ ગહેં કદંબકી ડરિયાં ॥૨॥

શયન (રાગ-કેદાર)

એરી હિંડોરે વિહંસ વિહંસ કામિની ઝૂલે રમક રમક ।
તેસીયે કસુંભી સારી પહેરે તેસીયે કંઠમાલ તેસીયે લાલ કંચુકી બની ખમક ખમક ॥૧॥
અલક તિલક મધ્ય બેંદી જરાય કી ઉઠે હીરાન છબિ દમક દમક ।
સુઘરરાય પ્રભુ દંપતિ કો સુખ નિરખ ગયો હે મદન તહાં તમક તમક ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ નવમી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ નોમ



ફૂલ-પાનનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીગિરિરાજજીની કલાત્મક સજાવટ થઈ છે. ત્યાં શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીમદનમોહનજી ચંદનના લીલાં પાન અને વિવિધ પ્રકારનાં રંગબેરંગી ફૂલોથી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : **હિંડોળા (રાગ-મલ્હાર)**

મચક મચક ઝૂલે લચક લચક જાત રચક રચી ચિત સોહે પટુલી પહેરિયાં ।
ગરજ ગરજ આવે દામિની સુહાઈ લાગે ગહર ગહર ઘટા આઈ હેં ગહેરિયાં ॥૧॥
હરખ હરખ ગાવે પરસહિ રીઝે ભીજે **દ્વારકેશ** સોંધેંમેં હર હર હેરિયાં ।
ફહર ફહર કરે પ્યારેકો પીતાંબર લહર લહર કરે પ્યારીકો લહેરિયાં ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

આજ બન ઉમગિ રહીં વ્રજનારી ।
ફૂલી ફિરત નિસંક ગુન ગાવત ઝુલવત પ્રાન પિયારી ॥૧॥
એક કુસુમ લે ડારત ઉપર એક ચિતવત રહી ઠાડી ।
એક જુ ધાય આય મોહન પૈ અંક ભરત હૈ ગાઢી ॥૨॥
નીલ પીત અંગ અંગ વિરાજત ઔર સિંગાર સંવારી ।
સૂર સંગ વિલસત હે ભામિની નેક ન હોત નિયારી ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ગૌરશ્યામ લહેરિયાં ધારનકી ઝૂલત લહરે લેત ।
પહિરે સરસ હેત તેસોઈ ઉધર પરો હિય હેત ॥૧॥
ઉફન પર્યો સમ સુખ સાગરલોં અંગ દિખાઈ દેત ।
પિય મન મગન હોત અભિલાષન ભરત મનોહર સેત ॥૨॥
મધુર મધુર ગાવત મલ્હાર ધુનિ રીઝત ભીજત ચેત ।
છૂટે ચહું ઔર બસન **આનંદઘન** સરસત હેં પિય હેત ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

પ્યારો પ્યારી ઝૂલે કદમ કી ડારિયાં ।
ઘનજુ ગરજે દામિની દમકે ચહૂં દિશ ગોપ કુમારિયાં ॥૧॥
ગૌર શ્યામ મુખચંદ પરસ્પર રહત નિહાર નિહારિયાં ।
પુરુષોતમ પ્રભુકી છબિ નિરખત છબિ પર બલહારિયાં ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ દસમ



હાંડી ઉત્સવ

તિલકાયત શ્રીગોવર્ધનેશજી મહારાજશ્રીનો ઉત્સવ (૧૭૬૩)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, સફેદ બુટ્ટાના પાલવવાળો અને રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પચરંગી લહેરીયાની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદી, જલેબી અને છાશવડાં આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
વરસગાંઠિ ગિરિધરનલાલકી બહોરિ કુશલસોં આઈ ॥૧॥
આગમ કે દિન નીકે લાગત ઉર સુખ લહરિ ઉઠાઈ ।
એસી બાત કહત વ્રજસુંદરી અપુઅપુને મન ભાઈ ॥૨॥
ફિર હસિ લેત બલાય કૂખકી જિહિ જન્મે જુ કન્હાઈ ।
તુમ્હારે પુત્ર ભયો નંદરાની સબ તન તપત બુઝાઈ ॥૩॥
નંદકુમાર સકલ યા વ્રજમે આનંદ વેલિ બઢાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર પૂરનનિધિ સબહિન ભૂખે પાઈ ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

નંદરાય કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિ કુંડલ પીત વસન અરુ ચારિ ભુજાઈ ॥૧॥
બાજત બીન મૃંદગ શંખ ધુનિ ઘસિ અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હે લેત ઉઠાઈ ॥૨॥
અક્ષત દૂબ લિયૈ ચઢ બડે દ્વારન વંદનમાલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાનદેત નંદ મન ન અઘાઈ ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ દસમ



આજના શૃંગાર : મુકુટ-કાછની-પટુકો

સાજ : ગોચારણ લીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે. ચરણચોકી ઉપર લીલી મખમલ મઢેલી છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને ગાતીનો પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે જડાવ હીરા-મોતીનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. કમલપુષ્પનાં કલાત્મક થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ગો. તિ. શ્રી ગોવર્ધનેશજી મહારાજશ્રીનો પ્રાકટ્ય ઉત્સવ છે. આપશ્રીનું પ્રાકટ્ય વિ. સં.૧૭૬૩માં નાથદ્વારામાં થયું. આપશ્રી એક વિદ્વાન સાહિત્યકાર તેમજ ભાવનાશીલ કલાકાર હતા. વિવિધ કીર્તનોની રચના તેમજ અનેક મનોરથો દ્વારા શ્રીગોવર્ધનધર પ્રભુને રીઝવતા. આપશ્રીએ પ્રથમ હાંડી ઉત્સવ રોશનીમાં નંદાલયની ભાવનાથી કર્યો. શ્રીપ્રભુને રત્નજડિત મણિમાણેકના હિંડોળામાં ઝૂલાવ્યા. રોશનીની ચમકમાં પ્રિયાપ્રીતમની રૂપમાધુરી નિહાળી અંતરંગ સેવાનો પ્રારંભ કર્યો.

આપશ્રીએ પ્રથમવાર નાથદ્વારામાં અન્નકૂટ ઉપર સાત સ્વરૂપને પધરાવ્યા. શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીમદનમોહનજી વગેરે સ્વરૂપો પધાર્યાં. બે મહિના સુધી વિવિધ મનોરથો કર્યા. સં. ૧૭૯૬ના માગશર સુદ ૯ના દિવસે સપ્ત સ્વરૂપોત્સવ કર્યો અને છપ્પનભોગ ધર્યો. આપશ્રીને શ્રીનાથજીબાવા સાનુભવ જતાવતા.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

માઈરી શ્યામઘન તન દામિની દમકત પીતાંબર ફર હરે ।
મુક્તા માલ બગજાલ કહી ન પરત છબિ વિશાલ માનિનીકી અરહરે ॥૧॥
મોર મુકુટ ઈન્દ્ર ધનુષસો સુભગ સોહત મોહત માનિની દ્યુતિ થર હરે ।
કૃષ્ણજીવન પ્રભુ પુરંદરકી શોભા નિધાન મુરલિકાકી ઘોર ઘરહરે ॥૨॥

શયન (રાગ-બિહાગ)

અરી યે ઝૂલત દોઉ લાલન ગિરિવરધારી વ્રજજન મનહારી સંગ રાધિકા પ્યારી ।
ગાવત ઊંચે સ્વર ભારી કિંકિણી નૂપુર ધ્વનિ ઉપજત ન્યારી ન્યારી ॥૧॥
ઝોટા દેત લલિતારી ત્રિવિધ વહે મલયારી યહ સુખ કહત ન આવે રમકત રંગ રહ્યો ભારી ।
મંદ મંદ ઘન ગરજે રી શ્રવણનકોં સુખકારી યે દોઉ યુગલ રસિક ઈનપર **ગોવિંદ** બલ બલહારી ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દશમી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ દસમ



લાખ તથા કાચનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી સોનેરી લાખના, રંગબેરંગી કાચ જડેલા (જાણે જડાવના) હિંડોળામાં ઝૂલે છે. (દિવાળીની જેમ) તિબારીમાં રંગબેરંગી કાચની હાંડીમાં રોશની કરવામાં આવે છે. હિંડોળાની ચારે તરફ દર્પણ ગોઠવવામાં આવે છે. રોશનીને કારણે હાંડીઓ સુંદર લાગે છે. ઉત્થાપન ભોગ સરે પછી હાંડીમાં રોશની થાય છે અને ઉત્સવભોગ ધરાય છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજી જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-અડાનો)

આજ લાલ ઝૂલત રંગ ભરે હો ।
મણિ કંચનકો સુરંગ હિંડોરો લટકન મોતી લરે હો ॥૧॥
મોરમુકુટ ગુંજામણિ ભૂષણ પીતવસન વનમાલ ગરે હો ।
વિચિત્ર વિહારી જુ કે કુંડલ કપોલ લોલ કામકો ગર્વ હરેં હો ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

હિંડોરે માઈ ઝૂલત ગિરિધરલાલ ।
સંગ રાજત વૃષભાન નંદિની અંગ અંગ રુપ રસાલ ॥૧॥
મોર મુકુટ મકરાકૃત કુંડલ ઔર મુક્તાવનમાલ ।
રમક રમક ઝૂલત પિયપ્યારી સુખ બરખત તિહિં કાલ ॥૨॥
હસત પરસ્પર ઈત ઉત ચિતવત ચંચલ નયન વિશાલ ।
નંદદાસ પ્રભુકી છબિ નિરખત વિવશ ભઈ વ્રજબાલ ॥૩॥

હિંડોળા (રાગ-અડાનો)

ઝૂલન આઈ હૈ હિંડોરેં મનમોહન રંગ બોરેં ।
એક રંગ સરસ કસુંભી સારી પહેરેં કંચુકી સોંધે બોરેં ॥૧॥
પાનખાત મુસકાત જાત ઔર બાત કહત પિય પ્યારી ચિત્તચોરેં ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રિઝવશ ભયે ઝોટા દેત હિંડોરેં ॥૨॥

હિંડોળા (રાગ-અડાનો)

હિંડોરો રી વ્રજકે આંગન માચ્યો ।
વૃંદાવન કી સઘન કુંજ મે જહાં તહાં રંગ રાચ્યો ॥૧॥
વ્રજ કી નારી સબે જુરિ આઈ ગાવત હૈ સૂર સાંચ્યો ।
રસિક પ્રીતમ કી બાનિક નિરખત શંકર તાંડવ નાચ્યો ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ અગિયારસ



કામિકા એકાદશી

વસ્ત્ર : આછા ગુલાબી રંગનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં હિંડોળાના ભોગમાં કેસરી માવાની ઘારી, સેવના લાડુ, મગની દાળના ગુંજા, કચોરી, છાસવડાં, ફડફડિયાં, ચણાની દાળ, મેંદાની પૂરી, બિલસારુ, શિખરનવડી, બે પ્રકારનાં ભુજાનાં, વેસણની સેવ, કેસરી બાસુંદી, પેંડા, બરફી, લીલો મેવો અને ચાર શાક વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

લાલ ઔર લલનાજુ બાંહ જોટી ઉઠે પ્રાત પવન લગત કમલ લપટાત ।
યહ અચરજ મોપેં કહત ન બનિ આવે દોઉનકો પ્રતિબિંબ દેખ દગ ન સમાત ॥૧॥
બાગે બીર બનઠન સોંધેહી અરગજે એસે ભીજે મધુકર તિનપેં ઊડ્યો ન જાત ।
સૂરદાસ મદનમોહન પિયપ્યારી પર વારત તનમન ધન દેખત ન અઘાત ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

શ્યામ દેખ નાચત મુદિત વનમોર ।
તા ઉપર આનંદ ઉમગ ભર સુનત મુરલી કલઘોર ॥૧॥
ચહૂં દિશતે કોકિલા કલ કૂજત ઔર દાદુર કી રોર ।
ગોવિંદ પ્રભુ સખા સંગ લિયે વિહરત બલ મોહન કી જોર ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ અગિયારસ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : અષાઢ વદ અગિયારસ

આજના શૃંગાર : મલ્લકાછ-ટિપારો

સાજ : શ્રીગિરિરાજધારણ લીલાના સુંદર ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈમાં શ્રીકૃષ્ણ અને બળદેવજી મલ્લકાછ ટિપારાના શૃંગારમાં છે. નંદ-યશોદા અને ગોપીજનો પ્રભુની સન્મુખ હાથ જોડીને ઊભા છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ કરી છે અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો મલ્લકાછ અને ગુલાબી તથા મેઘશ્યામ રંગની મલમલના દોહરા પટુકા ધર્યા છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ ધર્યો છે. ગુલાબી રંગના દુમાલ ઉપર શિરપેચ, વચ્ચે મોરશીખા તથા બંને બાજુ દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. આજનો સેવાક્રમ શ્રીચંદ્રલતાજીની આડીનો છે. મલ્લકાછ અને દોહરા પટુકા તથા ટિપારાનો શૃંગાર થાય છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

વૃંદાવન કનકભૂમિ નૃત્યત વ્રજ નૃપતિકુંવર ।
ઉઘટત શબ્દ સુમુખી રસિક ગ્રગ્રતતતત તત થેઈ થેઈ ગતિ લેત સુઘર ।।૧।।
લાલ કાંછ કટિ કિંકિણી પગ નૂપુર રુનઝુનત બીચ બીચ મુરલી ધરત અધર ।
ગોવિંદ પ્રભુ કે જુ મુદિત સંગી સખા કરત પ્રશંસા પ્રેમ ભર ।।૨।।

શયન (રાગ-અડાનો)

હિંડોરોરી વ્રજકે આંગન માચ્યો ।
વૃંદાવનકી સઘન કુંજમે જહાં તહાં રંગ રાચ્યો ।।૧।।
વ્રજકી નારિ સબે જુરિ આઈ ગાવત હૈ સૂર સાંચ્યો ।
રસિક પ્રીતમકી બાનિક નિરખત શંકર તાંડવ નાચ્યો ।।૨।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ એકાદશી **હિંડોળા દર્શન** ગુજરાતી : અષાઢ વદ અગિયારસ



ફૂલ-પાનનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચંદનનાં લીલાં પાન તથા રંગીન ફૂલોથી સજાવેલા કલાત્મક હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શ્રીમસ્તકનાં શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે.

ભોગ : હિંડોળા (રાગ-મલ્હાર)

નટવર ઝૂલત સુરંગ હિંડોરે ।
ધરત ચરન પટુલી પર મોહન કરસોં પરસિ કર જોરે ॥૧॥
પીત વસન વનમાલ બિરાજત સારી સુરંગ હી બોરે ।
સજલ શ્યામ ઘન કનક બરન તન માનિની માનહી તોરે ॥૨॥
જોરી અવિચલ તેજ વિરાજત કુંડલ વરજુ હિલોરે
ગોપાલદાસ પ્રભુ ગિરિધર રાધા પ્રીત નિબાહત ઓરે ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

હિંડોરે ઝૂલે ગિરિવરધારી ।
લાલ ટિપારો શીશ બિરાજત મલ્લકાછ છબિ ન્યારી ॥૧॥
વામભાગ સોહત હૈ રાધા પહેરે કસુંભી સારી ।
ઝોટા દેત સખી લલિતાદિક પવન વહેત સુખકારી ॥૨॥
બાજત તાલ મૃદંગ ઝાલરી ગાવત સબ સુકુમારી ।
કુંભનદાસ પ્રભુકી છબિ ઉપર સર્વસ્વ ડારત વારી ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

હિંડોરે માઈ ઝૂલત હૈ વ્રજનાથ ।
મલ્લકાછ અરુ શીશ ટિપારો ગોપ સખા લીયે સાથ ॥૧॥
તૈસેઈ ઘન ઉનયો ચહૂં દિશતેં ન્હેની ન્હેની પરત ફૂહાર ।
તૈસેઈ ગાન કરત વ્રજસુંદરી લેત હૈ તાન અપાર ॥૨॥
દાદુર મોર પપૈયા બોલત કોયલ શબ્દ ઉચ્ચાર ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર સંગ ઝૂલત ગોકુલકી સબ નાર ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

થૈ થૈ નૃત્ય કરે, ટિપારો હિ સિર ધરે, મલ્લકાછ શોભા દેત ઝૂલત પિયપ્યારી ।
વામ ભાગ રાધે પ્યારી બાંહ જોરે પ્યારે સંગ ગાવત હિ ઊંચે સ્વર તાનહિ સમારી ॥૧॥
એક સખી ઝૂલાવત પ્યારે પાન ખવાવત એક સખી દર્પન લે દિખાવત ઠાડી ।
રસિક પ્રીતમ છબિ નિરખત, તન મન ધન સબ ડારત હૈ વારી ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ બારસ



વસ્ત્ર : ભોપાલશાહી પચરંગી લહેરીયાનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

જહાં તહાં બોલત મોર સુહાયે ।
સાવન રમન ભવન વૃંદાવન ઘોર ઘોર ઘનઆયે ॥૧॥
ન્હૈની ન્હૈની બુંદન બરષન લાગે વ્રજમંડલ મેં છાયે ।
નંદદાસ પ્રભુ સંગ સખા લિયે કુંજન મુરલિ બજાયે ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

કદંબ તર ઠાડે હેં પિય પ્યારી ।
મોહન કે શિર મુકુટ બિરાજત ઈત લહરિયા સારી ॥૧॥
મંદમંદ બરખત ચહૂં દિશતેં ચમકત બીજ છટારી ।
મુરલી બજાવત શ્રીનંદનંદન ગાવત રાગ મલ્હારી ॥૨॥
લેત તાન હરિ કે સંગ રાધા રંગ હોત અતિ ભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરકો રિઝવત શ્રીવૃષભાન દુલારી ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ બારસ



આજના શૃંગાર : મુકુટ-ગોળ કાછની-રાસપટુકો

સાજ : નૃત્યની મુદ્રામાં શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજી તથા મોરકુટી ઉપર નૃત્ય કરતા મયૂરોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. શ્રીનાથજીબાવાને પણ રાસનો શૃંગાર થયો છે તેથી શ્રીઠાકોરજીની સાથે સૌ રાસમાં નૃત્ય કરી રહ્યાં હોય તેવાં સુંદર દર્શન થઈ રહ્યાં છે. ગાદી, તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સૂથન, મોરકાછની (ગોળ કાછની) અને રાસપટુકો ધર્યાં છે. સર્વ વસ્ત્રો પીળાં ભોપાલશાહી લહેરિયાનાં અને સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે જડાવ સોનાનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : વિ.સં. ૨૦૧૪માં ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીએ આજે સોનાનો હિંડોળો શરૂ કર્યો. ત્યારથી દર વર્ષે મનોરથના રૂપમાં આ ક્રમ સ્થાયી થયો છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

એરી યહ નાગર નંદલાલ કુંવર મોરન સંગ નાચે ।
કટિ તટપટ કિંકિણી કલનૂપુર રુન ઝુન કરે નૃત્ય કરત ચપલ ચરણ પાત ઘાત સાંચે ।।૧।।
ઉદિત મુદિત સઘન ગગન ઘોરત ઘન દેદે ભેદ કોકિલા કલગાન કરત પંચમ સ્વર વાંચે ।
છીતસ્વામી ગોવર્ધનનાથ સાથ વિહરત વર વિલાસ વૃંદાવન પ્રેમવાસ યાચે ।।૨।।

શયન (રાગ-અડાનો)

હિંડોરોરી નંદભવન મેં માંચ્યો ।
શિવ બ્રહ્માદિક કૌતુક ભૂલે શંકર તાંડવ નાચ્યો ।।૧।।
શુક સનકાદિક નારદ શારદ મુનિજન હિંડોરો દેખન આયે ।
નંદ કો લાલ ઝુલવત દેખ્યો બહુત તુઠ હમ પાયે ।।૨।।
યુવતી યૂથ અટા ચઢ ઠાડી અપનો તનમન વારે ।
પરમાનંદદાસ કો ઠાકુર ચિત ચોર્યો યહ કારે ।।૩।।

વ્રજ : શ્રાવણ કૃષ્ણ દ્વાદશી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ બારસ



સોનાનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી સોનાના હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : **હિંડોળા (રાગ-મલ્હાર)**

હિંડોરે માઈ ઝૂલત ગિરિધરલાલ ।
સંગ રાજત વૃષભાન નંદિની અંગ અંગ રુપ રસાલ ॥૧॥
મોરમુકુટ મકરાકૃત કુંડલ ઔર મુક્તા વનમાલ ।
રમક રમક ઝૂલત પિય પ્યારી સુખ બરખત તિહિંકાલ ॥૨॥
હસત પરસ્પર ઈત ઉત ચિતવત ચંચલ નયન વિશાલ ।
નંદદાસ પ્રભુકી છબિ નિરખત વિવશ ભઈ બ્રજબાલ ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

પ્યારો પ્યારી ઝૂલે કદમકી ડારિયાં ।
ઘન જુ ગરજે દામિની દમકે ચહૂં દિશ ગોપકુમારિયાં ॥૧॥
ગૌરશ્યામ મુખચંદ પરસ્પર રહત નિહાર નિહારિયાં ।
પુરુષોતમ પ્રભુકી છબિ નિરખત છબિ પર બલહારિયાં ॥૨॥

હિંડોળા (રાગ-અડાનો)

આજ લાલ ઝૂલત રંગ ભરે હો ।
મણિ કંચનકો સુરંગ હિડોરો લટકન મોતી લરે હો ॥૧॥
મોર મુકુટ ગુંજામણિ ભૂષણ પીતવસન વનમાલ ગરે હો ।
વિચિત્ર વિહારીજુ કે કુંડલ કપોલ લોલ કામકો ગર્વ હરે હો ॥૨॥

હિંડોળા (રાગ-મલ્હાર)

ઝૂલત સુરંગ હિંડોરે મુકુટ ધરિ બૈઠે હે નંદલાલ ।
લાલ કાછિની કટિપર બાંધે ઉર શોભિત વનમાલ ॥૧॥
વામભાગ વૃષભાન નંદિની ચંચલ નૈન વિશાલ ।
કૃષ્ણદાસ દંપતી છબિ નિરખત અખિયાઁ ભઈ નિહાલ ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ તેરસ



વસ્ત્ર : લાલ રંગની મલમલનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પચરંગી લહેરીયાની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં જલેબી અને મેંદાના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

આઈ જુ શ્યામ જલદ ઘટા ઓલ્હર ચહૂં દિશતેં ઘનઘોરે ।
દંપતી અતિ રસ રંગ ભરે બાંહ જોટી ફિરત કુસુમ બીનત કાલિંદીતટા ॥૧॥
નેન્હી નેન્હી બુંદન બરખન લાગ્યો તેસીય ચમક્ત બીજુ છટા ।
ગોવિંદ પ્રભુ પિય પ્યારી ઉઠિ ચલે ઓઢે લાલપટ દોર લિયો જાય બંસીબટા ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

દેખ સખી ઠાડે નંદ કિશોર ।
શ્રીગોવર્ધન પરવત કે ઉપર તેસેઈ નાચત મોર ॥૧॥
લાલ પાગ સિર સુભગ લાલકે લાલ લકુટિયા હાથ ।
લાલ રતન સિરપેચ બિરાજત મોતિન કી લર માથ ॥૨॥
લાલન કે આભૂષણ અંગ અંગ પીત વસન ફરહરાત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન છબિલો શ્યામ સલોને ગાત ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : અષાઢ વદ તેરસ



આજના શૃંગાર : ગ્વાલ પાગ (પગો)-મોરશીખા-ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત બાળકો તથા હિંડોળાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. હિંડોળાનું ચિત્રકામ પિછવાઈમાં એ રીતે થયું છે કે શ્રીમહાપ્રભુજી શ્રીજીબાવાને હિંડોળે ઝૂલાવે છે તેવાં દર્શન થઈ રહ્યાં છે. શ્રીગુસાંઈજી અને સાત બાળકો શ્રીનાથજીબાવાની સેવામાં ઠાડા છે. ગાદી, તકિયા ઉપર સફેદ બિછાવટ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની મલમલની ધોતી અને રાજાશાહી પટુકો ધર્યાં છે. બંને વસ્ત્રો સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પીરોજા અને સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગ્વાલપાગ ઉપર મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શ્રીજીબાવાનાં વસ્ત્રો આજે કાંકરોલી ઘરેથી આવે છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

વ્રજપર નીકી આજ ઘટા ।
નેન્હી નેન્હી બુંદ સુહાવની લાગત ચમકત વીજ છટા ॥૧॥
ગરજત ગગન મૃદંગ બજાવત નાચત મોર નટા ।
તેસેઈ સૂર ગાવત ચાતક પીક પ્રગટ્યો મદન ભટા ॥૨॥
સબ મિલિ ભેટ દેત નંદલાલહિ બૈઠે ઊંચી અટા ।
કુંભનદાસ ગિરિધરનલાલ શિર કસુંભી પીતપટા ॥૩॥

શયન (રાગ-ઈમન)

સેન કામકી લાયો સો સાવન આયો ।
ચલ સખી ઝૂલિયે સુરત હિંડોરે કીજે શ્યામ મનભાયો ॥૧॥
હાવભાવકે ખંભ મનોહર કચઘન ગગન સુહાયો ।
કામનૃપતિ વૃષભાન નંદિની રસિકરાય વર પાયો ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ત્રયોદશી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ તેરસ



સુરંગ (લાલ) હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી સુરંગ હિંડોળામાં ઝૂલે છે. હિંડોળો લાલ વસ્ત્ર ઉપર ફૂલ પત્તીથી સજાવેલો છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-નટ)

સુરંગ હિંડોરના હો માઈ ઝૂલત રંગ ભરે ।
તેસીયે પિય પ્યારી પહેરે, પીયરો પટ કસુંભી સારી ઋતુપાવસ ઘન ચહૂં દિશા ઘુમરે ॥૧॥
તૈસોઈ વિશ્વકર્મા સુઘર અદ્ભુત મણિમાણિક ખચિત ઠોર ઠોર રચિત રુચિર ભાંત ભાંતન જરે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર ઉર હઁસ હઁસ લપટાત જાત સહચરી વિચિત્ર દેત ઝોટિકા ખરે ॥૨॥

હિંડોળા (રાગ-નટ)

મુદિત ઝૂલાવત અપને અપને ઓસરે માઈ નવલ હિંડોરોરી સાજ્યો નવલકિશોર ।
નવલ કસુંભી સારી ઓઢે નવ વધૂ પ્યારી નવભૂમિ હરિયારી શોભિત ચહૂં ઓર ॥૧॥
નવલ ગીત ઝુંડન ગાવે કંચન ખંભકે ઢિંગ તેસેઈ વનમેં બોલત ચાતક મોર ।
નવલ ઘટા સુહાઈ બરખત થોરી થોરી બુંદે બિચબિચ યે નવઘન કી ઘોર ॥૨॥
રાધે તન નવ ચૂનરિ પટપીત સુંદર શ્યામ કે ઉર મણિગણ ખચિત પટુલી બૈઠે એક જોર ।
કુંભનદાસ પ્રભુ ગિરિ ગોવર્ધનધારી લાલ નવલરસ ભીંજે દેત મધુર ઝકોર ॥૩॥

હિંડોળા (રાગ-નટ)

રાધે કે સંગ સુભગ ગિરિવરધર લાલ લલિત ઝૂલત હેં આનંદભર નવરંગ સુરંગ હિંડોરે ।
દોઉ જન અભિરામ શ્યામા શ્યામ છબિ નિરખ નિરખ સુદામિની માનો જાત હે ઘનઘોરે ॥૧॥
ઉર પર વનમાલ સોહે ઉપરેના ઉડત ઉપર અરુણ ચારુ ચટકીલી ચૂનરી રંગ બોરે ।
છીતસ્વામી જલદકો માનો અંકુશ કિયે વિલસત હે વરખત સુખ વ્રજજન ચિત્ત ચોરે ॥૨॥

હિંડોળા (રાગ-નટ)

ઝૂલત નવરંગ સંગ રાધિકા ગિરિધરનચંદ સહચરી દૂહું ઔર ઠાડી આનંદ ભર ગાવે ।
સપ્ત સ્વરન રાગ રંગ ઝપતાલ મિલિ મૃંદગ ઉધરત વર સુઘર તાન ભામિની જીય ભાવે ॥૧॥
વૃંદાવન જમુનાતીર કૂજત પિક મોર કીર મંદ મંદ ગરજત ઘન મેઘ ફૂંહી આવે ।
બ્રહ્માદિક શિવ સુજાન મોહે સબ સુર વિમાન પોહોપ વૃષ્ટિ કરત સબેં **ગોવિંદ** જીય ભાવે ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ચૌદસ



વસ્ત્ર : પચરંગી લહેરિયાનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ગ્વાલ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

સખીરી મોય બુંદ અચાનક લાગી ।
સોવત હુતી મદન મદ માતી ઘન ગરજ્યો તબ જાગી ॥૧॥
દાદુર મૌર પપૈયા બોલે કોયલ શબ્દ સુહાગી ।
કુંભનદાસ લાલ ગિરિધરસોં જાય મિલી બડભાગી ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

સખીરી વ્રજકો વસવો નીકો ।
વછરા ગાય ચરાવત વન મેં કાન્હ સબન કો ટીકો ॥૧॥
વૃંદાવન મેં હોત કુલાહલ ગરજત સૂર મુરલી કો ।
ઠાડે લાલ કદંબકી છૈયાં માંગત દાન દહીંકો ॥૨॥
ઉપજત હૈ અતિ પ્રીત ઉર અન્તર ગાવત જસ હરિજુકો ।
સૂરદાસ પ્રભુ મિલે હેં ગિરિધર યહ જીવન સબહીકો ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી **રાજભોગ દર્શન** ગુજરાતી : અષાઢ વદ ચૌદસ



આજના શૃંગાર : દુમાલો-કતરો-પિછોડો

સાજ : લાલ રંગની, લહેરિયાની ભાતવાળી, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર સફેદ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનો પચરંગી લહેરિયાનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પણ લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યનો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પચરંગી લહેરિયાના દુમાલા ઉપર શિરપેચ તથા ભીમસેની કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેતં પુષ્પોનાં, રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

પ્યારી કે ગાવત કોકિલા મુખ મુંદ રહે પીયકે ગાવત ખગ નૈના મુંદિ રહે સબ ।
નાગરી કે રસ ગિરિધરન રસિકવર મુરલી રાગ મલ્હાર અલાપ્યો મધુરે જબ ॥૧॥
દંપતી તાન સુનત લલિતાદિક વારત હેં તન મન ફેરત હેં અંચલ તબ ।
ચતુર્ભુજ પ્રભુકો નિરખ સુખ દંપતી કહેત કહાંધો કીજે રહીરી ભવન અબ ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

ઝૂલત તેરે નયન હિંડોરે ।
શ્રવણ ખંભ ભ્રૂ ભઈ મયાર દૃષ્ટિ કરણ ડાંડી ચહૂં ઓરે ॥૧॥
પટુલી અધર કપોલ સિંહાસન બૈઠે યુગલ રૂપ રતિ જોરે ।
કચ ઘન આડ દામિની દમક્ત માનો ઈન્દ્રધનુષ અનુ હોરે ॥૨॥
દૂર દેખત અલકાવલિ અલિકુલ લેત સુગંધન પવન ઝકોરે ।
બરણી ચમર ઢુરત ચહૂં દિશતેં લર લટકન ફૂંદના ચિત્ત ચોરે ॥૩॥
થકિત ભયે મંડલ યુવતિન કે યુગ તાટંક લાજ મુખ મોરે ।
રસિક પ્રીતમ રસભાવ ઝૂલાવત રીઝ રીઝ ડારત તૃણ તોરે ॥૪॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ ચૌદસ



ફૂલનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી પીરોજી રંગના વસ્ત્ર ઉપર, રંગબેરંગી ફૂલોથી લહેરિયાની ભાત પાડી સજાવેલા હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યા છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-કેદારો)

ઝૂલત લાલ ગિરિવરધરન ।
પરમ રસિક સિરોમનિ પ્યારી રાધિકા મનહરન ॥૧॥
શ્યામ શીશ શીખંડ શ્યામા કનકકે આભરન ।
નીલ પીત દુકુલ રાજત ઔર સાંવલ વરન ॥૨॥
જબહિ ઝોટા દેત પ્યારી લાગત મન અતિ ડરન ।
ચત્રભુજ પ્રભુ નિપુન નાગરી ચપલ ભુજ ભરન ॥૩॥

હિંડોળા (રાગ-મલ્હાર)

પહેરે કસુંભી સારી બેઠે પિય સંગ પ્યારી સુરંગ હિંડોરો શોભા લાગે અતિ ભારી ।
પિય શીર સોહે ફેંટા લટકિ રહ્યો અતિ દાહિની ઓર
અરુણ પિછોરા હરખ નિરખ ઝુલાવત વ્રજનારી ॥૧॥
શ્યામ ઘન ઉમડ આયે નયે નયે લેત સૂર ગાવત સરસ તાન લાજ વિસારી ।
રસિક પ્રીતમસો કરત અનંગ રંગ અંગ અંગ સુખદ મર્યાદા ભંગકારી ॥૨॥

હિંડોળા (રાગ-માલવ)

મનમોહન વૃષભાન લલી અલી મિલ ઝૂલત સુરંગ હિંડોરે ।
શોભે શીશ એઠવા ફેંટા સરસ કસુંભી રંગ બોરે ॥૧॥
કટિ રાજત પટપીત શ્યામ કે સારી સુરંગ બની તન ગોરે ।
અંસન બાહુ ધરેં જો પરસ્પર ચિત્તે ચપલ દગ કોરે ॥૨॥
ખંભન લગી ઝૂલાવત ઠાડી તરુણીગણ ચહૂં ઓરે ।
રતિ નાયક વ્રજપતિકી છબિ પર રીઝ રીઝ તૃણ તોરે ॥૩॥

હિંડોળા (રાગ-પૂર્વી)

આઈ સકલ યુવતી મિલિ શ્યામા શ્યામ ઝૂલાવન ।
નિરખત છબિ દૂલહા દુલહિન કી મન આનંદ બઢાવન ॥૧॥
કુસુમમાલ લે કંઠ ધરાવત એક લે દર્પણ લગી દિખાવન ।
રસિકદાસ પ્રભુકો પાન ખવાવત મધુર મધુર ગાવત કેલિ કરિ લગી રિઝાવન ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અમાવસ્યા **મંગળા દર્શન** ગુજરાતી : અષાઢ વદ અમાસ



હરિયાળી અમાસ

વસ્ત્ર : લીલા રંગની મલમલનો, સોનેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : પચરંગી લહેરીયાનો દુમાલો, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, માટી, કદમ, કેવડો, પાંદડી અથવા ચંદનનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ગોળના પૂડલા અને પીસ્તાની સામગ્રી આવે છે. હિંડોળાના ભોગમાં દહીંના સેવના લાડુ, કેરીનો બિલસારુ, દૂધ, મેંદાની પૂરી, ચોખાના ગુંજા, અડદની કચોરી, છોંકેલું દહીં, ચણાની દાળ, શાક, ભુજાના, તળેલાં બીજ વગેરે સામગ્રી આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા (રાગ-મલ્હાર)**

ગરજ ગરજ રિમઝિમ રિમઝિમ બુંદન લાગ્યો વરસન ઘન પ્રીતમ પ્યારી રાજે રંગ મહેલ ।
બોલત ચાતક મોર દામિની દમક આવે ઝુમઝુમ બાદર અવની પરસન ॥૧॥
તેસોઈ હરિયારો સાવન મનભાવન ઈન્દ્રવધૂ ઠોર ઠોર આનંદ ઉપજાવન ।
પિય બિહારી પ્રિયાસંગ ગાવત મલ્હાર રાગ લલિત લતા લાગી સુન સુન સરસાવન ॥૨॥

શૃંગાર (રાગ-મલ્હાર)

સખી હરિયારો સાવન આયો ।
હરે હરે મોર ફિરત મોહનસંગ હરે વસન મન ભાયો ॥૧॥
હરી હરી મુરલી હરિ સંગ રાધે હરી ભૂમિ સુખદાઈ ।
હરે હરે વસન હરી દ્રુમવેલી હરી હરી પાગ સુહાઈ ॥૨॥
હરી હરી સારી સખી સબ પહેરે ચોલી હરી રંગ ભીની ।
રસિક પ્રીતમ મન હરિત ભયો હે તન મન ધન સબ દીની ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અમાવસ્યા **રાજભોગ દર્શન** ગુજરાતી : અષાઢ વદ અમાસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-પિછોડો

સાજ : લીલા રંગની મલમલની, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લીલા રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પણ લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લીલા રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા જમાવ (ચમક)ની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. લીલા રંગનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સર્વ સાજ અને વસ્ત્રો, પિછવાઈ, ખંડપાટ, ગાદીતકિયા, ઠાડાં વસ્ત્ર, પાગ, પિછોડા બધું જ લીલા રંગનું આવે છે. શૃંગાર વિશેષ પન્નાનાં અને માળાજી પણ લીલાં રંગના આવે છે. ચોકમાં લીલાં પાનની બિછાવટ અને લીલાં તોરણોની સજાવટ થાય છે. હિંડોળાને લીલાં પાનથી કલાત્મક રીતે સજાવવામાં આવે છે. પીસ્તાની લીલી સામગ્રી ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-મલ્હાર)**

દેખો માઈ સુન્દરતા કો બાગ ।
હરી વ્રજભૂમિ હરી દ્રુમવેલી હરી ગિરિધર શિર પાગ ॥૧॥
હરે હરે મોર હરી હરી શુક સેના ભીજ રહે અનુરાગ ।
રાજત હરી મનહરણ રાધિકા નિરખ દાસ બડભાગ ॥૨॥

શયન (રાગ-ઈમન)

લાલન તો હોં ઝૂલોં જો તુમ હોલે હોલે ઝૂલાવો ।
ડરપત હોં ઘનશ્યામ મનોહર અપને કંઠ લગાવો ॥૧॥
હોં ઉતરોં તુમ ઝૂલોં મેરે મોહન જૈસે જૈસે ગાઉં તૈસે તૈસે ગાવો ।
રસિક પ્રીતમ પિય યહી વિનતી તનકી તપત બુઝાવો ॥૨॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અમાવસ્યા

હિંડોળા દર્શન

ગુજરાતી : અષાઢ વદ અમાસ



લીલા પાનનો હિંડોળો

આજે શ્રીનાથજીની સન્મુખ ડોલતીબારીમાં શ્રીમદનમોહનજી ચંદન વગેરેનાં લીલાં પાનથી સજાવેલા કલાત્મક હિંડોળામાં ઝૂલે છે. શ્રીમદનમોહનજીને વસ્ત્ર તથા શૃંગાર શ્રીનાથજીબાવા જેવાં જ ધર્યાં છે. શ્રીલાલન ગોદમાં બિરાજે છે.

ભોગ : હિંડોળા (રાગ-મલ્હાર)

તેસોઈ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ તેસીયે વીર વધૂ ચલત સુહાઈ માઈ ।
તેસેઈ કોકિલા કલ કૂહુ કૂહુ કૂજત તેસેઈ નાચત મોર નિરખત નયના સુખ દાઈ ॥૧॥
તેસેઈ નવરંગ નવરંગ બની જોરી તેસોઈ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઈ ।
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝૂલે ફૂલે આછે રંગ ભરે ચહૂ દિશતેં ઘટા જુરિ આઈ ॥૨॥

હિંડોળા (રાગ-કલ્યાણ)

ઝૂલત લાલ પ્રિયા વન એહો હિંડોરના ।
ભૂષણ અંગ અંગ પહેરે આઈ ઝૂમ ઝુંડન જુર ગાવત અનભાંતન ચિત ચોરના ॥૧॥
તેસીયે ઋતુ સાંવન મન ભાવન હરિયારી ભૂમિ રમકન પિયપ્યારી ચોંપ જોરના ।
પિય વિહારી લાલ રાગરંગ ગાવત અતિ આનંદભર ગરજન ફૂહી વરસન ઘનઘોરના ॥૨॥

હિંડોળા (રાગ-કલ્યાન)

રમક ઝમક ઝૂલે ઝૂલાવે યુવતી રાધા પ્યારી કો હિંડોરે ।
તેસીયે કસુંભી સારી પહેરે તેસેહી વરણ વરણ ચહૂ દિશા ઘનઘોરે ॥૧॥
યાહીતેં દૂર દૂર જાત દામિની હોય સંકેત તહાં શ્યામ દેખત દ્યુતિ ગાત ગોરે ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધર રીઝ વસ ભયે ડારત હેં તૃણતોરે ॥૨॥

હિંડોળા (રાગ-ઈમન)

સોહત વન આયોરી સાંવન હરિયારો ।
હરિત ભૂમિ પર ઈંદ્રવધૂસી રાધિકા સબ સખિયન સંગલીને પહેરે કસુંભી સારી કંચન તન ॥૧॥
રંગભર સુરંગ હિંડોરે ઝૂલત નવ નાગરી નાગર માનોં રંગરવે ચલ્યો હેં એડી અંગુરિન ।
સૂરદાસ મદનમોહન પિય કે ગુણ ગાવત યે સુખ અતિ આનંદ મગન મન ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દશમી

ગંગાદશમી

ગુજરાતી : જેઠ સુદ દશમ

કીર્તન : મંગલા (રાગ-રામકલી) ગંગાષ્ટપદી

નમો દેવી ગંગે નમો માત ગંગે હર સિરસિ નિખિલ મઘમલકનંદે ।।ધ્રુ.।।
મધુમથન મૂર્તિવર બિંદુ કર કામકં બહસી બહુવાર સત રંગે ।
હરિ ચરણ નખભીધુર ગજ દંત નિર્ગતા બ્રહ્મજલકૃત પાત્ર સંગે ।।૧।।
ત્વમસિ જલપાવની ચતુરુદધિ ગામિની સપ્તઋષિ સુકૃત કુલ સાલે ।
કનક ગિરિલંબિતા સકલમુનિવંદિતા હરમુકુટ સિત કુસુમ માલે ।।૨।।
પાવયતિ નાગરં પૂરયતિ સાગરં સંગતા વિદુર્ગિરિ પાદે ।
તીર્થવર કારિણી સ્વર્ગજ ઉદ્ધારિણી હેમ શૈલ પાષણ ભેદે ।।૩।।
ઈહ નિખિલ સુરગણૈ રિહ નિખિલ મુનિજનૈરિહ નિખિલ વેદ સમુચારે ।
સુયશ ગીયસે પીયસે જહનુ મણિકર્ણિકે દેવી સંસાર સારે ।।૪।।
કુલુષ જલ મીષ્ટતં સતમેઘતો ફલં તવ કર મકર ગંભીર તોયે ।
તટ નિકટ સિંધુરસ્ત પરલોક બંધુરસ્ત સુરસદન સાધનો પાયે ।।૫।।
કૃત સલિલ નીરધુતા પુલીનમુપકુર્વિતા તવ નામ નિર્મલાલાપે ।
નિસ્યતિ બાધકે નિર્વાણપદ સાધકે ભક્ત જન દહતિ સંતાપે ।।૬।।
સગર સુત સંગમે લસદમર સુંદરી દુતિ કે દુષ્કૃત દુરાપે ।
સેવિતા ચિંતિતા તર્પિતાવગાહિતામર્જિતા મમ હરસિ પાપે ।।૭।।
ઈતિ રામલક્ષ્મણૌ કૌશિકોનુજ્ઞયા સુરસુરિત કૃત નમસ્કારે ।
વદતિ મતિ સાગરે ધીર જયદેવ કવિસ્તારયસિ ભવજલધિ પારે ।।૮।।

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પૂર્ણિમા

સ્નાનયાત્રા

ગુજરાતી : જેઠ સુદ પૂનમ

મંગલા (રાગ-બિલાવલ)શ્રી યમુનાષ્ટપદી

નમો દેવિ યમુને નમો દેવિ યમુને હર કૃષ્ણ મિલનાંતરાયમ્ ।
નિજનાથ માર્ગ-દાયિની કુમારી કામ-પૂરિકે કુરૂ ભક્તિરાયમ્ ।।ધ્રુવપદમ્।।
મધુપકુલ-કલિત કમલાવલી-વ્યપદેશ ધારિત શ્રીકૃષ્ણયુત ભક્ત હૃદયે ।
સતત-મતિ-શયિત હરિ-ભાવના-જાત-તત્સારૂપ્ય ગદિત હૃદયે ।।૧।।
નિજ-કૂલ-ભવ વિવિધ-તરુ-કુસુમ-યુત નીર શોભયા વિલસ-દલિ વૃંદે ।
સ્મારયસિ ગોપીવૃંદ-પૂજિત-સરસ-મીશવ પુરાનંદ કંદે ।।૨।।
ઉપરિચલ-દમલ-કમલા-રુણદ્યુતિ-રેણુ પરિમિલિત જલભરેણામુના ।
બ્રજયુવતિ કુચ કુંભ કુંકુંમા રુણમુરઃ સ્મારયસિમાર પિતુ રધુના ।।૩।।
અધિરજનિ હરિ વિહૃતિમીક્ષિતું કુવલયાભિધ સુભગ-નયના ન્યુષતિ તનુષે ।
નયન-યુગ-મલ્પમિતિ બહુતરાણિ ચ તાનિ રસિકતા નિધિ તયા કુરુષે ।।૪।।

રજનિ-જાગર-જનિત-રાગ રંજિત નયન પંકજૈ-રહનિ હરિ મીક્ષસે ।
મકરંદ-ભર-મિષેણાનંદ પૂરિતા સતતમિહ હર્ષાશ્રુ મુંચસે ।।૫।।
તટ-ગતા-નેક-શુક-સારિકા-મુનિગણ સ્તુત-વિવિધ-ગુણ સીધુ સાગરે ।
સંગતા-સતત-મિહ ભક્તજન તાપહૃતિ રાજસે રાસ રસ સાગરે ।।૬।।
રતિ-ભર-શ્રમ-જલોદિત-કમલ પરિમલ બ્રજ યુવતિ જન વિહૃતિ-મોદે ।
તાટંક ચલન સુનિરસ્ત સંગીતયુત મદ મુદિત મધુપ કૃત વિનોદે ।।૭।।
નિજ-બ્રજજના-વનાત્ત-ગોવર્ધને રાધિકા હૃદય ગત હૃદ્યકર કમલે ।
રતિ-મતિ-શયિત રસ વિઠ્ઠલસ્યાશુ કુરૂવેણુ નિનદાહ્‌વાન સરલે ।।૮।।

સ્નાનનું કીર્તન (રાગ-બિલાવલ)
નંદકો મનવાંછિત દિન આયો ।
ફૂલી ફિરત યશોદા રોહિણી ઉર આનંદ ન સમાયો ।।૧।।
ગામ ગામતેં જાતિ બુલાઈ મોતીન ચોક પૂરાયો ।
વ્રજવનિતા સબ મંગલ ગાવત બાજત ઘોષ બધાયો ।।૨।।
પ્રથમરાત્રિ યમુનાજલ ઘટ ભરિ અધિવાસન કરવાયો ।
ઊઠિ પ્રભાત કંચનચોકી ધરી, તાપર લાલ બેઠાયો ।।૩।।
રાજ બેઠ અભિષેક કરત હૈ વિપ્રન વેદ પઢાયો ।
જ્યેષ્ઠ શુક્લ પૂન્યો દિન સુરવધૂ હરખિ ફૂલ બરસાયો ।।૪।।
રંગી કોર ધોતી ઉપરેના આભૂષણ સબ સાજ ।
દ્વારકેશ આનંદ ભયો પ્રભુ નામ ધર્યો વ્રજરાજ ।।૫।।

વ્રજ : આષાઢ શુક્લ દ્વિતીયા રથયાત્રા ગુજરાતી : અષાઢ સુદ બીજ

અભ્યંગ (રાગ-મલ્હાર)
કરત શૃંગાર મૈયા મન ભાવત ।
શીતલ જલ ઉષ્ણ કર રાખ્યો લે લાલન કો બૈઠ ન્હવાવત ।।૧।।
અંગ અંગોછી ચૌકી બૈઠારત પ્રથમ હી લે તનિયા પહિરાવત ।
દેખો મેરે લાલ ઔર સબ બાલક ઘરઘરતે કૈસે બન આવત ।।૨।।
પહિરો લાલ ઝગા અતિ સુંદર આંખ આંજકે તિલક બનાવત ।
સૂરદાસ પ્રભુ ખેલત આંગન લેત બલૈયા મોદ બઢાવત ।।૩।।

શૃંગાર (રાગ-મલ્હાર)
તુ ચલ નંદનંદન વન બોલી ।
કર શૃંગાર ચંચલ મૃગનયની પહેર કસુંભી ચોલી ।।૧।।
કુચ કઠોર નયન અનિયારે લે ચલ ભેટ અમોલી ।
કુંભનદાસ લાલ ગિરિધર સોં મિલ અંતરપટ ખોલી ।।૨।।

છાકનાં પદ (રાગ-મલ્હાર)

મોહન જેંવત છાક સલોની ।
સખન સહિત હુલસે દોઉ ભૈયા ઝપટત કરતે દોની ॥૧॥
આછે આછે ફલ લે ચાખત ચાટત હરિકી કોની ।
પરમાનંદ પ્રભુ કહત સખન સોં પહિલે કર લેહુ પોની ॥૨॥

રાજભોગ (રાગ-મલ્હાર)

ગોવર્ધન પર્વત કે ઉપર પરમ મુદિત બોલત હે મોર ।
અતિ આવેશ હોત સબહી કે મન, ઠાંય ઠાંય નાચત મોર,
ધ્વનિ સુન મુરલી કી મંદસ્વર કલઘોર ॥૧॥
શ્રીઅંગ જલદ ઘટા સુહાઈ વસન દામિની
ઈન્દ્રવધુ વનમાલ મોતિનહાર ઝલક ડોર ।
કુંભનદાસ પ્રભુ પ્રેમ નીર બરખત નિત નિરંતર અંતર
ગિરિવરધરનલાલ નવલ નંદકિશોર ॥૨॥

(શ્રીનાથજીના મંદિરમાં રથયાત્રાનાં કીર્તન થતા નથી પરંતુ અન્ય મંદિરોમાં અને વૈષ્ણવોના ઘેર રથયાત્રાનાં કીર્તન થાય છે. તેથી બે કીર્તન લખ્યાં છે.)

રથયાત્રા (રાગ-મલ્હાર)

તુમ દેખો માઈ હરિજૂ કે રથકી શોભા ।
પ્રાત સમય માનો ઉદિત ભયો રવિ નિરખ નયન અતિ લોભા ॥૧॥
મણિમય જટિત સાજ સરસ સબ ધ્વજા ચમર ચિત્ત ચોભા ।
મદનમોહન પિય મધ્ય બિરાજત મનસિજ મનકે છોભા ॥૨॥
ચલત તુરંગ ચંચલ ભૂ ઉપર કહા કહું યહ ઓભા ।
આનંદ સિંધુ માનો મકર ક્રીડત મગ્નમુદિત ચિત્ત ચોભા ॥૩॥
યહ વિધ બનિ વ્રજ વીથન મહીંયા દેત સકલ આનંદ ।
ગોવિંદ પ્રભુ પિય સદા વસો જિય વૃંદાવન કે ચંદ ॥૪॥

રથાયાત્રા (રાગ-મલ્હાર)

આજ માઈ રથ બૈઠે ગિરિધારી ।
વામભાગ વૃષભાનનંદિની પહિરેં કસુંભી સારી ॥૧॥
તૈસોઈ ઘન ઉનયો ચહૂં દિશતેં ગરજત હૈ અતિ ભારી ।
તૈસેઈ દાદૂર મોર કરત રટ તૈસી ભૂમિ હરિયારી ॥૨॥
શીતલમંદ વહત મલયાનિલ લાગત હૈ સુખકારી ।
નંદનંદનકી યા છબિ ઉપર **ગોવિંદ** જન બલિહારી ॥૩॥

શયન (રાગ-અડાનો)

સુંદર બદનરી સુખ સદન શ્યામ કો નિરખ નૈન મન થાક્યો ।
હોં ઠાડી વિથન વ્હૈ નિકસ્યો ઉઝકિ ઝરોખા ઝાંક્યો ॥૧॥
લાલન એક ચતુરાઈ કીની ગેંદ ઉછાર ગગન મિસ તાક્યો ।
બેરિન ભઈ લાજ માઈરી મોકો મેં ગંવાર મુખ ઢાંક્યો ॥૨॥
ચિતબનમે કછુ કર ગયો મોતન ચઢ્યો રહત ચિત ચાક્યો ।
સૂરદાસ પ્રભુ સર્વસ્વ લેકેં હસત હસત રથ હાંક્યો ॥૩॥

વ્રજ : શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા **હિંડોળા પ્રારંભ** ગુજરાતી : અષાઢ વદ એકમ

રાજભોગ (રાગ-મલ્હાર)

સખીરી સાવન દૂલ્હે આયો ।
ચાર માસ કે લગ્ન લિખાયે, બદરન અંબર છાયો ॥૧॥
બિજુરી ચમકે બગુવા બરાતી કોયલ શબ્દ સુનાયો ।
દાદુર મોર પપૈયા બોલે ઈન્દ્ર નિશાન બજાયો ॥૨॥
હરી હરી ભૂમિ પર ઈન્દ્રવધૂ સી રંગ બિછોના બિછાયો ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો સખિયન મંગલ ગાયો ॥૩॥

શયન (રાગ-મલ્હાર)

સોહત વન આયોરી સાવન હરિયારો ।
હરિત ભૂમિ પર ઈંદ્રવધુસી રાધિકા સબ સખિયન સંગ લીને પહેરે કસુંભી સારી કંચન તન ॥૧॥
રંગભર સુરંગ હિંડોરે ઝુલત નવનાગરી નાગર માનો રંગરવે ચલ્યો હે એડી અંગુરિન ।
સૂરદાસ મદનમોહન પિયકે ગુણગાવત યે સુખ અતિ આનંદ મગન મન ॥૨॥

હિડોંળા અધિવાસન (રાગ-ધનાશ્રી)

રોપ્યો હિંડોરો નંદગૃહ મુહૂરત શુભ ઘરી દેખ ।
વિશ્વકર્મા રચિ પચિ ગઢ્યો સુહાતક રત્ન વિશેખ ॥
હિંડોરનાહો રોપ્યો નંદ અવાસ, હિંડોરનાહો મણિમય ભૂમિ સુવાસ ।
હિંડોરનાહો વિશ્વકર્મા સૂત્રધાર, હિંડોરનાહો કંચન ખંભ સુઢાર ॥
છંદ : કંચન ખંભ સુઢાર ડાંડી સાલ ભમરા ફબિ રહે ।
હીરા પિરોજા કનક મણિમય જોતિ અતિ જગમગ રહે ।
ચિત્ર ફટિક પ્રકાશ ચહૂં દિશ કહા કહૂં નિરમોલના
કહેં **કૃષ્ણદાસ** વિલાસ નિશદિન નંદભવન હિંડોરના ॥૧॥

સાખી : સોલ સહસ્ર વ્રજસુંદરી નિરખત શ્યામ સુભાય ।
અતિ આનંદે હુલસકેં યુવજન હિલમિલ ગાય ।
હિંડોરનાહો યુવજન હિલમિલ ગાય, હિંડોરનાહો આનંદ ઉર ન સમાય ।
હિંડોરનાહો નિરખત નયન નિહાર હિંડોરનાહો સોલ સહસ્ર બ્રજનાર ।
છંદ : સોલ્હ સહસ્ર સબ જુરકેં આઈ ફિર ન ઉલટી ભવન ગઈ ।
નવનેહ નયન કુરંગી રાચી અચ્યુત તનમનમય ભઈ ।
પીત લેહેંગા લાલ ચુનરિ શ્યામ કંચુકી બાંય ।
કહેં **કૃષ્ણદાસ** વિલાસ નિશદિન યુવજન હિલમિલ ગાય ॥૨॥
સાખી : રૂનક ઝુનક નૂપુર બજે કિંકિણિ ક્વણિત રસાલ ।
પરમ ચતુર બનવારી હેં ઝુલવત સુંદર નાર ।
હિંડોરનાહો ઝુલવત સુંદર નાર, હિંડોરનાહો પરમ ચતુર બનવાર ।
હિંડોરનાહો રમકન ઝમક વિશાલ, હિંડોરનાહો કિંકિણી ક્વણિત રસાલ ।
છંદ : ક્વણિત કિંકિણિ રૂણત નૂપુર જટિત તરોના સોહહી ।
ઉર ઉડત અંચલ મદન વેરખ દેખ ગિરિધર મોહહી ।
ખસિત ફૂલ જો સિથિલ વેની ગુપ્ત પ્રકટ વિહાર ।
કહેં **કૃષ્ણદાસ** વિલાસ નિશદિન ઝુલવત સુંદર નાર ॥૩॥
સાખી : ગાવત સુઘર રસભેંદસો તાન માન બંધાન ।
રીઝી દેત વૃષભાનુજા હરિગુણ સકલ નિધાન ।
હિંડોરનાહો હરિગુણ સકલ નિધાન, હિંડોરનાહો શ્રીરાધાજૂ પરમ સુજાન ।
હિંડોરનાહો ગાવત સુઘર સમાજ, હિંડોરનાહો મુરલિ મધુર ધુનિબાજ ।
છંદ : તાલ મુરલી બીન બાજે લાલ ગિરિધર ગાવહીં ।
હરખ સુરપતિ કુસુમ વરખે નભ નિશાન બજાવહીં ।

જનમાષ્ટમીની વધાઈ બેસે ગુજરાતી : અષાઢ વદ આઠમ

વ્રજ : શ્રાવણ કૃષ્ણ અષ્ટમી

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગનિત ગુની,
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની (૧)
સુનિ ધાઈં સબે વ્રજનારી, સહજ સિંગાર કિયે, તન પહરે નૌતન ચીર, કાજર નૈન દિયેં,
કસિ કંચુકી તિલક લિલાટ, શોભિત હાર હિયેં, કર કંકણ કંચન થાર, મંગલ સાજ લિયેં (૨)
વે અપને અપને મેલ, નિકસીં ભાંતિ ભલીં, માનો લાલ મુનિનકી પાંતિ, પિંજરન ચૂર ચલી,
વે ગાવેં મંગલગીત મિલી દશ પાંચ અલીં, માનો ભોર ભયો રવિ દેખિ, ફૂલી કમલ કલી (૩)

ઉર અંચલ ઉડત ન જાન્યો, સારી સુરંગ સુહીં, મુખ માંડ્યો રોરી રંગ, સેંદુર માંગ છુહી,
શ્રમ શ્રવનન તરલ તરોના, વેની શિથિલ ગુહી, શિર બરખત કુસુમ સુકેશ, માનો મેઘ ફુહી (૪)
પીય પહલેં પોહોંચીં જાય, અતિ આનંદ ભરી, લઈ ભીતર ભવન બુલાય, સબ શિશુ પાય પરી,
એક વદન ઉઘારી નિહારત, દેત અસીસ ખરી, ચિરજીયો યશોદાનંદ, પૂરન કામ કરી (૫)
ધન્ય ધન્ય દિવસ ધન્ય રાત્ર, ધન્ય યહ પહર ઘરી, ધન્ય ધન્ય મહરિજૂકી કૂખ, ભાગિ સુહાગ ભરી,
જિન જાયો ઐસો પૂત સબ સુખ ફલન ફરી, થિર થાપ્યો સબ પરિવાર મનકી શૂલ હરી (૬)
સુનિ ગ્વાલન ગાય, બહોરિ બાલક બોલિ લિયે, ગુહિ ગુંજા ઘસિ વન ધાતુ, અંગ અંગ ચિત્ર ઠયે,
શિર દધિ માખનકે માંટ, ગાવત ગીત નયે, સંગ ઝાંઝ મૃદંગ બજાવત, સબ નંદભવન ગયે (૭)
એક નાચત કરત કુલાહલ, છિરકત હરદ દહીં, માનોં બરખત ભાદોમાસ, નદી ધૃત દૂધ બહીં,
જાકો જહીં જહીં ચિત જાય કૌતિક તહીં તહીં, રસ આનંદ મગન ગુવાલ, કાહૂ બદત નહીં (૮)
એક ધાય નંદજૂપે જાય, પુનિ પુનિ પાય પરે, એક આપ આપુહિ માંઝ, હંસિ હંસિ અંક ભરે,
એક અંબર સબહી ઉતારિ દેત નિશંક ખરેં, એક દધિરોચન ઔર દૂબ, સબનકે શીશ ધરે (૯)
તબ નંદ ન્હાય ભયે ઠાડે, અરુ કુશ હાથ ધરે, નાંદીમુખ પિતર પુજાય અંતર સોચ હરેં,
ઘસિ ચંદન ચારુ મંગાય, વિપ્રન તિલક કરે, વર ગુરુ જન દ્વિજન પહરાય, સબનકે પાંય પરે (૧૦)
ગન ગૈયા ગિની ન જાય, તરુન સુવચ્છ બઢી, નિત ચરેં યમુનાજૂકે, કાછ દૂને દૂધ ચઢી,
ખુર રુપે તાંબે પીઠ, સોને સીંગ મઢી, તે દીની દ્વિજન અનેક, હરખિ અસીસ પઢી (૧૧)
તબ અપને મિત્ર સુબંધુ, હંસિ હંસિ બોલિ લીયે, મથિ મૃગમદ મલય કપૂર, માથેં તિલક કીયે
ઉર મણિમાલા પહરાય, વસન વિચિત્ર દીયે, માનો વરષત માસ અષાઢ દાદુર મોર જીયે (૧૨)
વર બંદી માગધ સૂત, આંગન ભરન ભરે, તે બોલે લે લે નામ, હિત કોઉ ના બિસરે,
જિન જો જાચ્યો સો દીનો, રસ નંદરાય ઢરે, અતિ દાન માન પરધાન, પૂરન કામ કરે (૧૩)
તબ રોહિની અંબર મગાય, સારી સુરંગ ઘની, તે દીન વધૂન બુલાય, જૈસી જાય બની,
વે અતિ આનંદિત બહોરિ, નિજ ગૃહ ગોપ ધની, મિલિ નિકસી દેત અસીસ, રુચિ અપુની અપુની (૧૪)
તબ ઘરઘર ભેરિ મૃદંગ, પટહ નિસાન બજે, વર બાંધી બંદનમાલ અરુ ધ્વજ કલશ સજે,
તબ તા દિનતેં વે લોગ, સુખસંપત્તિ ન તજે, સુનિ **સૂર** સબનકી યહ ગતિ જે હરિ ચરન ભજે (૧૫)

વ્રજ : જ્યેષ્ઠ શુક્લ દશમી

ગંગાદશમી

ગુજરાતી : જેઠ સુદ દશમ



વ્રજ : જ્યેષ્ઠ શુક્લ પૂર્ણિમા

સ્નાનયાત્રા

ગુજરાતી : જેઠ સુદ પૂનમ







પરિશિષ્ટ : ૨

વ્રજ : આષાઢ શુક્લ દ્વિતીયા

રથયાત્રા

ગુજરાતી : અષાઢ સુદ બીજ



વ્રજ : આષાઢ શુક્લ ષષ્ઠી

કસૂંબાછઠ

ગુજરાતી : અષાઢ સુદ છઠ



વ્રજ : શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા **હિંડોળા પ્રારંભ** ગુજરાતી : અષાઢ વદ એકમ



પ્રતિભાવો : નિકુંજનાયક શ્રીનાથજી - એક ઝાંખી : ગ્રંથ-૧ : ચૈત્ર-વૈશાખ

૧. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ)

સૌજન્યસ્પદ મુ. વસંતબહેન

કુશલ, પ્રસન્ન હશો.

આપે મોકલાવેલ 'નિકુંજનાયક શ્રીનાથજી-એક ઝાંખી' ગ્રંથ મળ્યો. આવા સુંદર પ્રકાશન માટે આપને તથા ચિ.સૌ. રેખાને ખૂબ ધન્યવાદ. વિશેષ પ્રકાશનો માટે મંગલકામના.

૨. શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાજી (અમદાવાદ)

શ્રીવલ્લભના કૃપાપાત્ર શ્રી વસંતબહેન,

આપના તરફથી મોકલાયેલો 'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ-૧ મળ્યો. ખૂબ જ સુંદર અને ઉપયોગી તેમજ પુષ્ટિમાર્ગની પ્રાચીન પરિપાટીની સંસ્કૃતિ અને સેવાની રીત જાળવી રાખે તેવા ગ્રંથનું પ્રકાશન થયું છે. ગ્રંથ જોતાં થયું : 'ન ભૂતો ન ભવિષ્યતિ.' તેથી જ ગ્રંથનું સંકલન - સંપાદન કરનાર, ચિત્ર સંકલનકાર અને પ્રકાશકને લાખ લાખ ધન્યવાદ આપવાની, દંડવત કરવાની ઈચ્છા થઈ જાય છે. આ પ્રકારનો ગ્રંથ પ્રકાશિત કરવાની સૌ. રેખાબેનની ઈચ્છા પરિપૂર્ણ થઈ. પ્રભુ કેવા દયાળુ છે!

૩. શ્રી રમેશભાઈ સંઘવી (ભાવનગર)

માનનીય સંપાદક શ્રી,

સાદર જયશ્રીકૃષ્ણ.

જે ગ્રંથની હું અનિમેષ નયને રાહ જોતો હતો તે 'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ-૧ની પ્રાપ્તિ થતાં અવર્ણનીય આનંદની અનુભૂતિ થઈ. તેનું વાચન કરતાં જે જાણકારી પ્રાપ્ત થાય છે તે અદ્‌ભુત છે. ખરેખર નવી ઊગતી પેઢી માટે આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. પુષ્ટિમાર્ગનું પાયાનું જ્ઞાન - સેવાની રીતનું જ્ઞાન આપવા બીજે ક્યાંયથી કોઈ પ્રયત્ન થતા નથી ત્યારે આ ગ્રંથ બાળકો-યુવાનો-પ્રૌઢોને પણ સેવા-શૃંગાર વિશે સમજણ આપવાનું કાર્ય કરશે.

આ ગ્રંથ અમૂલ્ય છે. ઘરેણાં શરીરની શોભા માટે છે. પણ આ ગ્રંથનું મૂલ્ય સુવર્ણનાં ઘરેણાં કરતાં પણ અનેકગણું છે અને તે ઘરની શોભારૂપ છે.

આપ સર્વેએ આ ગ્રંથ માટે ભારે જહેમત ઊઠાવીને, પ.ભ. શ્રી રમેશભાઈનું સ્વપ્ન સાકાર કરીને સાચી રીતે તેમને શ્રદ્ધાંજલિ આપી છે. આ ગ્રંથના પ્રકાશનકાર્યમાં ગ્રંથના સંપાદક, સંકલનકાર, ચિત્રકાર તેમજ નામી-અનામી સૌએ સહકાર આપી, શ્રીમતી રેખાબેન રાજપોપટના કાર્યને વૈષ્ણવો સુધી પહોંચાડી, સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિની સાચા અર્થમાં સેવા કરી છે. સૌને ધન્યવાદ અને બાકીના ગ્રંથો માટે શુભકામના પાઠવું છું.

ખરેખર, આ સમયમાં આવા ગ્રંથોનું પ્રકાશન કરવું ખૂબ કઠિન કાર્ય છે. પરંતુ શ્રીજીબાવા આવા ઉમદા કાર્ય માટે હંમેશા સહાય કરે જ છે.

હવે પછીના ગ્રંથોમાંથી સંપ્રદાય વિશેની સવિશેષ માહિતી અને ઉત્સવોની માહિતી પ્રાપ્ત થશે તેથી ઘણો આનંદ થશે.

અમે સર્વ કુટુંબીજનો આ ગ્રંથનો પૂર્ણપણે ઉપયોગ કરી, પુષ્ટિમાર્ગીય સેવાનો વિશેષ આનંદ અને અલૌકિક રસ માણીશું. સેવા યોગ્ય રીતે કર્યાનો સંતોષ મેળવીશું.

૪. શ્રી વલ્લભદાસ પી. પરીખ (ખંભાત)

નિકુંજનાયક ગ્રંથશ્રેણીના સંપાદક શ્રી રેખાબેન તથા શ્રીહરસાનીજી ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓને જયશ્રીકૃષ્ણ.

આપના અસીમ પરિશ્રમ અને ખંતથી પ્રકાશિત થયેલ 'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ-૧ મળતાં ખૂબ જ આનંદ થયો. ખૂબ ખૂબ આનંદિત કરનાર, ભક્તિભાવ વધારનાર, લાડીલા પ્રભુ શ્રીગોવર્ધનધરનાં સતત દર્શન કરાવનાર, કીર્તનો, શ્રીયમુનાજીનાં પદો, વધાઈઓ, મૂળ પુરુષ વગેરે સામગ્રીથી સમૃદ્ધ આ ગ્રંથ મળતાં જીવનની ધન્યતા અનુભવી. જીવનનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ મેળવતાં શ્રીઠાકોરજીની અનહદ કૃપા મારા ઉપર ઉતરી હોય તેવી લાગણી અનુભવી. હવે આ ગ્રંથ શ્રેણીના બીજા ૫ ગ્રંથો આપ લોકોના કઠિન પરિશ્રમથી અને શ્રીજીબાવાની મહદ્ કૃપાથી મળશે ત્યારે તેમાં કેવી અનવવી સામગ્રી હશે એ વિચાર અને કલ્પનાથી મારું મન ઝૂમી ઊઠે છે. એક નિર્ધન દરિદ્રને જાણે અબજો રૂપિયાની મૂડી મળી ગઈ હોય તેવો આધ્યાત્મિક ખજાનો આપ સૌએ અમને આપી દીધો છે. સૌને મારા લાખો, કરોડો, અબજો ધન્યવાદ-અભિનંદન. શ્રીઠાકોરજી આપ સૌને આવી સેવાના અવસર આપે એજ પ્રાર્થના.

૫. શ્રી ચંદ્રકાન્ત પી. પરીખ (આણંદ)

શ્રીજીના કૃપાપાત્ર શ્રીવસંતબહેન,
સાદર જયશ્રીકૃષ્ણ.

નિકુંજનાયક શ્રીનાથજી સચિત્ર ગ્રંથ મળ્યો. શ્રીનાથજીબાવાની અવર્ણનીય સ્વરૂપશોભા અને શૃંગારાદિ વૈભવની ઝાંખી થઈ, જે ખરેખર આહ્‌લાદક છે.

સૌ. રેખાબેને પ્રભુ પ્રેરણાથી, ખૂબ શ્રમ લઈ, વર્ષોની જહેમતે તૈયાર કરેલો આ ગ્રંથ, શ્રીહરસાનીજી પ.ચે. ટ્રસ્ટે પ્રકાશિત કરી વૈષ્ણવોને રોજે રોજની વિવિધ સમાની દુર્લભ ઝાંખી કરાવવા પ્રભુચરણોમાં સમર્પિત કર્યો તે માટે શ્રીમતી રેખાબહેન, શ્રીમતી વસંતબહેન તથા પ્રકાશક ટ્રસ્ટને ખૂબ ખૂબ ધન્યવાદ.

૬. શ્રી એ. કે. પુરોહિત (જૂનાગઢ)

માનનીય ટ્રસ્ટીશ્રી - શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ,

આપશ્રી તરફથી મોકલાયેલો નિકુંજનાયક શ્રીનાથજી ગ્રંથ-૧ આજ રોજ મળ્યો. જે ચીવટથી આપે આ ગ્રંથ મોકલ્યો છે તે માટે આપ સૌ ધન્યવાદને પાત્ર છો.

આ ગ્રંથના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. શ્રીગોવર્ધનધર પ્રભુનાં નિત્યનાં મંગલા અને રાજભોગનાં દર્શન સંપૂર્ણ વિગતો સાથે આપશ્રીએ અમને કરાવ્યાં છે. અમારે તો જાણે ઘેર બેઠાં ગંગા આવી છે. અમે ગૃહસ્થી લોકો શ્રીજીબાવાના ધામમાં કાયમી નિવાસ કરી રોજ રોજનાં દર્શનનો લાભ તો લઈ શકીએ નહિ. જ્યારે ત્યાં જવાનું થાય ત્યારે પણ આટલી ઝીણવટ પૂર્વક દર્શનનો લાભ પ્રાપ્ત ન થાય. દર્શનમાં ભારે ભીડ હોય એટલે અલપ ઝલપ ઝાંખી થાય. ઉત્સવના દિવસોએ તો અસહ્ય ભીડ હોય એટલે માંડ દર્શન થાય. આ ગ્રંથના ઉપયોગથી બારીકાઈથી દર્શન થશે અને વસ્ત્ર શૃંગારની સમજ પણ મળશે.

આવા ઉપયોગી ગ્રંથના પ્રકાશન માટે આપશ્રી તેમજ ગ્રંથના રચયિતા વગેરે સૌ કોઈ અમારા આદર અને ધન્યવાદને પાત્ર છો. આપની સંસ્થા વૈષ્ણવો માટે ખરેખર સુંદર કાર્ય કરે છે.



ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણ સાધનમ્

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે શાસ્ત્રો સરખી રીતે સમજીને મન, વાણી, દેહ વડે શ્રીકૃષ્ણની સેવા કરવી. આધુનિક પુષ્ટિભક્તિમાર્ગીય સ્વસેવકો માટે શ્રીમહાપ્રભુજીએ આ મંગલ જીવનદર્શન દીધું છે.

પુષ્ટિજીવના સેવ્ય શ્રીપ્રભુ સ્વકીય સંબંધે ભક્તના ઘરમાં બિરાજે છે. આ સંબંધ ચાર પ્રકારનો ગણાય છે. દાસ્ય, વાત્સલ્ય, સખ્ય, માધુર્ય. આ ચારમાંથી કોઈ એક સંવેદન ભગવાન ભક્તના હૃદયમાં જગાડે છે. ભક્તે ભગવાન સાથેનો સંબંધ સામાન્યતઃ ‘હું દાસ છું’ એવી ભાવનાથી શરૂ કરવાનો. પછી તો પ્રભુ જે ભાવ પ્રદાન કરે તે સ્વીકારી લેવાનો.

ભગવાન સાથેનો ભક્તનો સંબંધ શરીરનો નથી, અંતઃકરણનો છે. શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કેઃ ‘પતિ, પત્ની, પુત્રાદિ તો એકાદ જન્મનાં શરીરનાં સંબંધીઓ છે. સર્વ દુઃખ હરનારા હરિ તો જન્મોજન્મના અંતઃકરણના સંબંધી છે. જ્યાં સુધી અંતઃકરણ હરિને અનુકૂળ રહે છે ત્યાં સુધી ભગવાનના આનંદનો અનુભવ અંદર અને બહાર બધે થાય છે. નહિ તો પ્રભુ સન્મુખ બિરાજતા હોવા છતાં આનંદનો અનુભવ થતો નથી.’

આ અંતઃકરણના સંબંધી ભગવાન સ્વામી, પુત્ર, મિત્ર કે પ્રિયના સ્વરૂપે પુષ્ટિજીવના ઘરમાં બિરાજે છે. સ્વજન રૂપે બિરાજે છે. તે પુષ્ટિજીવના વૈભવ, વિલાસ, ભોગ, રાગ, આભૂષણ, વસ્ત્ર માટે પધાર્યા નથી. આ બધું તો તેમને વૈકુંઠમાં પણ સહજ સુલભ છે. એ તો પ્રેમાળ ભક્તોની સ્વકીયતાથી સઘળું સ્વીકારે છે. સ્નેહની સ્વાભાવિકતાથી ભક્ત પ્રભુને માટે, પ્રભુના સુખ માટે, પોતાના પ્રભુ સુંદર લાગે તે માટે જે કંઈ વસ્ત્ર, આભૂષણ, સામગ્રી વગેરે અંગીકાર કરાવે છે તે પ્રભુ સ્વીકારે છે. સ્નેહની સ્વાભાવિકતાથી થાય તે સેવા છે. સ્નેહથી થતી સેવા એ પુષ્ટિમાર્ગનો પ્રાણ છે.

પ્રભુને માટે બધા સુખોપચારો કર્યા પછી પણ હું સેવા કરું છું, બીજાથી ઉત્તમ છું, એવા વિચારે અહંકાર ન કરવો. મારાથી પ્રભુ સુખાર્થે યથાયોગ્ય કંઈ બનતું નથી તેવા વિચારથી સંતાપ, દીનતા રહે તો તેનાથી પ્રભુ સંતુષ્ટ થાય છે.

ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણ સાધનમ્.

■ રેખાબેન રાજપોપટ